# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 33.00 | 27.00 |
| વડોદરા | 33.00 | 27.00 |
| સુરત | 31.00 | 27.00 |

પેજ 10



ઈલોન મસ્કની સંપત્તિમાં ઘટાડો, સ્પેસએક્સ અને ટેસ્લાના....

**03** AUGUST-2026 MONDAY

ભારતમાં ડ્રગ્સ સપ્લાય આતંકવાદી ષડયંત્રનો ભાગ....



પેજ 11

વર્ષ-15 । અંક-260 । વિક્રમ સંવત-2082 । અષાઢ વદ - 05 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક




# AAP પ્રદેશ સંગઠન મંત્રી નિરંજન વસાવાએ તિલકવાડા તાલુકામાં અતિશય વરસાદથી અસરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી

અમદાવાદ | આજરોજ આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અને જિલ્લા પ્રમુખ નિરંજનભાઈ વસાવા, સામાજિક કાર્યકર્તા અનિરુદ્ધસિંહ વસાવા, જિલ્લા અને તાલુકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને કાર્યકર્તાઓએ નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકામાં સુરજીપુરા, અગર, લીંબડીયા ગામમાં અતિભારે વરસાદથી અસરગ્રસ્ત લોકોની મુલાકાત લીધી, તેમજ મુલાકાત દરમિયાન અસરગ્રસ્ત પરિવારોને મળી તેમની સ્થિતિની માહિતી મેળવી, નુકસાનનું નિરીક્ષણ કર્યું અને તેમની સમસ્યાઓ સાંભળી. આ સાથે જ નિરંજન વસાવાએ માંગ કરી હતી કે, આમ આદમી પાર્ટી સરકાર અને વહીવટી તંત્ર સમક્ષ માંગ કરે છે કે અસરગ્રસ્ત તમામ પરિવારોને તાત્કાલિક રાહત, યોગ્ય વળતર અને જરૂરી સહાય ઉપલબ્ધ કરાવવામાં આવે.આ દરમિયાન આમ આદમી પાર્ટીના નેતા નિરંજન વસાવાએ એક શાળાની મુલાકાત લીધી હતી અને પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, હાલ અમે જ્યાં ઊભા છીએ એ તિલકવાડા તાલુકાનું સુરજીપુરા ગામ છે અને અહીંયા અતિશય વરસાદ થવાના કારણે ૧૫ જેટલા ઘરોમાં પાણી ઘૂસી ગયું અને ઘરવખરીમાં ખૂબ જ મોટું નુકસાન થયું છે. સાથે સાથે સુરજીપુરાની પ્રાથમિક શાળા પણ પાણીની અંદર ડૂબી

**નિરંજન વસાવાની માંગ, "સરકાર દ્વારા અસરગ્રસ્ત તમામ પરિવારોને તાત્કાલિક યોગ્ય વળતર અને જરૂરી સહાય ઉપલબ્ધ કરાવવામાં આવે"**

ગઈ હતી. દર વર્ષે આ સમસ્યા રહે છે. શાળામાં ૧ થી ૫ ધોરણના બાળકો ભણે છે અને ફક્ત એક જ શિક્ષકથી આ શાળા



ચાલે છે. ૩૦ વર્ષથી ગુજરાતમાં ભાજપની સરકાર છે અને ડબલ એન્જિનના નારા લગાવવામાં આવે છે પરંતુ અહીંયા દીવા તળે અંધારું જેવી પરિસ્થિતિ છે. અમારા આદિવાસી સમાજના આ નાના નાના ભૂલકાઓ ખૂબ જ ખરાબ પરિસ્થિતિમાં ભણે છે. અહીંયા શાળામાં વરસાદના કારણે એટલું કાદવ કિચડ થઈ ગયું છે કે પેવર બ્લોક પણ દેખાતા નથી.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા નિરંજન વસાવાએ જણાવ્યું હતું કે, મારે પ્રશાસનને પણ કહેવું છે કે આ પ્રાથમિક શાળા ખૂબ જ નીચાણવાળી જગ્યામાં આપવામાં આવી છે તો અમારી માંગ છે કે ઘણી એવી જગ્યા છે જે થોડી ઊંચાઈ પર છે તો ત્યાં બાંધકામ કરી આપવામાં આવે કારણ કે અહીંયાનું જે બાંધકામ છે એ ખૂબ જ જુના જમાનાનું પણ છે. આ બાળકો પણ કહી રહ્યા છે કે ફક્ત એક જ શિક્ષક છે તો આવી પરિસ્થિતિમાં આ બાળકોનો શું વાંક? સરકાર આ બાળકોને ભવિષ્ય સાથે ચેડાં કરી રહી છે. વધુમાં વધુ શિક્ષકોની ભરતી કરીને ટ્રાયબલ વિસ્તારોમાં શિક્ષકો મૂકવામાં આવે અને શાળાઓની પરિસ્થિતિ સુધારવામાં આવે એવી અમારી માંગ છે.

### તમામ સંગઠન બૂથ સ્તર સુધી પાર્ટીને મજબૂત બનાવવા તૈયાર

# AAPની 2027ની તૈયારી તેજ : ફ્રન્ટલ સંગઠનોની મજબૂત રણનીતિ બનાવવા યોજાઈ બેઠક

**AAP ફ્રન્ટલ સંગઠન પ્રદેશ અધ્યક્ષ અને કિસાન મોરચા પ્રમુખ પ્રવીણ રામ, મહિલા મોરચા પ્રમુખ પાયલ સાકરીયા, યુવા મોરચા પ્રમુખ બ્રિજરાજ સોલંકી, સોશિયલ મીડિયા પ્રમુખ યોગેશ જાદવાણી, લીગલ સેલ પ્રમુખ પ્રણવ ઠક્કર, છાત્ર વિંગ પ્રમુખ ધાર્મિક માથુકીયાએ બેઠકમાં આપ્યા હાજરી : પ્રદેશ નેતૃત્વએ વિધાનસભાથી લઈને બૂથ લેવલ સુધી તમામ ફ્રન્ટલને મજબૂત કરવા આપ્યા દિશા નિર્દેશ**

અમદાવાદ |આમ આદમી પાર્ટી દ્વારા 2027ની ગુજરાત વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને પાર્ટીના વિવિધ ફ્રન્ટલ સંગઠનોને વધુ મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠક આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રભારી ગોપાલ રાય અને ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીની આગેવાનીમાં યોજાઈ હતી.

આ બેઠકમાં ફ્રન્ટલ સંગઠનના પ્રદેશ અધ્યક્ષ અને કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ, મહિલા મોરચાના પ્રદેશ પ્રમુખ પાયલ સાકરીયા, યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ બ્રિજરાજ સોલંકી, સોશિયલ મીડિયા વિભાગના પ્રદેશ પ્રમુખ યોગેશ જાદવાણી, લીગલ સેલના પ્રદેશ પ્રમુખ પ્રણવ ઠક્કર તથા છાત્ર વિંગના પ્રદેશ પ્રમુખ ધાર્મિક માથુકીયા સહિત વિવિધ ફ્રન્ટલ સંગઠનોના પ્રદેશ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.




બેઠક દરમિયાન પ્રદેશ પ્રભારી ગોપાલ રાય અને પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ તમામ ફ્રન્ટલ સંગઠનોને વિધાનસભા સ્તરથી લઈને બૂથ સ્તર સુધી સંગઠનને વધુ સશક્ત બનાવવા માટે જરૂરી માર્ગદર્શન અને દિશા-નિર્દેશ આપ્યા હતા. સંગઠન વિસ્તાર, નવા કાર્યકરોને જોડવા, લોકો સુધી પાર્ટીની વિચારધારા પહોંચાડવા અને વિવિધ વર્ગો વચ્ચે પાર્ટીની હાજરી મજબૂત કરવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં મહિલા વિંગ, કિસાન મોરચા, યુવા વિંગ, સોશિયલ મીડિયા વિંગ, છાત્ર વિંગ અને લીગલ વિંગના પ્રદેશ પ્રમુખો તેમજ પદાધિકારીઓએ પોતાના સંગઠનની આગામી યોજના રજૂ કરી હતી અને સંગઠનને વધુ સક્રિય બનાવવાના આયોજન અંગે ચર્ચા કરી હતી. બેઠકના અંતે તમામ ફ્રન્ટલ સંગઠનોએ એકમતથી સંકલ્પ વ્યક્ત કર્યો કે તેઓ બૂથ સ્તર સુધી સંગઠનને વધુ મજબૂત બનાવીને દરેક ગામ, શહેર અને વોર્ડ સુધી આમ આદમી પાર્ટીની પહોંચ વધારશે તથા 2027ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને સંગઠનાત્મક કામગીરીને વધુ ગતિ આપશે.

# રહેમરાહે નોકરી મેળવનારા કર્મચારીઓ માટે મોટી રાહત

**હવે જૂની પેન્શન યોજનાનો લાભ મળશે, 3 મહિનામાં અરજી કરવાની રહેશે**

ગુજરાત | ગુજરાત સરકારે રહેમરાહે એટલે કે અનુકંપા આધારિત નિમણૂક મેળવનારા કર્મચારીઓ માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સામાન્ય વહીવટ વિભાગે તા. 1 ઓગસ્ટ, 2026ના રોજ ઠરાવ બહાર પાડી ચોક્કસ કેટેગરીના કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયથી વર્ષોથી પેન્શન અંગે રાહ જોતા કર્મચારીઓને મોટી રાહત મળશે.

સરકારના ઠરાવ મુજબ, સામાન્ય વહીવટ વિભાગના તા. 15 જૂન, 2004ના ઠરાવ હેઠળ 15 જૂન, 2004થી 31 માર્ચ, 2005 દરમિયાન એટલે કે 1 એપ્રિલ, 2005 પહેલાં રહેમરાહે નિમણૂક પામેલા કર્મચારીઓ જૂની પેન્શન યોજનાના લાભ માટે પાત્ર ગણાશે.

આ ઉપરાંત, 1 એપ્રિલ, 2005 પહેલાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ અથવા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રહેમરાહે નિમણૂક માટે ફાળવણી/ભલામણ કરવામાં આવી હોય, પરંતુ વાસ્તવિક નિમણૂક 1 એપ્રિલ, 2005 પછી થઈ હોય, તેવા કર્મચારીઓને પણ આ નિર્ણયનો લાભ મળશે.

આવા કર્મચારીઓએ 1 એપ્રિલ, 2005 પછી ફિક્સ પગારનો નિયત સમયગાળો પૂર્ણ કરીને નિયમિત નિમણૂક મેળવી હોય, તો તેમને નાણા વિભાગના તા. 8 નવેમ્બર, 2024 અને તા. 16 એપ્રિલ, 2025ના ઠરાવ અનુસાર જૂની પેન્શન યોજનાનો લાભ આપવામાં આવશે.

સરકારે સ્પષ્ટ કર્યું છે કે આ નિર્ણય હેઠળ પાત્રતા ધરાવતા અધિકારી-કર્મચારીઓએ ઠરાવ પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રણ મહિનાની અંદર જૂની પેન્શન યોજનાનો લાભ મેળવવા અરજી કરવાની રહેશે. ત્યારબાદ નાણા વિભાગના અગાઉના બંને ઠરાવમાં દર્શાવેલી અન્ય તમામ સૂચનાઓ અને પ્રક્રિયા મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

15 જૂન, 2004થી 31 માર્ચ, 2005 દરમિયાન રહેમરાહે નિમણૂક મેળવનારા કર્મચારીઓ.

1 એપ્રિલ, 2005 પહેલાં રહેમરાહે નિમણૂક માટે ફાળવણી/ભલામણ થયેલી, પરંતુ ત્યારબાદ નિમણૂક મેળવનાર કર્મચારીઓ.

## News Brief

### લાલ દરવાજાની 612 વર્ષ જૂની જામા મસ્જિદની દીવાલ ધરાશાયી

**આર્કિયોલોજી અને મનપાના હેરિટેજ વિભાગની નિષ્ક્રિયતા સામે સંચાલકોમાં રોષ; તાત્કાલિક રિપેરિંગની માગ**

અમદાવાદ | અમદાવાદમાં સતત વરસી રહેલા વરસાદ વચ્ચે લાલ દરવાજા વિસ્તારમાં આવેલી વર્ષ 1414માં બનેલી ઐતિહાસિક અહેમદશાહ બાદશાહ (જૂની જામા) મસ્જિદની દીવાલનો એક ભાગ વહેલી સવારે ધરાશાયી થયો હતો. નશાબંધી અને આબકારી વિભાગની ઓફિસ તરફ આવેલી આ દીવાલ તૂટી પડવાથી મોટી હોનારત તો ટળી હતી, પરંતુ હેરિટેજ ઈમારતને ભારે નુકસાન થયું છે. વધુ વરસાદ પડશે તો મસ્જિદને વધુ નુકસાન થવાની ભીતિ સંચાલકોએ વ્યક્ત કરી છે.

મસ્જિદના વાઈસ પ્રેસિડેન્ટ ઈસ્માઈલભાઈએ જણાવ્યું હતું કે ઐતિહાસિક હેરિટેજ સ્થળ હોવા છતાં આર્કોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા અને મ્યુનિસિપલ કોર્પોરેશનના હેરિટેજ વિભાગ દ્વારા યોગ્ય મરામત કરવામાં આવી નથી. અગાઉ અવારનવાર લેખિત રજૂઆતો કરવા છતાં બંને વિભાગો એકબીજા પર જવાબદારી ઢોળી રહ્યા હોવાનો આક્ષેપ કરાયો છે. દીવાલનો એક તરફનો ભાગ ધરાશાયી થઈ જતાં હવે મસ્જિદના બાકીના હિસ્સા પર પણ જોખમ તોળાઈ રહ્યું છે. મસ્જિદને વધુ નુકસાનથી બચાવવા માટે તંત્ર દ્વારા તાત્કાલિક રિપેરિંગ કામગીરી શરૂ કરવામાં આવે તેવી માંગ સાથે સંચાલકો સોમવારે મ્યુનિસિપલ કોર્પોરેશનના હેરિટેજ વિભાગના અધિકારીઓને મળીને રજૂઆત કરશે.

### અમદાવાદમાં સસ્તામાંથી મોંઘો દારૂ બનાવવાનું કૌભાંડ, 4ની ધરપકડ

અમદાવાદ | અમદાવાદ શહેરમાં PCB દ્વારા એક મોટા કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. શાહપુર પોલીસ સ્ટેશનની હદમાં આવેલ હલીમની ખડકી પાસે મઢવાળાની પોળમાં એક મકાન પર રેડ પાડીને પોલીસે સસ્તી બ્રાન્ડના વિદેશી દારૂમાંથી મોંઘી બ્રાન્ડનો દારૂ બનાવવાનું કારસ્તાન પકડી પાડ્યું છે. આ 4 શખસને પોલીસે સ્થળ પરથી જ રંગેહાથ ઝડપી લીધા છે, જ્યારે આ કૌભાંડનો મુખ્ય આરોપી પોલીસને ચકમો આપીને ફરાર થઈ ગયો છે.મળતી માહિતી અનુસાર, પહેલી ઓગસ્ટના રોજ PCBની ટીમે ચોક્કસ બાતમીના આધારે શાહપુરમાં ભગવતી દવાખાના સામે આવેલા મઢવાળાની પોળના ઘર નંબર 2230માં દરોડા પાડ્યા હતા. આ મકાનમાં આરોપીઓ દ્વારા સસ્તી બ્રાન્ડના ખુલ્લા દારૂમાં વિવિધ ફ્લેવર ઉમેરીને તેને મોંઘી બ્રાન્ડની ખાલી બોટલોમાં ભરવામાં આવતો હતો. ત્યારબાદ બોટલ પર અસલ જેવા દેખાતા બ્રાન્ડેડ બૂચ અને સ્ટીકરો લગાવી, હેર ડ્રાયરની મદદથી તેને પેકિંગ કરીને બજારમાં ઊંચા ભાવે વેચવામાં આવતો હતો. પોલીસે ઘટના સ્થળેથી 4 આરોપીઓ - મંદિપ ભાવસાર (શાહપુર), કૈલાશ બોડાણા (માધુપુરા), દેવ પટેલ (શાહપુર) અને દેવાંગ જાની (શાહપુર)ની ધરપકડ કરી છે.પોલીસે દરોડા દરમિયાન સ્થળ પરથી ભારતીય બનાવટની વિદેશી દારૂની 227 શીલબંધ બોટલો તથા બે અલગ-અલગ કેરબામાં રહેલ કુલ 22 લિટર ખુલ્લો વિદેશી દારૂ કબજે કર્યો છે.

### 26.91 લાખના મુદ્દામાલ સાથે બેની ધરપકડ અને ચાર ફરાર

ગુજરાત | અમદાવાદ શહેરમાં પીસીબી દ્વારા બાતમીના આધારે શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતા દારૂના કટિંગ અને વેપલાનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. દારૂની આ હેરાફેરી લક્ઝરી બસ અને ટેમ્પા મારફતે કરવામાં આવી રહી હતી. પીસીબીની ટીમે દરોડો પાડીને વિદેશી દારૂના જથ્થા સાથે બે આરોપીઓને રંગેહાથ ઝડપી લીધા છે, જ્યારે અન્ય ચાર શખસો ફરાર થઈ ગયા છે. પોલીસે સ્થળ પરથી વાહનો અને દારૂ સહિત કુલ 26.91 લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

મળતી માહિતી અનુસાર, શહેરકોટડાના ડી કોલોની રોડ પર મારુતિ ટ્રાવેલ્સના પાર્કિંગની બાજુમાં આવેલા પુજાલાલ નથુલાલના ખુલ્લા પ્લોટમાં લક્ઝરી બસમાંથી દારૂનો જથ્થો ઉતારવામાં આવી રહ્યો હોવાની ચોક્કસ બાતમી મળતાં પોલીસે દરોડા પાડ્યા હતા. આ દરમિયાન સ્થળ પરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની 1432 બોટલો મળી આવી હતી. દારૂના આ જથ્થા ઉપરાંત પોલીસે ઘટનાસ્થળેથી 3,350 રોકડા રૂપિયા, એક લક્ઝરી બસ, લોડિંગ ટેમ્પો, એક નંબર વગરનું બાઈક અને 1 મોબાઈલ ફોન જપ્ત કર્યો હતો. આમ, પોલીસે કુલ 26.91 લાખ રૂપિયાથી વધુ મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસે સ્થળ પરથી મોહસીન શેખ (ઉં.વ. ૩૧, રહે. વટવા, અમદાવાદ - લક્ઝરી બસ ચાલક) મકતુરામ વણઝારા (ઉં.વ. ૩૨, રહે. નારોલ, અમદાવાદ)ની ધરપકડ કરી છે. જ્યારે રેડ દરમિયાન અન્ય 4 આરોપીઓ ભાગી જવામાં સફળ રહ્યા હતા.

# બે વર્ગોની ગ્રાન્ટેડ સ્કૂલના અસ્તિત્વને ટકાવવા શિક્ષણમંત્રીને રજૂઆત કરી

અમદાવાદ | રાજ્યની બે વર્ગોની ગ્રાન્ટેડ સ્કૂલના અસ્તિત્વને ટકાવવા રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા શિક્ષણમંત્રીને રજૂઆત કરવામાં આવી છે. એક વર્ગમાં વિદ્યાર્થીઓની સરાસરી હાજરી ગ્રામ્ય વિસ્તારમાં 23 અને શહેરી વિસ્તારમાં 36 રાખવામાં આવી છે. જેથી આ નિયમના કારણે ગ્રાન્ટેડ શાળાઓ બંધ થતી હોવાથી સરાસરી હાજરીમાં ફેરફાર કરવા શિક્ષણમંત્રી પાસે માંગ કરવામાં આવી છે. તેમજ વર્ગો ઘટાડવાના નિયમમાં પણ ફેરફાર કરવામાં આવે તેવી શિક્ષણમંત્રી પાસે માંગ કરવામાં આવી છે.

માત્ર બે વર્ગ ધરાવતી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલના અસ્તિત્વ પર સંકટ ઊભું થયું છે. વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતાં વર્ગો પણ બંધ કરવાની ફરજ પડી રહી છે. જેના પરિણામે અનેક જૂની ગ્રાન્ટેડ શાળા બંધ થવાની કગાર પર પહોંચી રહી છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખી સરકારે વર્ગોની મંજૂરી અને ઘટાડા સંબંધિત નીતિમાં તાત્કાલિક સુધારો કરવો જોઈએ તેવી માંગ કરવામાં આવી છે. રાજ્ય શાળા સંચાલક મહામંડળના અધ્યક્ષ ભાસ્કર પટેલે જણાવ્યું હતું કે, બે વર્ગોની 4700 માધ્યમિક સ્કૂલ છે. બે વર્ગ એટલે ધોરણ 9 અને ધોરણ 10. આ શાળા અમારા માટે એટલા માટે વિશેષ પ્રકારની છે કે કારણ કે ગામડાઓમાં બાળક ઓછામાં ઓછું ધોરણ 10 સુધી તો અભ્યાસ કરી શકે. જેથી બે વર્ગની શાળાઓ ચાલુ રહે તે માટે શિક્ષણમંત્રીને રજૂઆત કરવામાં આવી છે. રાજ્યમાં ગ્રાન્ટેડ શાળાઓ ચાલુ રહે તેવી અમારી રજૂઆત છે. જો એકપણ ગ્રાન્ટેડ શાળા બંધ થતી હોય તો સ્થાનિક ટ્રસ્ટ અથવા સ્થાનિક મંડળ બનાવીને પણ તે શાળા ચાલુ રાખવા માટેની રાજ્ય સરકાર પ્રયાસ કરે તેવી રજૂઆત કરવામાં આવી છે.

# પત્નીને બચકા ભરી શારીરિક સંબંધ બાંધવાની કોશિશ ફોનમાં પ્રેમભર્યા મેસેજ બાદ અન્ય સ્ત્રી સાથે રંગેહાથ ઝડપાયો

અમદાવાદ | અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં રહેતી પરિણીતાએ પતિ અને સાસુ સામે શારીરિક અને માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ નોંધાવી છે. પતિના અન્ય સ્ત્રી સાથે સંબંધ હતા, જેની પત્નીને જાણ થતા પતિએ બચકા ભરીને જબરજસ્તી શારીરિક સંબંધ બાંધવા પ્રયત્ન કર્યો હતો. પત્ની સાથે અવારનવાર ઝગડો કરી પતિ અને સાસુએ ઘરમાંથી કાઢી મૂકી હતી. આ મામલે ચાંદખેડા પોલીસે પરિણીતાની ફરિયાદ નોધી વધુ તપાસ હાથ ધરી છે. ચાંદખેડામાં રહેતી 43 વર્ષીય પરિણીતાએ 2012માં કોર્ટ મેરેજ કર્યા હતા. મહિલાનો પતિ ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. ચાર વર્ષ અગાઉ મહિલા પતિના ફોનમાં અન્ય સ્ત્રી સાથેના પ્રેમભરીની વાતચીતના મેસેજ વાંચી લીધા હતા, પરંતુ તે સમયે પતિએ સાથે નોકરી કરતી હોવાનું જણાવી વાત પૂરી કરી દીધી હતી. બાદમાં પતિએ ફોનનો પાસવર્ડ બદલી નાખ્યો અને પીડિતાને ફોન આપવાનું બંધ કરી દીધું હતું. પતિ અવારનવાર ઘરે મોડો આવતો હતો, જેથી મહિલાએ મોડા આવવાનું કારણ પૂછતા ઝઘડો કરવા લાગ્યો હતો.

થોડા દિવસ અગાઉ પતિ અન્ય સ્ત્રી સાથે શાસ્ત્રીનગર ગાર્ડન પાસે ઝાડીની પાછળ ઉભો હતો. પરિણીતા અને તેના પિતા ત્યાંથી પસાર થતા બંનેને જોયા હતા. જો કે મહિલા પતિને વાત કરતા પતિએ તેણીની સાથે ઝઘડો કર્યો હતો. થોડા સમય અગાઉ પતિએ કહ્યું કે, તારે મારી સાથે રહેવું હોય તો હું કહું તેમ રહેવું પડશે.

પતિએ મહિલાને લાફા મારી બેડ પર પાડી દીધી હતી. મહિલાને બચકા ભરીને જબરજસ્તી શરીર સંબંધ બાંધવાની કોશિશ કરી હતી. મહિલાના સાસુ પણ મહિલાના પતિનો પક્ષ લઈને ઝગડો કરતા હતા. જોકે થોડા સમય અગાઉ પતિ અને સાસુએ ભેગા મળી મહિલાને ઘરમાંથી કાઢી મૂકી હતી. અંતે કંટાળીને પત્નીએ પતિ અને સાસુ વિરુદ્ધ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

### અમદાવાદમાં રીક્ષાની મુસાફરી ફરી મોંઘી થશે, CNG મોંઘો થતાં લઘુત્તમ ભાડું રૂ. 30 કરવા માગ ઊઠી


અમદાવાદ | અમદાવાદ શહેરમાં રિક્ષાની મુસાફરી ફરી એકવાર મોંઘી બનવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. અગાઉ જૂન મહિનામાં રિક્ષાભાડામાં સત્તાવાર રીતે વધારો કરાયો હતો, પરંતુ તાજેતરમાં CNG ના ભાવમાં ફરીથી 4 રૂપિયાનો વધારો ઝીંકવામાં આવતા ઓટોરિક્ષા ચાલક વેલ્ફેર એસોસિએશન દ્વારા લઘુત્તમ ભાડું 5 રૂપિયા વધારીને 30 રૂપિયા કરવાની ઉગ્ર માંગ ઉઠી છે. જો ભાડામાં વધુ વધારો થશે તો નોકરિયાત, મધ્યમ અને વિદ્યાર્થી વર્ગનું માસિક બજેટ ખોરવાઈ જશે.

અમદાવાદમાં ગત 22 જૂનના રોજ યોજાયેલી રેટ કમિટીની બેઠકમાં સત્તાવાર રીતે રિક્ષાનું લઘુત્તમ ભાડું વધારીને 25 રૂપિયા કરવામાં આવ્યું હતું. પરંતુ હવે સીએનજીના ભાવમાં 4 રૂપિયાનો સીધો વધારો થતાં જૂના ભાડામાં રિક્ષા ચલાવવી અશક્ય બની ગઈ છે. એસોસિએશને જણાવ્યું છે કે ટ્રાન્સપોર્ટ કમિશનરે દર વર્ષે રેટ રિવ્યુ કમિટી રચવાની હોય છે, પરંતુ વર્ષ 2022 પછી કમિટીની નિયમિત રચના થઈ ન હતી.

# સુરતના બાળકોની સુરક્ષાનો પ્રશ્ન: આપ નેતા મહેશ અણઘણ દ્વારા મેયરને લેખિત રજૂઆત

**સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન ક્ષેત્રે ગેરકાયદે ચાલતા શૈક્ષણિક વર્ગો સામે કડક પગલાં લેવાની માંગ**

સુરત | સુરત શહેરમાં ખૂબ મોટી સંખ્યામાં પ્રિ-સ્કૂલ, શાળા અને કોચિંગ ક્લાસ ચાલે છે, અને મોટા ભાગની સ્કૂલોમાં ફાયર સેફ્ટીના નામે શૂન્યાવકાશ જ છે. આ સંદર્ભે પૂર્વ કોર્પોરેટર અને આમ આદમી પાર્ટી પ્રદેશ સંગઠન મંત્રી મહેશ અણઘણે મેયરશ્રી ને પત્ર લખીને જણાવ્યું હતું કે, મોટા ભાગના ગેરકાયદેસર બિલ્ડિંગોમાં અને રેસીડેન્ટ મકાનોમાં પ્રિ-સ્કૂલ, શાળા અને કોચિંગ ક્લાસ


Maheshbhai Keshavbhai Anghan
Ex. Municipal Councillor
Member : PWD Committee
Surat Municipal Corporation.
C-702, Marigold Residency
Sarthana Jakatnaka, Surat.

મહેશભાઈ કેશવભાઈ અણઘણ
પૂર્વ મ્યુનિસિપલ કોર્પોરેટર
સુરત મહાનગરપાલિકા.

પ્રતિ,
શ્રીમતી માયાબેન માવાણી.
માનનીય મેયર શ્રી.
સુરત મહાનગર પાલિકા.
સુરત.

વિષય: સુરત શહેરમાં ગેરકાયદેસર બિલ્ડિંગો અને રેસીડેન્ટ મકાનોમાં માળ પર ફાયર સેફ્ટી વગર ચાલતા પ્રિ સ્કૂલ, શાળા અને કોચિંગ ક્લાસ બંધ કરવા અને તેમની સામે કાર્યવાહી કરવા બાબત.

મહિદય શ્રી,

મહેશ અણઘણ
પૂર્વ મ્યુનિસિપલ કોર્પોરેટર
સુરત મહાનગર પાલિકા

ચાલે છે, જેમાં મોટા ભાગના કિસ્સામાં ફાયરની કોઈ સુવિધા નથી, સુરત શહેરે તક્ષશીલા અગ્નિકાંડ જોયો છે, નિર્દોષ 22 બાળકોના મોત નજર સામે આપણે સૌએ જોયા છે અને રાજ્યમાં પણ ખૂબ આગની દુર્ઘટના બનેલી જેમાં પણ આપણે બાળકોના મોતની ઘટના બનતા જોઈ છે.મહેશ અણઘણે ઉગ્ર પ્રતિક્રિયા વ્યક્ત કરી રોષ ઠાલવતા પત્રમાં જણાવ્યું હતું કે, ક્યાં સુધી સત્તા આવો મોતનો ખેલ જોયા કરશે? ક્યારે શાસકો પોતાની જવાબદારી સ્વીકારશે? શું ભાજપ સરકાર હજી વધુ બાળકોને મોતના મુખમાં ધકેલવા માંગે છે? શહેરના અસંખ્ય કોચિંગ ક્લાસ એવા છે જેમાં બીજા કે ત્રીજા માળે જવા માત્ર 2 ફુટ પહોળાઈના દાદર સિવાય કોઈ વિકલ્પ નથી. જો ત્યાં આગ લાગે તો બાળકોના મોતનો તમાશો જોવા સિવાય કોઈ વિકલ્પ નહીં બચે. મહેશ અણઘણે મેયરશ્રીને સવાલ કર્યો હતો કે, શું તમે મોતના સોદાગર બનવા માંગો છો કે આ શહેરના બાળકોના તારણહાર બનવા?પૂર્વ કોર્પોરેટર અને 'આપ' નેતા મહેશ અણઘણે વધુમાં જણાવ્યું હતું કે, જો આપ મોતના સોદાગર બનવા ન માંગતા હોવ અને શહેરના બાળકોના તારણહાર બનવા માંગતા હોવ તો દિન 10 માં શહેરમાં આવા ગેરકાયદેસર અને ફાયર સેફટી વગર તેમજ રેસીડેન્ટ વિસ્તારોના મકાનોમાં માળ પર ચાલતા શૈક્ષણીક સંકુલો આઈડેન્ટીફાઈ કરી તમામને બંધ કરવા તેમના વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## પિતાએ લાચારી વ્યક્ત કરીને બાળકનો સોદો કર્યો હતો, સાબરકાંઠાના એજન્ટ અને પિતાની ધરપકડ કરવામાં આવી

# વડોદરામાં બાળ તસ્કરીની ગેંગના વધુ બે સાગરીત ઝડપાયા

(એજન્સી) વડોદરા | તા. 02



વડોદરા ક્રાઈમ બ્રાન્ચે રાજ્યમાં ચાલતા એક મોટા બાળ તસ્કરીના નેટવર્કનો પર્દાફાશ કરીને વધુ બે મહત્વના આરોપીઓની ધરપકડ કરી છે, જેના કારણે આ કેસમાં પકડાયેલા શખ્સોની કુલ સંખ્યા સાત પર પહોંચી ગઈ છે. રવિવારે મળેલી સત્તાવાર માહિતી અનુસાર, સાબરકાંઠાના એજન્ટ શ્રવણ પરમાર અને પોતાના જ બાળકને વેચી નાખનાર કળયુગી પિતા લક્ષ્મણ મૂળીની ધરપકડ કરવામાં આવતા આ સમગ્ર રેકેટના ઊંડા રહસ્યો બહાર આવી રહ્યા છે.

અગાઉ તરસાલી બાયપાસ પાસેથી આઠ દિવસના નવજાત બાળકને લઈને મુંબઈ વેચવા જઈ રહેલા સિદ્ધપુરના મનોજ રાવળ અને વીણા રાવળ પકડાયા બાદ આ પ્રકરણનો ખુલાસો થયો હતો. આ જોડી બાળકને ત્રણ લાખ રૂપિયામાં મુંબઈના ‘ડોક્ટર’ નામના એજન્ટને વેચવા જઈ રહી હતી. આ પકડ બાદ પોલીસે મનોજના સાળા સુનિલ રાવળ, તેના ભાઈ દલપત રાવળ અને રાજસ્થાનના એજન્ટ નગીન ઉર્ફે નગાની ધરપકડ કરી હતી. રિમાન્ડ દરમિયાન આ ટોળકીએ અન્ય ત્રણ બાળકોનો પણ મુંબઈમાં સોદો કર્યો હોવાની ચોંકાવનારી વિગતો કબૂલી હતી, જેને પગલે મુંબઈના ચાર એજન્ટો કવિતા, શીતલ, પ્રવીણ અને ડોક્ટરને વોન્ટેડ જાહેર કરાયા છે.

મીડિયા અહેવાલો અને સ્રોતો દ્વારા પ્રાપ્ત થતી વિગતો અનુસાર, વડોદરા ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ સંજય ગામેતી અને તેમની ટીમ દ્વારા વધુ તપાસ હાથ ધરીને મુંબઈના એજન્ટોના સંપર્કમાં રહેનાર સાબરકાંઠાના પોશીના તાબાના ડેમ્પી પીપલસળી ગામના શ્રવણ દુધાભાઈ પરમાર અને બાળકના પોતાના જ પિતા લક્ષ્મણ મોતીભાઈ મૂળી (રહે. ધનશાળી ગામ) ને ઝડપી લેવામાં આવ્યા છે.

બાળકના પિતા લક્ષ્મણ મૂળીની ધરપકડ કર્યા બાદ પોલીસ સમક્ષ તેણે પોતાની ગરીબી અને લાચારી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે મારે પાંચ સંતાનો છે અને પત્ની પણ સતત બીમાર રહે છે, જેથી આ તમામ બાળકોને પાલવવું મારા માટે અત્યંત મુશ્કેલ બની ગયું હતું અને આર્થિક મજબૂરીના કારણે જ મેં આ બાળકને બે લાખ રૂપિયામાં વેચવાનો સોદો કર્યો હતો. આ સોદો તેના જ ગામ પાસે રહેતા શ્રવણ મારફતે નક્કી થયો હોવાની પણ તેણે કબૂલાત કરી છે.

તપાસ દરમિયાન એ પણ બહાર આવ્યું છે કે આ કેસમાં પકડાયેલા દલપત રાવળ સામે અગાઉ વર્ષ ૨૦૧૫માં રાજસ્થાનના ઉદયપુર ખાતે બાળ તસ્કરીનો ગુનો નોંધાયેલો હતો. પોલીસ આ દિશામાં પણ ગંભીરતાથી તપાસ કરી રહી છે કે આ ટોળકી સાથે અન્ય કેટલા લોકો સંકળાયેલા છે. મુંબઈ અને રાજસ્થાનમાં પોલીસની ખાસ ટીમો મોકલીને ખરીદદારોની ઓળખ કરવાની કવાયત તેજ કરવામાં આવી છે, જેથી આ ગેરકાયદેસર માનવ તસ્કરીના નેટવર્કને જડમૂળમાંથી નાબૂદ કરી શકાય.

## રાજકોટમાં મોડી રાત્રે જર્જરિત મકાન ધરાશાયી થયું, બેડીપરા વિસ્તારમાં કાટમાળ નીચે દબાઈને મોત નિપજ્યું



રાજકોટ | રાજકોટ શહેરના બેડીપરા વિસ્તારમાં આવેલી શ્રમજીવી સોસાયટીના રામજી મંદિર ચોક ખાતે મોડી રાત્રે એક અત્યંત કરૂણ અને ગંભીર દુર્ઘટના સર્જાઈ છે. સતત પડી રહેલા વરસાદના માહોલ વચ્ચે એક જર્જરિત મકાન અચાનક ધરાશાયી થઈ જતાં, તેના કાટમાળ નીચે દબાઈ જવાથી ૪૮ વર્ષીય અજય બેલદારનું કરૂણ મૃત્યુ નીપજ્યું છે, જેને કારણે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. મળતી માહિતી મુજબ, રાજકોટમાં છેલ્લા કેટલાક સમયથી સતત વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે જૂના અને જર્જરિત મકાનો માટે જોખમ વધી ગયું છે. આ દરમિયાન મોડી રાત્રે શ્રમજીવી સોસાયટી સ્થિત એક મકાન અચાનક ધડાકાભેર તૂટી પડ્યું હતું. આ મકાનમાં છેલ્લા ૪૦ વર્ષથી રહેતા અજય બેલદાર મકાન ધરાશાયી થવાની આફતમાં કાટમાળ નીચે ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી.

## રાજકોટમાં ઓગણીસ લાખની આંગડિયા લૂંટ મામલે લૂંટારૂઓ થાન પાસે દેખાયા

(એજન્સી) રાજકોટ | તા. 02

રાજકોટના ભાવનગર રોડ પર આવેલી પ્રાઈમ એન્ટરપ્રાઈઝ નામની આંગડિયા પેઢીમાં ગઈકાલે સવારે ઘૂસીને બે બાઈક સવાર લૂંટારૂઓએ કર્મચારી અલ્કેશ દવેને પિસ્તોલ બતાવીને ઓગણીસ લાખ રૂપિયાની રોકડ રકમની લૂંટ ચલાવી હતી. મીડિયા અહેવાલ મુજબ, આ ગંભીર ઘટના બાદ પોલીસની જુદી-જુદી ટીમોએ નાસી છૂટેલા લૂંટારૂઓનું પગેરું દબાવવાનું શરૂ કરી દીધું છે અને તેઓ થાન તેમજ વાંકાનેર તરફ ભાગ્યા હોવાની માહિતી સામે આવી છે. આ ખુલ્લેઆમ ધોળાદિવસે થયેલી લૂંટથી શહેરના વ્યાપારી વર્ગમાં અને પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. બંને લૂંટારૂઓ ગ્રીનલેન્ડ ચોકડી થઈને વાંકાનેર તરફ ભાગ્યા હતા અને વધુ તપાસમાં તેઓ થાન પંથક તરફ ગયા હોવાનું જણાયું છે. પોલીસનું પ્રાથમિક અનુમાન છે કે આ લૂંટને અંજામ આપવા માટે ચોક્કસપણે કોઈએ અંદરથી ‘ટીપ’ આપી હોવી જોઈએ. જોકે, ટીપ આપનાર સાચો શખ્સ કોણ છે તે બંને લૂંટારૂઓ પકડાયા પછી જ સ્પષ્ટ થશે. આ લૂંટમાં માત્ર બે જ નહીં પરંતુ બે કરતાં વધુ શખ્સોની સંડોવણી હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, કારણ કે મોટાભાગે આંગડિયા લૂંટના બનાવોમાં અંદરના માણસની પ્રત્યક્ષ કે પરોક્ષ સંડોવણી બહાર આવતી હોય છે.

આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બી.ડિવિઝન પોલીસે ફરિયાદી અલ્કેશ દવે તેમજ અન્ય સંબંધિત વ્યક્તિઓની સઘન પૂછપરછ હાથ ધરી છે, જોકે હાલમાં કોઈ શંકાસ્પદ માહિતી મળી નથી. પોલીસ એવું પણ અનુમાન લગાવી રહી છે કે આ લૂંટારૂઓ અમદાવાદ તરફના હોઈ શકે છે. ખાસ બાબત એ છે કે લૂંટારૂઓ પાસે પોલીસ કે સીસીટીવી કેમેરાનો કોઈપણ પ્રકારનો ડર નહોતો અને તેમણે ખુલ્લા મોઢે આ ગુનો આચરીને પોલીસને ખુલ્લો પડકાર ફેંક્યો છે. આરોપીઓને ઝડપી પાડવા માટે ક્રાઈમ બ્રાંચ, બી.ડિવિઝન પોલીસ અને એલસીબીની અલગ-અલગ ટીમોને કામે લગાડવામાં આવી છે અને આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે તેમની સઘન તલાશી લેવામાં આવી રહી છે.

## મહિલા પીએસઆઈ પાસેથી પાંચ લાખ રૂપિયાનો તોડ કરનાર બે અધિકારી સસ્પેન્ડ

(એજન્સી) વેરાવળ | તા. 02

ગીર સોમનાથ જિલ્લાના પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી રોયલ મેન્શન હોટેલમાં જુગારની રેડ દરમિયાન એક મહિલા પોલીસ સબ ઈન્સ્પેક્ટર પાસેથી જ પાંચ લાખ રૂપિયાનો તોડ કરવામાં આવ્યો હોવાની અત્યંત ગંભીર અને ચકચારી ઘટના સામે આવી છે. રવિવારે મળેલી સત્તાવાર માહિતી અનુસાર, આ મામલાની ગંભીરતાને ધ્યાને લઈને જૂનાગઢ રેન્જ આઈજી દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં એસઓજીના પીએસઆઈ ડી.એમ. કાગડા અને તત્કાલીન એલસીબી તથા હાલ લીવ રિઝર્વમાં ફરજ બજાવતા પીએસઆઈ એચ.એલ. જેબલિયાને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. ગત ૨૦ જુલાઈની મધરાતે પ્રભાસ પાટણની હોટેલ રોયલ મેન્શનમાં એલસીબી દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. આ રેડ દરમિયાન સાત શખ્સોને તીનપત્તી રમતા ઝડપી પાડી પોલીસે કુલ ૪.૭૩ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરીને ગુનો નોંધ્યો હતો. જો કે, આ રેડ વખતે સ્થળ પર એક મહિલા પીએસઆઈ પણ હાજર હોવા છતાં તેમને આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા નહોતા, પરંતુ તેના બદલે કેટલાક પોલીસ અધિકારીઓએ મળીને તે મહિલા પીએસઆઈ પાસેથી આશરે પાંચ લાખ રૂપિયાની રકમનો તોડ કર્યો હતો.

મીડિયા અહેવાલો અને સ્રોતો દ્વારા પ્રાપ્ત થતી વિગતો અનુસાર, આ ઘટના બાદ એસપી જયદીપસિંહ જાડેજા દ્વારા અન્ય કારણો ધરીને તે મહિલા પીએસઆઈને પણ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. એક તરફ પાંચ લાખ રૂપિયાનો તોડ થયો અને બીજી બાજુ સસ્પેન્શન મળતા પીડિત મહિલા પીએસઆઈએ જૂનાગઢ રેન્જ આઈજી રાજેન્દ્રસિંહ ચુડાસમા સમક્ષ રૂબરૂ હાજર થઈને સમગ્ર પ્રકરણની વાસ્તવિક હકીકતો રજૂ કરી હતી.

મહિલા પીએસઆઈ દ્વારા કરવામાં આવેલી ગંભીર રજૂઆતો અને આક્ષેપોને ધ્યાને લઈને રેન્જ આઈજીએ તાત્કાલિક ધોરણે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા હતા.

## લાલપુરના સણોસરી ગામના ખેડૂત સાથે લાખો રૂપિયાની છેતરપિંડી, હાર ઓળવી જતાં ફરિયાદ

(એજન્સી) જામનગર | તા. 02

લાલપુર તાલુકાના સણોસરી ગામના એક સામાન્ય ખેડૂત સાથે વિશ્વાસઘાત અને લાખો રૂપિયાની ઠગાઈની ગંભીર ઘટના સામે આવી છે. મીડિયા અહેવાલ મુજબ, ગામના જ એક વ્યક્તિ દ્વારા સરકારી સબસિડી અને વ્યાજમુક્ત લોનની લાલચ આપીને નવ લાખ રૂપિયાની કિંમતનો સોનાનો હાર હડપ કરી લેવામાં આવ્યો છે અને બાદમાં તેને અન્યત્ર વેચી દેવામાં આવ્યો છે.

આ મામલે પીડિત ખેડૂત દ્વારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે અને પ્રશાસન દ્વારા કાયદેસરની તપાસ શરૂ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સણોસરી ગામના ખેડૂત જયસુખભાઈ કરશનભાઈ નંદાણીયાને નાણાકીય જરૂરિયાત ઊભી થતાં તેમણે અંદાજે દોઢસો ગ્રામ વજનનો નવ લાખ રૂપિયાની કિંમતનો સોનાનો હાર બેંકમાં ગીરવે મૂકીને ચાર લાખ રૂપિયાની ગોલ્ડ લોન લીધી હતી. આ દરમિયાન તેમના પરિચિત ભીખુભાઈ સવદાસભાઈ વસરાએ તેમને ગેરમાર્ગે દોરતા જણાવ્યું હતું કે સરકારે ખેડૂતો માટે વ્યાજ માફી અને પચાસ ટકા સબસિડી આપવાની યોજના બનાવી છે. આ પ્રલોભન આપીને ભીખુભાઈએ બેંકમાં ચાર લાખ રૂપિયા ભરીને હાર છોડાવી લીધો હતો અને પોતાની પાસે રાખી લીધો હતો. જ્યારે વાસ્તવિકતા સામે આવી ત્યારે ખબર પડી કે આવી કોઈ સરકારી યોજના અસ્તિત્વમાં જ નથી. આથી ખેડૂતે પોતાનો સોનાનો હાર પરત માંગ્યો હતો, પરંતુ આરોપીએ હાર છોડાવવાના બહાને તબક્કાવાર રીતે જયસુખભાઈ પાસેથી વધુ ચાર લાખ રૂપિયા પણ પડાવી લીધા હતા.

તપાસ દરમિયાન બહાર આવ્યું કે ભીખુભાઈએ તે હાર જામજોધપુરની એક ખાનગી બેંકમાં ગીરો મૂકીને સાત લાખ એંસી હજાર રૂપિયાની વધુ લોન લઈ લીધી હતી અને ત્યારબાદ પોતાના ભાણેજ રાહુલ ગાગીયાની મદદથી તે હાર એક સોનીને વેચી દીધો હતો. હારની વારંવાર માંગણી કરવા છતાં તે પરત આપવામાં આવ્યો ન હતો અને ઉલટાનું આરોપી દ્વારા જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી.


## સુરતના ઓલપાડના બોલાવ ગામે કીમ નદીના પૂરથી હાહાકાર મચ્યો



સુરત | સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં આવેલા બોલાવ ગામે કીમ નદીના પૂરના પાણી ફરી વળતા ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, ગઈકાલે પહેલી ઓગસ્ટે કીમ નદીના રૌદ્ર સ્વરૂપને કારણે ગામના એક સોથી વધુ ઘરોમાં પૂરના પાણી ઘૂસી ગયા હતા, જેના કારણે સામાન્ય જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ભારે પાણી ભરાવાને કારણે સ્થાનિક રહીશોને મોટા પ્રમાણમાં આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે અને સમગ્ર પંથકમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. ગામના મોટા ભાગના વિસ્તારોમાંથી હવે પાણી ધીમે-ધીમે ઓસરવાના શરૂ થયા છે, પરંતુ સ્થિતિ હજુ સંપૂર્ણપણે થાળે પડી નથી. બોલાવ ગામના નવા હળપતિ વાસ વિસ્તારમાં હજુ પણ વિકટ પરિસ્થિતિ બનેલી છે અને આ વિસ્તારના ત્રીસથી વધુ ઘરોમાં હજુ પણ ચારથી પાંચ ફૂટ જેટલા પૂરના પાણી ભરાયેલા છે. ગઈકાલે કીમ નદીના પાણી બેકાબૂ બનવાથી નવા હળપતિ વાસ, જૂના હળપતિ વાસ અને આહીર ફળિયા સહિતના વિસ્તારોના ઘરોમાં અચાનક પાણી ઘૂસી આવ્યા હતા.

## નદીઓમાં પૂર, રાહત અને બચાવ કામગીરી

# મોરબી જિલ્લામાં મેઘરાજાની તોફાની બેટિંગથી જળબંબાકાર



(એજન્સી) મોરબી | તા. 02

મોરબી જિલ્લામાં આજે વહેલી સવારે ચાર વાગ્યાથી મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરતા સમગ્ર પંથકમાં જળબંબાકાર જેવી ગંભીર સ્થિતિ સર્જાઈ ગઈ છે. મીડિયા અહેવાલ મુજબ, માત્ર બાર કલાકના ટૂંકા સમયગાળામાં મોરબી તાલુકામાં પોણા દશ ઈંચ જેટલો ધોધમાર વરસાદ ખાબક્યો છે, જેના કારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ ઉપરાંત ટંકારામાં સાત ઈંચ, હળવદમાં સાડા છ ઈંચ, માળિયામાં પોણા પાંચ ઈંચ અને વાંકાનેરમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

ભારે વરસાદના કારણે શહેરી વિસ્તારોથી લઈને ગ્રામ્ય વિસ્તારો સુધી પાણી જ પાણી નજરે પડી રહ્યું છે, જેનાથી નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મોરબીના મુખ્ય માર્ગોની સાથે અનેક સોસાયટીઓમાં પણ પાણી ભરાઈ ગયા છે. સામાકાંઠે આવેલી શ્રીમદ સોસાયટી, ષભ સોસાયટી, નીલકંઠ સોસાયટી અને હાઉસિંગ બોર્ડના વિસ્તારોમાં પાણી ભરાવાથી લોકો પોતાના ઘરે પણ સહેલાઈથી પહોંચી શકે તેવી સ્થિતિ રહી નથી. સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ વિસ્તારમાં છેલ્લા વીસ વર્ષ કરતાં વધુ સમયથી વરસાદી પાણી ભરાવવાની કાયમી સમસ્યા બનેલી છે.

શહેરના ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર લાતીપ્લોટમાં મોટા ખાડા અને કાદવ-કીચડના કારણે અનેક વાહનો ફસાઈ ગયા હતા, જેને સ્થાનિક લોકોએ ભારે મહેનત કરીને બહાર કાઢ્યા હતા. મોરબીનું જૂનું બસ સ્ટેશન પણ જાણે કોઈ તળાવમાં ફેરવાઈ ગયું હોય તેવું દ્રશ્ય સર્જાયું હતું.

સતત વરસી રહેલા આ મુશળધાર વરસાદને કારણે પ્રખ્યાત મચ્છુ નદી બે કાંઠે વહેવા લાગી છે, જેને પગલે તકેદારીના ભાગરૂપે મચ્છુ નદી પરનો બેઠો પુલ સત્તાવાર રીતે બંધ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત જીકીયારી કોઝ-વે અને રવાપર નદીના રોડ પણ વાહનવ્યવહાર માટે બંધ કરવાની ફરજ પડી છે. પંચાયત વિભાગના સોળ અને સ્ટેટ વિભાગના બે એમ મળીને કુલ અઢાર જેટલા રસ્તાઓ ભારે વરસાદ અને ઝાડ પડી જવાને કારણે બંધ થયા છે.

પરિસ્થિતિની ગંભીરતાને પારખીને જિલ્લા કલેક્ટરે મચ્છુ ત્રણ ડેમ, સાદુળકા ગામે આશ્રયસ્થાન અને બેઠા પુલ સહિતના સંવેદનશીલ સ્થળોની જાતે મુલાકાત લઈને સમગ્ર સ્થિતિનો તાગ મેળવ્યો હતો.

નાગરિકોની સુરક્ષા માટે એસ.ડી.આર.એફ.ની એક ટીમ હાલ સ્ટેન્ડ ટૂ મોડમાં રાખવામાં આવી છે અને જરૂરિયાત ઊભી થશે તો વધુ ટીમોની મદદ લેવામાં આવશે તેમ પ્રશાસન દ્વારા જણાવવામાં આવ્યું છે. તંત્ર દ્વારા લોકોને બિનજરૂરી બહાર ન નીકળવાની અપીલ કરવામાં આવી છે.

## સિંહનો પગ ફસાયો, ગેટ કૂદતી વખતે ઈજા

# જૂનાગઢના ગ્રોફેડ વિસ્તારમાં લોખંડનો ગેટ કૂદતી વખતે સિંહ ફસાયો

(એજન્સી) જૂનાગઢ | તા. 02

જૂનાગઢ શહેરમાં વન્યજીવોના શહેરી વિસ્તારોમાં આંટાફેરા વધ્યા હોવાની ઘટનાઓ વચ્ચે આજે વહેલી સવારે એક ગંભીર બનાવ સામે આવ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, જૂનાગઢના ગ્રોફેડ વિસ્તારમાં એક નાનો સિંહ લોખંડનો ભારે ગેટ કૂદવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે અચાનક તેનો પગ ગેટના સળિયા વચ્ચે ફસાઈ ગયો હતો. આ અકસ્માતમાં સિંહને પગના ભાગે ઈજા પહોંચી હતી અને તેમાંથી બહાર નીકળવા માટે તેણે ભારે ધમપછાડા કર્યા હતા.

આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક રહેવાસીઓમાં કુતૂહલની સાથે ચિંતાનું મોજું ફરી વળ્યું હતું અને તાત્કાલિક વન વિભાગને જાણ કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, જૂનાગઢના ભવનાથ, બિલખા રોડ અને ગ્રોફેડ જેવા વિસ્તારોમાં રાત્રિના સમયે શિકારની શોધમાં સિંહોની અવર-જવર સામાન્ય બની ગઈ છે. આ વનરાજ વહેલી સવારે ગેટ કૂદીને પરત જઈ રહ્યો હતો ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. માહિતી મળતાની સાથે જ વન વિભાગની ટીમ અને પ્રખ્યાત સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયની રેસ્ક્યુ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળ પર દોડી ગઈ હતી.

સુરક્ષાને ધ્યાનમાં રાખીને રેસ્ક્યુ ટીમે તકેદારીના પગલાં રૂપે સિંહને ટ્રેન્ક્યુલાઈઝર ગન દ્વારા બેભાન કર્યો હતો અને સફળતાપૂર્વક તેને ગેટમાંથી મુક્ત કર્યો હતો. સ્થળ પર જ પશુચિકિત્સકો દ્વારા સિંહને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ત્યારબાદ વધુ સારવાર અને દેખરેખ માટે તેને સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં નિષ્ણાત તબીબોની દેખરેખ હેઠળ તેની સારવાર ચાલી રહી છે. વન વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, સિંહ સંપૂર્ણપણે સ્વસ્થ થઈ ગયા બાદ તેને સુરક્ષિત રીતે તેના કુદરતી આવાસ



અટલ કે જંગલમાં પુનઃ મુક્ત કરવામાં આવશે.

શહેરી વિસ્તારોની નજીક આવતા વન્યજીવોને સુરક્ષિત રાખવા માટે વન વિભાગ દ્વારા સતત પેટ્રોલિંગ વધારવામાં આવી રહ્યું છે જેથી ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓથી બચી શકાય.

## વિઝાના નામે છેતરપિંડી, બાર લાખની ઠગાઈ કરાઈ

# યુકેના વિઝાના નામે વડોદરાના કેટરીંગના વેપારી સાથે બાર લાખની ઠગાઈ

(એજન્સી) વડોદરા | તા. 02

વિદેશ મોકલવાના નામે નાગરિકો સાથે ઠગાઈ આચરવાના બનાવો દિનપ્રતિદિન વધી રહ્યા છે, ત્યારે વડોદરા શહેરના એક કેટરીંગના વેપારી સાથે પણ લાખો રૂપિયાની છેતરપિંડી થઈ હોવાની ગંભીર ઘટના સામે આવી છે. મીડિયા અહેવાલ મુજબ, યુકે મોકલવાના બહાને બાર લાખ ચોવીસ હજાર રૂપિયા પડાવી લઈને વિઝા કે નાણાં પરત ન આપનાર કન્સલ્ટન્સીના સંચાલક વિરુદ્ધ પીડિત વેપારીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

આ ઘટનાથી વિદેશ જવા ઈચ્છુક યુવાનો અને વેપારીઓમાં ભારે રોષ તેમજ ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ફતેપુરા વિસ્તારમાં રહેતા કેટરીંગના વેપારી ભાવેશભાઈ પંચ્યાને યુકે જવું હતું, જેના માટે તેમણે સોશિયલ મીડિયા પર આવેલી જાહેરાત જોઈને મુજમહુડા ખાતે આવેલા સમન્વય સિલ્વર કોમ્પ્લેક્સમાં કાર્યરત અક્ષર કન્સલ્ટન્સીના સંચાલક અનુશ પટેલનો સંપર્ક કર્યો હતો.

આ કન્સલ્ટન્ટે અગાઉ અનેક લોકોને વિદેશ મોકલ્યા હોવાનો દાવો કરીને યુકે જવા માટે ચૌદ લાખ રૂપિયાનો કુલ ખર્ચ થશે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ પ્રોસેસના ભાગરૂપે ભાવેશભાઈએ ટુકડે-ટુકડે કરીને કુલ બાર લાખ ચોવીસ હજાર રૂપિયા ચૂકવી દીધા હતા.

નાણાં લીધા બાદ આરોપી અનુશ પટેલે અમદાવાદ ખાતે ભાવેશભાઈનું મેડિકલ ચેકઅપ પણ કરાવ્યું હતું, જેથી તેમને વિશ્વાસ બેસે. પરંતુ બે મહિનાનો લાંબો સમય વીતી જવા છતાં પણ વિઝા ન આવતા ભાવેશભાઈએ પોતાની રકમ પરત માંગી હતી.

આ સમયે કન્સલ્ટન્સીના સંચાલક દ્વારા માત્ર ગોળગોળ જવાબો આપવામાં આવ્યા હતા અને ન તો વિઝા આપવામાં આવ્યા કે ન તો નાણાં પરત આપવામાં આવ્યા. આખરે કંટાળીને પીડિત વેપારીએ જેપી રોડ પોલીસ સ્ટેશનમાં જઈને આરોપી વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવી છે.

## સિટી પોલીસે બાતમીના આધારે દબોચી લીધો છે

# વીસ વર્ષ જૂના વિશ્વાસઘાતના કેસમાં આરોપી ઝડપાયો

(એજન્સી) સિટી | તા. 02

વીસ વર્ષ જૂના વિશ્વાસઘાત અને છેતરપિંડીના ગંભીર ગુનામાં લાંબા સમયથી નાસતા ફરતા એક મુખ્ય આરોપીને સિટી પોલીસે રાજસ્થાનમાંથી ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. રવિવારે મળેલી સત્તાવાર માહિતી અનુસાર, આશરે બે દાયકા અગાઉ જેટ રોડ લાઈન્સ પ્રાઈવેટ લિમિટેડના માલની હેરાફેરી દરમિયાન લાખો રૂપિયાની કિંમતની સિગારેટના બોક્સ સગેવગે કરી નાખવાના કેસમાં સંડોવાયેલા આરોપી ગણપતરામ ગોરધનરામ જાટને જોધપુર પાસેથી દબોચી લેવામાં આવ્યો છે, જેના કારણે પોલીસબેડામાં પણ ચર્ચા જાગી છે.

મળતી માહિતી મુજબ, ગત તા. ૧૪ ફેબ્રુઆરી ૨૦૦૬ના રોજ જેટ રોડ લાઈન્સ પ્રા. લિ. દ્વારા સિટી પોલીસ સ્ટેશનમાં ગુરજીતસિંગ ગુરુદયાલસિંગ તથા પ્રગટસિંગ ગુરુદયાલસિંગ (બંને રહે. પંજાબ) વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ ફરિયાદમાં જણાવવામાં આવ્યું હતું કે આરોપીઓ પોતાની ટ્રકમાં સિગારેટના ૪૬૧ બોક્સ ભરીને જમ્મુ ખાતે પુરાની મંડીમાં આવેલા ત્રિશુલ એન્ટરપ્રાઈઝમાં પહોંચાડવા માટે નીકળ્યા હતા, પરંતુ રસ્તામાં જ આરોપીઓએ મિલકત સાથે વિશ્વાસઘાત કરીને ૬૦ બોક્સ, જેની કિંમત આશરે ૩.૦૫ લાખ રૂપિયા થતી હતી, તે સગેવગે કરી દીધા હતા અને કુલ ૨૩.૪૫ લાખના આખા મામલામાં છેતરપિંડી આચરી હતી.

મીડિયા અહેવાલો અને સ્રોતો દ્વારા પ્રાપ્ત થતી વિગતો અનુસાર, આ ગુનામાં ટ્રક ડ્રાઈવર સાથે મળીને મોટું કાવતરું રચનાર આરોપી ગણપતરામ ગોરધનરામ જાટ (રહે. જનાદેસર ગામ, તા. લુણી, જિ. જોધપુર, રાજસ્થાન) છેલ્લા ૨૦ વર્ષથી કાયદાની પકડથી દૂર નાસતો ફરતો હતો. તેની વિરુદ્ધ અદાલત દ્વારા ધરપકડ વોરંટ પણ ઈશ્યૂ કરવામાં આવ્યું હતું, પરંતુ તે પોલીસથી બચવા માટે સતત પોતાના સ્થળો બદલી રહ્યો હતો.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ
અમદાવાદ એક્સપ્રેસ
MONDAY • 03-08-2026

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તાણ નાનકડી બીમારીમાં પરિણમી શકે છે. આરામદાયક મહેસૂસ કરવા માટે મિત્રો તથા પરિવારના સભ્યો વચ્ચે બેસો. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો- જે તમને આર્થિક લાભ પણ અપાવશે. સંબંધીઓ તમારી તરફ મદદનો હાથ લંબાવવા ઈચ્છુક હશે.

**વૃષભ : બ. વ. ઉ.**

માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. ઘરને લગતી તમારી જવાબદારીઓ પૂરી કરવામાં બાળકો તમને મદદ કરશે. તેમની નવરાશના સમયમાં તેમને આવી પ્રવૃત્તિઓ કરવા માટે પ્રોત્સાહિત કરો.

**મિથુન : ક. છ. ઘ.**

માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દૃઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે.

**કર્ક : ડ. હ.**

આનંદથી ભરેલો સારો દિવસ. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા- તમારી વાત અન્યોને ગળે ઉતારવાની તમારી આવડત તમને આવાનારી સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરશે.

**સિંહ : મ. ટ.**

જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. એકબીજાના દૃષ્ટિકોણ સમજીને તમારી વ્યક્તિગત સમસ્યાઓને ઉકેલો.

**કન્યા : પ. ઠ. ણ.**

હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. બહુ અગાઉથી ઘડેલી મુસાફરીની યોજના પરિવારમાં કોઈકની માંદગીને કારણે મુલત્વી રહેવાની શક્યતા. જે લોકો તેમના પ્રેમી થી દૂર રહે છે.

**તુલા : ર. ત.**

તમારો જીદ્દી અભિગમ તમારા ખુશખુશાલ જીવન માટે ત્યજી દો, કેમ કે આ બાબત સમયનો નર્યો વેડફાટ છે. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ.

**વૃશ્ચિક : ન. ય.**

કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર તમારો દિવસ ઝળહળતો કરી મુકશે.

**મકર : ખ. જ.**

સતત હકારાત્મક રીતે વિચારવાનો તમારો ગુણ તમને વળતર અપાવશે. કેમ કે તમે તમારા પ્રયાસમાં સફળ થવાના છો. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. તમને એકલવાયું લાગે ત્યારે તમારા પરિવારની મદદ લો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારૂ અવિચારી વર્તન તમારા મિત્ર માટે કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે. બાળકો સાથે સમય વિતાવવો મહત્વપૂર્ણ છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારી જાતને આજે તમે સામાન્યપણે તમે હો છો એના કરતાં ઓછા ઊર્જાવાન મહેસૂસ કરશો-વધારાના કામ દ્વારા તમારી જાત પર વધુ બોજો ન નાખતા- થોડોક આરામ કરો તથા તમારી એપોઈન્ટમેન્ટ બીજા કોઈ દિવસ માટે રાખો. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે.

## વંજારઘોડી-ટાંકલીપાડા માર્ગ પર નવા કોઝવેનું પ્રથમ વરસાદમાં જ ધોવાણ, કરોડોના વિકાસ કામની ગુણવત્તા સામે ગંભીર સવાલો

### પ્રોટેક્શન વોલ વિના બનાવાયો કોઝવે, વરસાદી પાણીના પ્રવાહે રસ્તો ધોવાયો; ગ્રામજનોમાં ભારે રોષ

(એજન્સી) ડાંગ I તા. 02



ડાંગ જિલ્લાના વંજારઘોડીથી ટાંકલીપાડા ગામને જોડતા માર્ગ પર તાજેતરમાં કરોડોના ખર્ચે નિર્માણ પામેલા પાંચ બ્લોકના કોઝવેનું પ્રથમ જ ભારે વરસાદમાં ધોવાણ થતાં સમગ્ર બાંધકામની ગુણવત્તા સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. કોઝવેના એક છેડે રસ્તા સાથે જોડાણના ભાગમાં ભારે ધોવાણ સર્જાતા વાહનચાલકો માટે અકસ્માતનો ભય ઉભો થયો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, કોઝવેનું બાંધકામ કરતી વખતે રસ્તાને મજબૂત બનાવવા માટે જરૂરી પ્રોટેક્શન વોલ (રિટેનિંગ વોલ) બનાવવામાં આવી નથી. પરિણામે વરસાદી પાણીના જોરદાર પ્રવાહે કોઝવેની બાજુનો રસ્તો ધોવાઈ ગયો છે. હાલ સ્થિતિ એવી છે કે ભારે વાહનો તો દૂર, સામાન્ય વાહનચાલકોને પણ જીવના જોખમે પસાર થવું પડે તેવી પરિસ્થિતિ ઊભી થઈ છે.

ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે સંબંધિત કોન્ટ્રાક્ટર દ્વારા અત્યંત બેદરકારીપૂર્વક કામગીરી કરવામાં આવી છે. બાંધકામ દરમિયાન ગુણવત્તા નિયંત્રણ અને તકનીકી દેખરેખનો અભાવ રહ્યો હોવાનું પણ લોકો કહી રહ્યા છે. સ્થાનિકોના મતે જો શરૂઆતથી જ યોગ્ય સુરક્ષા વ્યવસ્થા અને સંરક્ષણ દીવાલ બનાવવામાં આવી હોત તો આજે આવી સ્થિતિ સર્જાઈ ન હોત.

આ ઘટનાને પગલે દેખરેખ રાખતા અધિકારીઓની કામગીરી સામે પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે. ગ્રામજનોનું કહેવું છે કે અધિકારીઓ દ્વારા કરવામાં આવતી સાઈટ વિઝિટ માત્ર કાગળ પરની કાર્યવાહી પૂરતી જ રહી છે. જો સમયસર સ્થળ પર ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી હોત તો આ પ્રકારની સ્થિતિ ટાળી શકાય તેમ હતી.

હાલ કોઝવેના એક છેડે થયેલા ધોવાણને કારણે વરસાદ દરમિયાન માર્ગ વધુ જોખમી બની ગયો છે. જો તાત્કાલિક મરામત અને સંરક્ષણ કામગીરી હાથ ધરવામાં નહીં આવે તો આગામી ભારે વરસાદમાં વધુ મોટું નુકસાન થવાની પણ સ્થાનિકો આશંકા વ્યક્ત કરી રહ્યા છે.

ગ્રામજનોએ સમગ્ર બાંધકામની સ્વતંત્ર અને નિષ્પક્ષ તકનીકી તપાસ કરાવી જવાબદાર કોન્ટ્રાક્ટર અને સંબંધિત અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. સાથે જ કોઝવેની બંને બાજુ મજબૂત પ્રોટેક્શન વોલ બનાવી રસ્તાનું તાત્કાલિક પુનઃનિર્માણ કરવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે.

## ૨ ઓગસ્ટે દેશવ્યાપી 'નશા મુક્ત યુવા માટે વિકસિત ભારત સંકલ્પ અભિયાન' યોજાશે

### વડાપ્રધાનશ્રી યુવાનો સાથે વર્ચ્યુઅલ સંવાદ કરશે: અભિયાન અંતર્ગત બનાસકાંઠાના યુવાનો લેશે નશામુક્તિનો સંકલ્પ

માહિતી બ્યુરો, પાલનપુર

ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય હેઠળ કાર્યરત માય ભારત દ્વારા તા. ૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ દેશવ્યાપી 'નશા મુક્ત યુવા માટે વિકસિત ભારત સંકલ્પ અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનનો મુખ્ય હેતુ નશામુક્ત ભારતના નિર્માણ સાથે વિકસિત ભારત-૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવામાં યુવા શક્તિને સક્રિય રીતે જોડવાનો છે. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશભરના યુવાનો સાથે વર્ચ્યુઅલ સંવાદ કરશે અને તેમને નશામુક્ત, સ્વસ્થ તથા જવાબદાર જીવનશૈલી અપનાવી રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય યોગદાન આપવા પ્રેરિત કરશે.

આ રાષ્ટ્રીય અભિયાન દેશના અંદાજે ૧૦,૦૦૦ સ્થળોએ એકસાથે યોજાશે, જેમાં એક કરોડથી વધુ યુવાનો ભૌતિક તેમજ વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા જોડાશે. કાર્યક્રમમાં માય ભારત, એન.એસ.એસ., યુવા ક્લબો, આધ્યાત્મિક સંસ્થાઓ, શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ, બિનસરકારી સંસ્થાઓ તેમજ વિવિધ ઔદ્યોગિક સંગઠનો સક્રિય સહભાગી બનશે. આ પ્રસંગે સમગ્ર દેશના યુવાનો 'નશા મુક્તિ સંકલ્પ' લેશે અને પોતે કોઈપણ પ્રકારના નશાથી દૂર રહી અન્ય લોકોને પણ નશામુક્ત જીવનશૈલી અપનાવવા માટે પ્રેરિત કરવાનો સંકલ્પ કરશે.

આ કાર્યક્રમ સાથે ૧૦૦ સપ્તાહીય રાષ્ટ્રીય રવિવાર અભિયાનનો પણ પ્રારંભ થશે. જેના અંતર્ગત આગામી ૧૦૦ રવિવારે દેશભરમાં વોકાથોન, રમતગમત અને ફિટનેસ કાર્યક્રમો, યોગ અને ધ્યાન સત્રો, સાંસ્કૃતિક કાર્યક્રમો, જનજાગૃતિ રેલીઓ, નુક્કડ નાટકો, હસ્તાક્ષર અભિયાન તેમજ વિવિધ સામાજિક જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. માય ભારત દ્વારા તમામ નાગરિકો, ખાસ કરીને યુવાનોને માય ભારત પોર્ટલ પર ઈ-સંકલ્પ (e-Pledge) લેવા તેમજ નશામુક્ત ભારતના જનઆંદોલનમાં સક્રિય રીતે જોડાવા અનુરોધ કરવામાં આવ્યો છે.

બનાસકાંઠા જિલ્લા યુવા અધિકારી શ્રી કંચન રામરાખ્યાણીએ જણાવ્યું હતું કે, નશામુક્ત ભારતનું નિર્માણ માત્ર સરકારની નહીં પરંતુ સમગ્ર સમાજની જવાબદારી છે. યુવાનો આ પરિવર્તનના સૌથી મોટા ભાગીદાર છે. તમામ શૈક્ષણિક સંસ્થાઓ, યુવા સંગઠનો, બિનસરકારી સંસ્થાઓ, સામાજિક સંગઠનો અને નાગરિકોને આ અભિયાનમાં ઉત્સાહપૂર્વક જોડાઈ તેને સફળ બનાવવા તેમજ વધુમાં વધુ યુવાનો પ્રધાનમંત્રીશ્રીના વર્ચ્યુઅલ સંવાદ અને જિલ્લાકક્ષાના કાર્યક્રમોમાં ભાગ લે તે માટે સહયોગ આપવા અપીલ કરવામાં આવે છે.

## સરકારી આયુર્વેદ હોસ્પિટલ, વડગામ ખાતે ૫ ઓગસ્ટે નિઃશુલ્ક મધુમેહ નિદાન, સારવાર અને સલાહ કેમ્પ યોજાશે

### ડાયાબિટીસના દર્દીઓ માટે નિઃશુલ્ક બ્લડ સુગર ચકાસણી અને આયુર્વેદિક સારવાર કેમ્પ

માહિતી બ્યુરો, પાલનપુર

આયુષ વિભાગ હસ્તકની સરકારી આયુર્વેદ હોસ્પિટલ, વડગામ દ્વારા મધુમેહ (ડાયાબિટીસ)ના દર્દીઓ માટે દર માસના પ્રથમ બુધવારે નિઃશુલ્ક મધુમેહ નિદાન, સારવાર અને સલાહ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ અંતર્ગત આગામી તા. ૫ ઓગસ્ટ, ૨૦૨૬ (બુધવાર)ના રોજ વિશેષ કેમ્પ યોજાશે. કેમ્પનો મુખ્ય હેતુ મધુમેહના દર્દીઓને સમયસર નિદાન, અસરકારક આયુર્વેદિક સારવાર અને આરોગ્યપ્રદ જીવનશૈલી અંગે માર્ગદર્શન પૂરું પાડવાનો છે.

કેમ્પ દરમિયાન દર્દીઓનું નિઃશુલ્ક બ્લડ સુગર ચકાસણી કરવામાં આવશે તેમજ ડાયાબિટીસ માટે નિઃશુલ્ક આયુર્વેદિક ઔષધીય સારવાર આપવામાં આવશે. ઉપરાંત દર્દીઓને રોજિંદી જીવનશૈલી, આહાર-વિહાર અને મધુમેહ નિયંત્રણ માટે અપનાવવાના જરૂરી ઉપાયો અંગે માર્ગદર્શન આપવામાં આવશે. સાથે જ ડાયાબિટીસના નિયંત્રણમાં યોગની ભૂમિકા અંગે પણ નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન અપાશે. વધુમાં, ૬૦ વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિક દર્દીઓને વિશેષ પ્રકારની સ્વાસ્થ્યવર્ધક અને શક્તિવર્ધક આયુર્વેદિક ઔષધિઓ પણ આપવામાં આવશે.

આ કેમ્પ સરકારી આયુર્વેદ હોસ્પિટલ, વડગામ, જિલ્લા બનાસકાંઠા ખાતે યોજાશે. કેમ્પનો સમય સવારે ૯:૦૦ થી બપોરે ૧૨:૩૦ કલાક તથા સાંજે ૩:૩૦ થી ૫:૦૦ કલાક રહેશે. સરકારી આયુર્વેદ હોસ્પિટલ, વડગામ દ્વારા જિલ્લાની તમામ જાહેર જનતાને આ નિઃશુલ્ક આરોગ્ય સેવાનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

## નારી વંદન ઉત્સવ-2026 અંતર્ગત ચંડીસર ગ્રામ પંચાયતે મહિલા સુરક્ષા અને સાયબર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

માહિતી બ્યુરો, પાલનપુર

નારી વંદન ઉત્સવ-2026 અંતર્ગત 1 ઓગસ્ટ, 2026ના રોજ મહિલા સુરક્ષા દિવસ નિમિત્તે ચંડીસર ગ્રામ પંચાયત ખાતે ઘરેલું હિંસા અધિનિયમ-2005 અંગે સેમિનાર તેમજ સાયબર સુરક્ષા અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મહિલાઓને તેમના કાનૂની અધિકારો, સુરક્ષા સંબંધિત વિવિધ જોગવાઈઓ તેમજ સાયબર ગુનાઓથી બચવાના ઉપાયો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ગામની તેજસ્વી દીકરીઓને એજ્યુકેશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત નવી જન્મેલી દીકરીઓના પરિવારોને દીકરી વધામણાં કીટ અર્પણ કરવામાં આવી હતી તેમજ વ્હાલી દીકરી યોજના અંતર્ગત લાભાર્થીઓને મંજૂરી હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહિલા સશક્તિકરણ, બાળ સુરક્ષા અને બાળ શિક્ષણને પ્રોત્સાહન આપવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ (DLSA)ના જજશ્રી એ. એચ. ત્રિવેદી, જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રી બી. કે. ગઢવી, મહિલા પોલીસ સ્ટેશનના પીઆઈ શ્રી લધ્ધીરકા, સાયબર




સેફ્ટી વિભાગના એએસઆઈ શ્રી જીગ્નેશભાઈ તેમજ DHEW, OSC અને PBSCના સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ મહિલા સુરક્ષા, કાનૂની જાગૃતિ અને સાયબર સલામતી અંગે માર્ગદર્શન આપી સમાજમાં મહિલાઓના સશક્તિકરણ માટે સૌના સહયોગની અપીલ કરી હતી.

## માતુશ્રી એસ.બી.વી.ચાવડા સરસ્વતી હાઈસ્કૂલ, પાલનપુર ખાતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના વરદહસ્તે 'સંસ્કૃત કક્ષ'નું લોકાર્પણ



સંસ્કૃત ભાષાના સંવર્ધન, પ્રચાર અને પ્રસાર માટે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ તરફથી રાજ્યભરમાં વિવિધ શાળાઓમાં સંસ્કૃત કક્ષ બનાવવા માટેની યોજના અમલમાં મુકવામાં આવી છે જે અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના મુખ્યાલય પાલનપુર સ્થિત માતુશ્રી એસ.બી.વી.ચાવડા સરસ્વતી હાઈસ્કૂલ ખાતે ઉચ્ચતર માધ્યમિક વિભાગ ના સંસ્કૃત શિક્ષક અને સંસ્કૃત સંયોજક ડૉ.તારાબેન સોલંકી તેમજ માધ્યમિક વિભાગ માં સંસ્કૃત વિષયના શિક્ષક શ્રી જનકભાઈ ચોરાસિયા તેમજ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ નવનિર્મિત 'સંસ્કૃત કક્ષ' નું ભવ્ય લોકાર્પણ યોજાઈ ગયું. આ કક્ષનું લોકાર્પણ બનાસકાંઠા જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી (DEO) શ્રી ડો. હિતેષભાઈ પટેલ સાહેબના વરદહસ્તે વિધિવત રીતે રીબીન કાપીને કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત શ્લોકોચ્ચારણ, વૈદિક મંત્રોચ્ચાર અને દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યું હતું . શાળાના આચાર્યશ્રીએ ઉપસ્થિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તેમજ અન્ય મહાનુભાવોનું સાલ અને સ્મૃતિચિહ્ન આપી કક્ષની દીવાલો પર પ્રેરણાદાયી સંસ્કૃત સુભાષિતો, શ્લોકો અને ભારતીય ઋષિમુનિઓ તેમજ વિદ્વાનોના ચિત્રો મુકવામાં આવ્યા છે. સમૃદ્ધ સાહિત્ય: વિદ્યાર્થીઓ સરળતાથી સંસ્કૃત શીખી શકે તે માટે વ્યાકરણ, વાર્તાઓ અને સંસ્કૃત સાહિત્યના પુસ્તકો ઉપલબ્ધ કરાવાયા છે. આધુનિક શિક્ષણ: સંસ્કૃત સંભાષણ અને ઉચ્ચારણ શુદ્ધિ માટે વિશેષ પ્રવૃત્તિઓ યોજી શકાય તેવું વાતાવરણ તૈયાર કરાયું છે. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ જણાવ્યું હતું કે, 'સંસ્કૃત એ તમામ ભારતીય ભાષાઓની જનની છે. શાળા કક્ષાએ જ બાળકોને સંસ્કૃત ભાષાનું વાતાવરણ મળશે તો તેમનામાં સંસ્કાર અને ભાષાકીય સમૃદ્ધિ બંનેનો વિકાસ થશે.

## મથલ પુલમાં પડેલા ખાડા સામે પથ્થરો અને પ્લાસ્ટિકથી ચેતવણીના નિશાન, સેવાભાવીઓની સમયસૂચક કામગીરી

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)



ગઈ કાલે પડેલા વરસાદના કારણે ટોડીયા-મથલ નદી પર આવેલા નવા મથલ પુલના એક ભાગમાં ખાડો પડ્યો હોવાનું વહેલી સવારે વોકિંગ દરમિયાન ભરતભાઈ રબારી (ગુજરાત પોલીસ) અને પિંજારાભાઈના ધ્યાનમાં આવ્યું હતું. સંભવિત અકસ્માતની આશંકાને ધ્યાનમાં રાખી બંને સેવાભાવીઓએ તાત્કાલિક સ્થળ પર પહોંચી માનવતાભરી કામગીરી હાથ ધરી હતી. કોઈ વાહનચાલક કે રાહદારી અકસ્માતનો ભોગ ન બને તે માટે તેમણે ખાડાની આગળ પથ્થરો ગોઠવી તેમજ પ્લાસ્ટિક બાંધી ચેતવણીરૂપ નિશાન બનાવ્યાં, જેથી દૂરથી જ વાહનચાલકોને ખાડો સ્પષ્ટ દેખાઈ શકે અને તેઓ સાવચેત બની શકે. ત્યારબાદ બંનેએ સંબંધિત સરકારી વિભાગ તેમજ પુલના નિર્માણ સાથે સંકળાયેલા કોન્ટ્રાક્ટરને તાત્કાલિક સ્થળનું નિરીક્ષણ કરી પુલનું સમારકામ હાથ ધરવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે વરસાદના કારણે સર્જાયેલી આવી ખામીઓની સમયસર મરામત કરવામાં આવે તો સંભવિત અકસ્માતો અને જાનહાનિ જેવી દુર્ભાગ્યપૂર્ણ ઘટનાઓ અટકાવી શકાય.

ભરતભાઈ રબારી અને પિંજારાભાઈએ સ્પષ્ટ જણાવ્યું હતું કે તેમની રજૂઆત કોઈની નિંદા કે ટીકા કરવા માટે નથી, પરંતુ માત્ર જનહિત અને લોકોની સુરક્ષાને પ્રાથમિકતા આપવાના હેતુથી કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે જરૂર પડશે તો આસપાસના અન્ય સેવાભાવી નાગરિકો પણ આવા જનહિતના કાર્યોમાં જોડાઈ તંત્રને સહયોગ આપશે.

સ્થાનિક લોકોએ પણ મથલ પુલનું તાત્કાલિક સમારકામ કરી વરસાદી મોસમમાં સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત કરવાની માંગ ઉઠાવી છે.

## બિસ્માર રસ્તા

## પાટણમાં ધારાસભ્યએ સ્વખર્ચે બિસ્માર રસ્તાનું કામ શરૂ કરાવ્યું

પાટણ : પાટણ શહેરના નિર્મળ નગર સોસાયટી સહિત આસપાસના વિસ્તારોમાં બિસ્માર રસ્તાઓ અને ઉભરાતી ગટરોને કારણે સ્થાનિકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. લાંબા સમયથી આ સમસ્યાઓનો ઉકેલ ન આવતા ધારાસભ્ય કિરીટ પટેલે સ્થળ મુલાકાત લીધી હતી. તેમણે પોતાના સ્વખર્ચે રોડ-રસ્તાની સમારકામ કામગીરી શરૂ કરાવી છે અને એક અઠવાડિયામાં કાયમી ઉકેલ નહીં આવે તો આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. નિર્મળ નગર, અનંતતા બંગલોઝ અને આસપાસની 30 થી 35 સોસાયટીઓમાં છેલ્લા 15 વર્ષથી રસ્તાઓની હાલત અત્યંત ખરાબ છે. સ્થાનિક રહીશોના મતે, મુખ્ય રસ્તો બંધ થવાથી દૈનિક અવરજવર મુશ્કેલ બની છે. ગટરના પાણી 24 કલાક રસ્તાઓ પર ઉભરાય છે અને પીવાના પાણીની લાઈનમાં ભળતા હોવાથી આરોગ્ય સામે મોટો ખતરો ઉભો થયો છે. રસ્તા પરના ખાડાઓને કારણે અકસ્માતો પણ સર્જાઈ રહ્યા છે, જેમાં ઘણા નાગરિકો ઘાયલ થયા છે. ચીફ ઓફિસર અને પાલિકા તંત્રને વારંવાર રજૂઆતો છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. સ્થળ નિરીક્ષણ બાદ ધારાસભ્ય કિરીટ પટેલે જણાવ્યું હતું કે બહુચર માતા પમ્પિંગ સ્ટેશનની રાઈઝિંગ પાઈપ છેલ્લા 9 મહિનાથી તૂટેલી હોવા છતાં તંત્ર દ્વારા તેના રિપેરિંગ માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું નથી. ચીફ ઓફિસરે પણ સ્થાનિક મહિલાઓની રજૂઆતો પ્રત્યે બેદરકારી દાખવી હતી. આ પરિસ્થિતિને જોતા, ધારાસભ્યએ હાલ પૂરતો રસ્તો પૂરવા પોતાના ખર્ચે વેટમિક્સ અને રેતી મંગાવી કામગીરી શરૂ કરાવી છે. તેમણે ચેતવણી આપી છે કે જો એક અઠવાડિયા કે 10 દિવસમાં પમ્પિંગ સ્ટેશન અને રસ્તાનું કામ શરૂ નહીં થાય, તો તેઓ મુખ્યમંત્રી અને શહેરી વિકાસ મંત્રીને રજૂઆત કરશે.

## ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી આંતર કોલેજ ક્રોસ કન્ટ્રી સ્પર્ધા કેશોદમાં સફળતાપૂર્વક યોજાઈ



નરેન્દ્ર દવે જૂનાગઢ

ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢના માર્ગદર્શન હેઠળ એન.પી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કેશોદ દ્વારા તા. 01 ઓગસ્ટ, 2026ના રોજ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની આંતર કોલેજ ક્રોસ કન્ટ્રી સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ સ્પર્ધામાં યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોના વિદ્યાર્થી ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વરસાદી વાતાવરણ હોવા છતાં સ્પર્ધકોમાં રમતગમત પ્રત્યેનો જુસ્સો, શિસ્ત અને ખેલદિલીની ભાવના જોવા મળી હતી. સ્પર્ધા દરમિયાન સમગ્ર રૂટ પર સુરક્ષા, તબીબી સારવાર, પીવાના પાણીની સુવિધા તેમજ માર્ગદર્શન માટે સુચારુ આયોજન કરવામાં આવ્યું હતું, જેના કારણે સ્પર્ધા કોઈપણ વિક્ષેપ વિના સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. સ્પર્ધાના સમાપન સમારોહમાં મહાનુભાવોના હસ્તે વિજેતા ખેલાડીઓને ટ્રોફી અને સન્માન અર્પણ કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ ખેલાડીઓને રમતગમત ક્ષેત્રે સતત આગળ વધવા અને યુનિવર્સિટી તેમજ રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરવા પ્રેરણા આપી હતી. આ સમગ્ર કાર્યક્રમના સફળ આયોજનમાં કોલેજના પ્રિન્સિપાલ, રમતગમત વિભાગ, એનસીસી, એનએસએસ, સ્ટાફ સભ્યો તથા વિદ્યાર્થી સ્વયંસેવકોએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ખેલાડીઓ, અધિકારીઓ, મહેમાનો તેમજ સહયોગી સ્ટાફનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## શ્રી સોમનાથ ટ્રસ્ટના મહિલા સશક્તિકરણ ના અનોખા સેવાયજ્ઞને પૂ.મોરારીબાપુના સાધુવાદ

નરેન્દ્ર દવે જૂનાગઢ



સોમનાથ મહાદેવના દર્શનાર્થે પધારેલા પૂજ્ય મોરારીબાપુએ શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતા મહિલા સશક્તિકરણના અનોખા સેવાયજ્ઞ ની મુલાકાત લીધી હતી. આ તકે સખીમંડળ ની બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલ 'વસ્ત્ર પ્રસાદ'નું નિદર્શન કરી બાપુએ હર્ષની લાગણી અને ખૂબ આદરભાવ વ્યક્ત કર્યો હતો.

ગ્રામીણ મહિલાઓને તાલીમ અને રોજગારી:શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ગ્રામ્ય સખીમંડળ અને સ્વ-સહાય જૂથની મહિલાઓને સીવણ અને રાચરચીલા નિર્માણની તાલીમ આપવામાં આવે છે. ત્યારબાદ તેમને સિલાઈ મશીન અને તમામ સામગ્રી પૂરી પાડવામાં આવે છે. આ બહેનો સોમનાથ મહાદેવને અર્પણ થતા વસ્ત્રો, પાઘ અને પીતાંબરમાંથી કલાત્મક ઝભ્ભા, તોરણ, ચાકડા, ટોડલા અને આસન સહિતની સામગ્રીઓનું નિર્માણ કરે છે. આ વસ્ત્ર પ્રસાદ ભક્તોને શિવત્વનો પરમ અનુભવ કરાવે છે. ૨૧,૦૦૦ વસ્ત્રોનું સેવાકાર્ય અને વિતરણ: અત્યાર સુધીમાં મહાદેવને આભિષૂત વસ્ત્રોમાંથી બહેનોને વસ્ત્ર પ્રસાદ નિર્માણનો લાભ આપીને રાજ્યમાં ૨૧,૦૦૦ જેટલા વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આ વસ્ત્ર પ્રસાદ સમયાંતરે રાજ્યના વિવિધ વૃદ્ધાશ્રમો, દિવ્યાંગગૃહો અને ટ્રાઈબલ બેલ્ટ ના જિલ્લાઓમાં વિનામૂલ્યે વિતરિત કરવામાં આવે છે. આ ઉપરાંત ભક્તોની લાગણીને સન્માન આપીને ટ્રસ્ટ દ્વારા સ્થાનિક કક્ષાએ યાત્રીઓ માટે સોવેનિયર કાઉન્ટરો અને ઑનલાઈન ટ્રસ્ટની વેબસાઈટ પર વસ્ત્રપ્રસાદનું વેચાણનો પ્રારંભ કરેલ છે.

ભક્તિને કલાનો સંગમ: તાલીમ પામેલી બહેનો દ્વારા તૈયાર કરાયેલા ૫૦૦ જેટલા ઝભ્ભાનું સફળતાપૂર્વક વેચાણ થયું છે. વિશેષ બાબત એ છે કે કલાત્મક દૃષ્ટિને ભક્તિ સાથે ભેળવીને, સિલાઈ બાદ વધતા લેસના પટ્ટા, માળા અને બ્રોચ વગેરેનો સદુપયોગ કરી ગૃહસુશોભન અને ઘરમાં પવિત્રતા લાવતી ૫૦૦૦ જેટલી કલાત્મક વસ્તુઓ બનાવવામાં આવી છે. પૂજ્ય મોરારીબાપુએ બહેનો દ્વારા બનાવેલી આ તમામ વસ્તુઓનું નિદર્શન કર્યું હતું અને હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. શ્રી સોમનાથ ટ્રસ્ટના આદરણીય અધ્યક્ષશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સબકા સાથ, સબકા વિકાસ' મંત્રને સાકાર કરવા માટે ટ્રસ્ટ દ્વારા શરૂ કરાયેલ આ શ્રદ્ધા, કલા અને રોજગારી ની બેસ્ટ પ્રેક્ટિસ પ્રત્યે બાપુએ ખૂબ આદરભાવ વ્યક્ત કરી કામગીરીની પ્રસંશા કરી હતી.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી દ્વારા"નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન" નો થયો પ્રારંભ

નરેન્દ્ર દવે જૂનાગઢ

નશા મુક્ત ભારત અને વિકસિત ભારત ૨૦૪૭ના વિઝનને સાકાર કરવા તરફના એક મહત્વપૂર્ણ પગલા તરીકે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન' નો પ્રારંભ કરાવ્યો હતો. આ અભિયાન દ્વારા દેશના યુવાનોને જનભાગીદારી ની ભાવના સાથે નશાખોરી સામે જનઆંદોલનનું નેતૃત્વ કરવા માટે આહ્વાન કરવામાં આવ્યુ હતુ. માતુશ્રી જે.એસ.ગોધાણી મહિલા આર્ટ એન્ડ કોમર્સ કોલેજ, જોષીપુરા, જૂનાગઢ ખાતે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જુનાગઢ દ્વારા પ્રધાનમંત્રીના આહ્વાનને પ્રતિસાદ આપવા, સાથે ઝુંબેશને યુનિ.નાં કાર્યફલકની વિવિધ કોલેજનાં યુવાનોની સક્રિય ભાગીદારી સાથે માય ભારતના નેતૃત્વ હેઠળ દેશવ્યાપી જન આંદોલન તરીકે શરૂ કરવા ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડૉ.) પ્રતાપસિંહજીની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો હેતુ જાગરૂકતા, સમુદાય સહભાગિતા અને સતત જાહેર ભાગીદારીને પ્રોત્સાહન આપીને નશા મુક્ત ભારતનું નિર્માણ કરવાના સામૂહિક રાષ્ટ્રીય મિશનમાં યુવા નાગરિકોને એકજૂથ કરવાનો રહ્યો છે. પ્રધાનમંત્રીના સંબોધનથી પ્રેરિત થઈને, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ નશા મુક્ત ભારત અભિયાનમાં સક્રિય સહભાગિતા અંગે શપથ ગ્રહણ કર્યા હતા. ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જુનાગઢના વાઈસ ચાન્સેલર પ્રો.(ડૉ.) પ્રતાપસિંહજી ચૌહાણે યુનિ.નાં યુવા વિદ્યાર્થી સાથે સ્વાંદ સાધતા જણાવ્યુ હતુ કે પરંપરાગત જાગૃતિ કાર્યક્રમથી અલગ, 'નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન'ને ૧૦૦ અઠવાડિયા સુધી ચાલનારા સતત જનભાગીદારી આંદોલન તરીકે તૈયાર કરવામાં આવ્યું છે.

## સુરત-કડોદરા રોડ પર ખાડીપૂરના પાણી હજુ પણ ઓસર્યાં નથી

સુરત | સુરત શહેરમાં ભારે વરસાદની તીવ્રતા ઘટી હોવા છતાં ધીમી ધારે વરસાદ યથાવત છે. બીજી તરફ, સુરતના પ્રવેશદ્વાર સમાન સુરત-કડોદરા મુખ્ય માર્ગ પર ખાડીપૂરના પાણી હજુ પણ ઓસર્યા નથી. પરિણામે સારોલી નજીક અંદાજે એક કિલોમીટર સુધીનો એક સાઈડનો રોડ ખાડીના પાણીમાં ગરકાવ થતાં તંત્રે સતત બીજા દિવસે પણ વાહનવ્યવહાર માટે બંધ રાખ્યો છે. ખાડીના પાણી રોડ પર ફરી વળતાં સુરત તરફ આવતા અને જતા વાહનચાલકોને લાંબા ચક્કર મારવા પડી રહ્યા છે. સ્થાનિક રહેવાસીઓને પણ અવરજવર કરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. મુખ્ય માર્ગનો એક ભાગ બંધ હોવાથી ટ્રાફિકનું ભારણ અન્ય માર્ગો પર વધી ગયું છે અને વાહનોની અવરજવરમાં વિલંબ થઈ રહ્યો છે. સ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા અસરગ્રસ્ત માર્ગ પર બેરિકેડ મૂકી વાહનવ્યવહાર બંધ કરવામાં આવ્યો છે અને લોકોને સાવચેતી રાખવાની અપીલ કરવામાં આવી છે. ખાડીનું પાણી સંપૂર્ણપણે ઓસર્યા બાદ જ માર્ગ ફરી શરૂ કરવામાં આવશે.

FLAMES OF HOPE
Where Hope Meets Healing

# SOUL GYM

## अहम् ब्रह्मास्मि

**Daily Mind • Body • Soul Wellness Membership**

Just like your body needs daily exercise, your mind, emotions and soul deserve daily care too.

## SILVER

**3 MONTHS**
**WELLNESS JOURNEY**

16 Sessions / Month
Total: 48 Live Sessions

**₹ 6,000 + 18% GST**

### DAILY PRACTICES INCLUDE

- Guided Chakra Meditation
- Reiki-Based Relaxation Sessions
- Guided Hypnosis for Relaxation & Positive Mindset
- Theta Healing & Belief Transformation
- Stress Management Techniques
- Emotional Wellness Practices
- Self-Worth & Confidence Building
- Relationship Wellness & Communication
- Focus & Productivity Training
- Guided Water Healing Technique
- Essential Oil Charging & Mindful Usage
- Gratitude & Positive Affirmation Practice
- Breathing & Relaxation Exercises
- Visualization & Goal Setting
- Mindfulness & Inner Peace Sessions
- Yoga for Chakra Balancing
- Yoga for Aura Cleansing & Energy Enhancement
- Energy Protection & Aura Strengthening Practices
- Positive Mindset & Daily Life Transformation Activities

Daily Live Sessions
Supportive Community
Guided Transformation

## GOLD

**6 MONTHS**
**TRANSFORMATION JOURNEY**

20 Sessions / Month
Total: 120 Live Sessions

**₹ 12,000 + 18% GST**

### EVERYTHING IN SILVER PLUS

**BONUS #1**
**1 FREE**
Tarot Reading Session

**BONUS #2**
**1 FREE**
Personal Wellness Session (1-to-1)

Priority WhatsApp Community Support

Monthly Progress Review

Build Healthy Habits
Improve Emotional Balance
Reduce Stress
Enhance Focus & Productivity
Transform Your Life

## PLATINUM

**1 YEAR**
**COMPLETE WELLNESS JOURNEY**

20 Sessions / Month
Total: 240 Live Sessions

**₹ 25,000 + 18% GST**

### EVERYTHING IN GOLD PLUS

**BONUS #1**
**4 FREE** Tarot Reading Sessions

**BONUS #2**
**2 FREE** Personal Wellness Sessions (1-to-1)

**BONUS #3**
**ULTIMATE CHAKRA HEALING MASTERY VIDEO COURSE**
WORTH ₹50,000

- Learn The Science Behind Chakra Healing
- Learn All 7 Chakras in Complete Detail
- Nadis & Energy Flow Systems
- Planetary Associations of Each Chakra
- Crystals, Essential Oils & Chakra Healing
- Hormones, Body Parts & Chakra Connections
- Diseases & Their Possible Chakra Associations
- Chakra Healing Exercises & Affirmations
- Reiki & Chakra Healing
- Sound Therapy, Yoga, Food & Reflexology
- Palmistry & Chakra Associations

+ 3 Additional Bonuses

Lifetime Access • Watch Anytime
Learn at Your Own Pace
No Monthly Fees • No Recurring Charges

- Priority Appointment Booking
- VIP Members WhatsApp Community
- Quarterly Wellness Review
- Exclusive Members-Only Healing Workshops
- Premium Guided Meditation Library
- Priority Support
- Special Discounts on Future Workshops & Advanced Courses

## WHY JOIN SOUL GYM?

- Daily Live Guided Sessions
- Positive & Supportive Community
- Develop Healthy Daily Wellness Habits
- Improve Emotional Balance
- Build Self Confidence
- Learn Powerful Relaxation Techniques
- Lifetime Friendships & Community Support

*“ Physical fitness builds the body.*
*Soul Gym nurtures the mind, emotions and inner well-being.*
*Because true transformation begins from within. ”*

## ENROLL TODAY

+91-8970413579/8050121357
fohhealingschool.com

MIND CALM | EMOTIONS HEAL | ENERGY BALANCE | SOUL AWAKEN | LIFE TRANSFORM

INVEST A FEW HOURS EVERY MONTH...
AND A LIFETIME IN YOUR INNER WELL-BEING.

## તંત્રીની કલમે...

# બાવાના બેઉ બગડયા

નવીદિલ્હી : શુક્રવારે મધરાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રીલ બનાવીને કહ્યું હતું કે, એમને અને એમની માતાને ગંદી ગાળો આપનારને તેઓ માફ કરે છે. આ અપશબ્દો કહેનાર પણ આપણા જ બાળકો છે અને દેશનું ભવિષ્ય છે. જેવી વાતો એમણે કરી હતી. એમના આ વીડિયોને જોઈને ભાજપના કેટલાક કટ્ટર જમણેરીઓ નારાજ થઈ ગયા હતા. એમણે એવી ટીકા કરી હતી કે, પોતાની માતાને કોઈ ગાળ આપે તો સામાન્ય વ્યક્તિ પણ એ ચલાવી લે નહીં જ્યારે મોદી વડાપ્રધાન હોવા છતા તેઓ માતા પ્રત્યે સંવેદનશીલ દેખાતા નથી. બીજી તરફ મોદીના ટીકાકારોએ પણ આ વીડિયોની ટીકા કરી હતી. એમનું કહેવું હતું કે, મોદીએ ખરેખર તો વિદ્યાર્થીઓની માફી માગવી જોઈએ એને બદલે તેઓ વિદ્યાર્થીઓને માફ કરવાની વાત કરી રહ્યા છે. કોંગ્રેસના સિનિયર નેતા પી. ચીદમ્બરે પણ કહ્યું હતું કે, શું મોદી સોશ્યલ મીડિયા પર અભદ્ર ભાષાનો ઉપયોગ કરનાર ભાજપ આઈટી સેલના સભ્યોને પણ માફ કરશે? પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીના ૨૦ સાંસદો પક્ષ છોડીને નવા પક્ષ સીટીઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા (એનસીપીઆઇ) સાથે જોડાઈ ગયા હતા. છેલ્લા કેટલાક સમયથી એવી વાત ચાલી રહી છે કે, આ બધા સાંસદો વચ્ચે મનમેળ નથી અને ફરીથી ભાંગફોડ થઈ શકે છે. જોકે એનસીપીઆઇ સાથે જોડાયેલા સાંસદોએ આ વાતનો રદીયો આપ્યો છે. એનસીપીઆઇએ એક નિવેદન આપીને જાહેર કર્યું છે કે એમની અંદર મતભેદ હોવાના અહેવાલ ગેરમાર્ગે દોરનારા છે. અમારા પક્ષના તમામ સાંસદો એક સાથે છે. અમે બંગાળના વિકાસ અને રાષ્ટ્રીય હીત માટે કામ કરવા પ્રતિબદ્ધ છીએ. એનસીપીઆઇ સાથે જોડાયેલા સાંસદો હવે એનડીએને ટેકો આપતા હોવાથી એનડીએ માટે ખૂબ અગત્યના છે. તામિલનાડુ વિધાનસભાની ચૂંટણી પછી ડીએમકે અને કોંગ્રેસ વચ્ચેના સંબંધો બગડી ગયા છે. ડીએમકે કોંગ્રેસથી એટલું નારાજ છે કે હવે એ ઈન્ડિયા ગઠબંધનનો હિસ્સો બનવા માંગતુ નથી. તામિલનાડુમાં કોંગ્રેસે ડીએમકેનો સાથ છોડીને વિજયના પક્ષને ટેકો આપ્યો છે. ડીએમકેના નેતાઓએ કોગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગેની ઓફિસમાં થતી દરરોજની મીટીંગમાં ભાગ લેવાનું બંધ કરી દીધું છે. ડીએમકેના સિનિયર નેતા દયાનિધિ મારનએ કહ્યું હતું કે, 'અમે વિરોધપક્ષોની સાથે છીએ. જોકે અમે કોંગ્રેસની સાથે પણ નથી અને ઈન્ડિયા ગઠબંધનનો હિસ્સો પણ નથી, કારણ કે કોંગ્રેસે અમને દગો આપ્યો છે. આમ છતાં અમે કેટલાક મુદ્દે સરકારનો વિરોધ કરતા રહીએ છીએ. અમે હંમેશા નીટનો વિરોધ કર્યો છે અને એને ખતમ કરવા માંગીએ છીએ. અમારો ઉદ્દેશ ફક્ત તામિલનાડુનું હીત જોવાનો છે.' જંતર મંતર ખાતે કોકરોચ જનતા પાર્ટીએ આંદોલન શરૂ કર્યું ત્યારે સોનમ વાંગચૂક એના ટેકામાં આમરણાંત ભૂખ હડતાળ પર ઉતર્યા હતા. સરકારે જ્યારે એમને ઉપાડીને હોસ્પિટલમાં દાખલ કર્યા પછી ધીમે ધીમે તેઓ આંદોલનથી વિમુખ થઈ ગયા હતા. સરકારી મંત્રીઓના હાથે પારણા કર્યા પછી એમનો સુર બદલાઈ ગયો હતો. એમની હાલત લગભગ અન્ના હજારે જેવી જ થઈ છે. એમણે પારણા કર્યા પછી સીજેપીના કોઈ નેતા એમને મળવા ગયા નહોતા. હવે સોનમ વાંગચૂક લદ્દાખના પોતાના ગામ પહોંચી ગયા છે. તેઓ સુખી જણાય છે. એમણે પોતાના ગામથી એક વીડિયો સોશ્યલ મીડિયા એક્સ પર મૂક્યો છે. આ વીડિયોમાં જોકે એમણે સરકારને આપેલા વચનની યાદ અપાવી છે અને કહ્યું છે કે દેખાવમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ પર કોઈ કાર્યવાહી થવી જોઈએ નહીં. જોકે બહુ ઓછા માને છે કે સોનમ વાંગચૂક ફરીથી સીજેપીને ટેકો આપવા દિલ્હી આવશે.નીટ પેપર લીક માટે જંતર મંતર પર થયેલું કોકરોચ જનતા પાર્ટીનું આંદોલન તો હવે સમાપ્ત થઈ ગયું છે, પરંતુ ઝારખંડમાં જેપીએસસી પેપર લીક વિરુદ્ધ શરૂ થયેલું આંદોલન ધીમે ધીમે જોર પકડી રહ્યું છે. રાંચીના જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમની બહાર પ્રદર્શનકારીઓની ભીડ વધતી જાય છે. વિદ્યાર્થીઓનું આ પ્રદર્શન સરકાર વિરુદ્ધ છે. ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશન (જેપીએસસી) ની પરીક્ષામાં ગોટાળા થયાનો આક્ષેપ કરીને વિદ્યાર્થીઓ આંદોલન કરી રહ્યા છે. જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમની બહાર રાજ્યભરના વિદ્યાર્થીઓ આવી રહ્યા છે અને આ સંખ્યા લગભગ ૫ હજારથી વધુ પહોંચી ગઈ છે. આંદોલન માટે ફંડ ઉઘરાવવામાં આવી રહ્યું છે. આંદોલન સ્થળે ભેગા થયેલા વિદ્યાર્થીઓ કહી રહ્યા છે કે, 'જ્યારે ૫૬ ઈંચવાળા ઝુકી ગયા છે ત્યારે ૫૬ બેઠક વાળાએ પણ ઝુકવું પડશે.'

## છોટાઉદેપુરના સંખેડામાં ઓરસંગ નદી કિનારે મળી આવ્યો અદભૂત પથ્થર, જે પાણીમાં ડૂબવાને બદલે તરે છે



રિપોર્ટર | કમલેશ પટેલ. સંખેડા

છોટાઉદેપુર જિલ્લાના સંખેડામાં ઓરસંગ નદીના કિનારે એક પથ્થર મળી આવ્યો છે જે પાણીમાં ડૂબવાને બદલે તરે છે. આ ઘટનાથી સ્થાનિક લોકોમાં કુતૂહલ સર્જાયું છે.ગઈકાલે એક યુવકને નદી કિનારે ફરતી વખતે આ પથ્થર મળ્યો હતો. યુવકે તેને પાણીમાં મૂકતા જ તે તરવા લાગ્યો હતો, જે સામાન્ય પથ્થરોથી વિપરીત છે.હાલમાં આ તરતો પથ્થર સંખેડાના બઝાર રોડ પર આવેલી ગુજરાત હોટલ ખાતે રાખવામાં આવ્યો છે. આ સમાચાર ફેલાતા જ પથ્થરને જોવા માટે લોકોની ભીડ ઉમટી રહી છે.આ પથ્થરને લઈને સ્થાનિક લોકોમાં વિવિધ ચર્ચાઓ ચાલી રહી છે, જેમાં કેટલાક તેને શુભ સંકેત માની રહ્યા છે.

## શબરી માતાની સનાતન ભૂમિ ડાંગમાં પંચ-દિવસીય કુમારીકાઓ માટેનો વ્રત ઉત્સવ સફળતાપૂર્વક સંપન્ન..



ડાંગ | આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત ડાંગની 'શિવાશ્રય તેજસ્વીની કન્યા છાત્રાલય, વાસુર્ણા' ખાતે વૈદિક પરંપરા અને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે અલુણા વ્રત તથા જયાપાર્વતી વ્રતની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.શબરી માતાની પવિત્ર અને સનાતન ભૂમિ પર આયોજિત આ વ્રત ઉત્સવમાં છાત્રાલયની કન્યાઓએ સતત પાંચ દિવસ સુધી સંયમ અને નિષ્ઠાપૂર્વક ઉપવાસ-વ્રત કર્યા હતા. આ વ્રતનો મુખ્ય હેતુ દીકરીઓમાં બુદ્ધિ, જ્ઞાન, પ્રેમ, તેજસ્વીતા અને શક્તિ જેવા સદ્ગુણોનું સિંચન કરવાનો તથા ભારતીય સંસ્કૃતિના મૂલ્યોનું જતન કરવાનો હતો.વ્રતના અંતિમ દિવસે રાત્રિ દરમિયાન જાગરણ ઉત્સવનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બ્રહ્મવાદીની પૂજ્ય હેતલ દીદી તથા ધનસુખભાઈ (જયાલક્ષ્મી તેજસ્વીની સંસ્કૃતિ પરિવાર)ના ગરિમામય સાનિધ્યમાં ભજન, કીર્તન અને સત્સંગનો ત્રિવેણી સંગમ રચાયો હતો.

ભક્તિમય વાતાવરણમાં દીકરીઓ અને ગ્રામજનો ભાવવિભોર બન્યા હતા. વહેલી સવારે શાસ્ત્રીય પરંપરા મુજબ પુરોહિત મુલજીભાઈ દ્વારા જ્વારા પૂજન તેમજ પંચાયતન પૂજા વિધિવત રીતે સંપન્ન કરાવવામાં આવી હતી. ત્યારબાદ તમામ દીકરીઓ ભાવપૂર્વક ગામના નદી કિનારે પહોંચી હતી, જ્યાં જ્વારાનું વિસર્જન કરી શાસ્ત્રોક્ત રીતે પારણાં કરીને વ્રતની પૂર્ણાહુતિ કરી હતી.આ સમગ્ર આયોજનથી કન્યાઓમાં ભારતીય વૈદિક સંસ્કૃતિ, ધાર્મિક નિષ્ઠા અને સંસ્કારોનું પ્રબળ સિંચન થયું હતુ..

# NFR ની RPF એ સતર્કતા અભિયાન ચાલુ રાખ્યું: બચાવ અને પુનઃપ્રાપ્તિ સહિત 15 સફળ કામગીરી હાથ ધરી

માલીગાંવ : નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વેના રેલ્વે પ્રોટેક્શન ફોર્સ (RPF) એ 28 અને 29 જુલાઈ, 2026 ના રોજ તેના અધિકારક્ષેત્રમાં 15 મહત્વપૂર્ણ કામગીરી સફળતાપૂર્વક હાથ ધરીને મુસાફરોની સલામતી, ગુના નિવારણ અને માનવતાવાદી સેવા પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને જાળવી રાખી. આ કામગીરી - મુસાફરોની સહાય અને ગુના શોધથી લઈને એન્ટી-ટાઉટ ડ્રાઈવ, ગેરકાયદેસર અને ચોરાયેલી મિલકતની રિકવરી, સંવેદનશીલ વ્યક્તિઓને બચાવવા અને રેલ્વે સંપત્તિનું રક્ષણ - એ RPF કર્મચારીઓની અતૂટ સતર્કતા અને સમર્પણનું પ્રદર્શન કર્યું.

ઉદાહરણીય તત્પરતા દર્શાવતા, RPF કર્મચારીઓએ પૂર્ણિયા રેલ્વે સ્ટેશન પર ટ્રેન નંબર 15701 પર મુસાફરી કરી રહેલી એક વૃદ્ધ મહિલા મુસાફરને સમયસર હોસ્પિટલ પહોંચાડીને તેનો જીવ બચાવ્યો. અન્ય એક ઘટનામાં, તેઓએ ટ્રેન નંબર 15743 પર મુસાફરી કરી રહેલી એક બીમાર મુસાફરને તાત્કાલિક તબીબી સહાય સુનિશ્ચિત કરવા માટે ગંગારામપુર રેલ્વે સ્ટેશનની નજીકની હોસ્પિટલમાં દાખલ કરી.

ગેરકાયદેસર દારૂના પરિવહન સામેની તેમની ચાલી રહેલી ઝુંબેશને ચાલુ રાખીને, RPF એ રંગિયા રેલ્વે સ્ટેશન પર એક બિનદાવા કરાયેલા કન્સાઈન્મેન્ટમાંથી 'એસ્કુફ' કફ સિરપની 200 બોટલ જપ્ત કરી, જેની કિંમત આશરે 44,000 છે. બારસોઈ, ન્યુ જલપાઈગુડી અને કિશનગંજ રેલ્વે સ્ટેશન પર હાથ ધરવામાં આવેલી ત્રણ અલગ અલગ કામગીરીમાં, RPF એ આશરે 28,000 ની કિંમતની 119 બોટલ ગેરકાયદેસર દારૂ પણ જપ્ત કર્યો. જપ્ત કરાયેલી વસ્તુઓ વધુ કાનૂની કાર્યવાહી માટે સંબંધિત એક્સાઇઝ અને પોલીસ અધિકારીઓને સોંપવામાં આવી હતી.

રેલ્વે સંબંધિત ગુનાઓ સામેના તેમના સતત પ્રયાસોના ભાગ રૂપે, RPF કર્મચારીઓએ ચોરી સંબંધિત ગુનાઓમાં સંડોવાયેલા પાંચ વ્યક્તિઓ અને એક રેલ્વે ટિકિટ દલાલ સહિત છ ગુનેગારોની ધરપકડ કરી. આ કામગીરી દરમિયાન, આશરે 72,000 ની કિંમતના પાંચ ચોરાયેલા મોબાઈલ ફોન, એક 'તત્કાલ' ટિકિટ અને ભૂતકાળની મુસાફરીમાંથી બે ટિકિટ (જેની કિંમત આશરે 5,000 છે) જપ્ત કરવામાં આવી હતી. આરોપી વ્યક્તિઓ અને જપ્ત કરાયેલી મિલકત વધુ કાનૂની કાર્યવાહી માટે સંબંધિત કાયદા અમલીકરણ એજન્સીઓને સોંપવામાં આવી હતી.




માનવતાવાદી સેવા અને બાળ સુરક્ષા પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતા દર્શાવતા, RPF જવાનોએ ટાંગલા, બારપેટા રોડ, ગુવાહાટી, કિશનગંજ અને ન્યુ જલપાઈગુડી રેલ્વે સ્ટેશનો પરથી 11 મુશ્કેલીગ્રસ્ત વ્યક્તિઓને સુરક્ષિત રીતે બચાવી લીધા - જેમાં 10 સગીરો (07 છોકરાઓ અને 03 છોકરીઓ) અને એક સંવેદનશીલ પુખ્ત મહિલાનો સમાવેશ થાય છે. બચાવેલા સગીરોને સંભાળ અને રક્ષણ માટે તેમના માતાપિતા અથવા સંબંધિત બાળ કલ્યાણ સમિતિઓ અને બાળ સંભાળ સંસ્થાઓને સુરક્ષિત રીતે સોંપવામાં આવ્યા હતા. ન્યુ જલપાઈગુડી રેલ્વે સ્ટેશન પર બચાવેલી પુખ્ત મહિલાને તેના મોટા ભાઈ સાથે સફળતાપૂર્વક ફરીથી ભેળવી દેવામાં આવી હતી.

એક સંકલિત પ્રયાસમાં, કટિહાર (પશ્ચિમ) ના RPF કર્મચારીઓએ, એન્જિનિયરિંગ વિભાગના સહયોગથી, કટિહાર રેલ્વે સ્ટેશન પર અતિક્રમણ વિરોધી ઝુંબેશ હાથ ધરી. તેમણે 109 એકર કોસી ગ્રીન ગોલ્ફ ક્લબની સીમા દિવાલને અડીને રેલ્વે જમીન પર બનેલા અનધિકૃત બાંધકામોને દૂર કર્યા, જેનાથી રેલ્વે મિલકતની સુરક્ષા સુનિશ્ચિત થઈ.

આ બે દિવસના સમયગાળામાં, RPF ના જવાનોએ 15 કામગીરી સફળતાપૂર્વક હાથ ધરી: એક મુસાફરનો જીવ બચાવ્યો, બીજાને તબીબી સહાય પૂરી પાડી, છ ગુનેગારોને પકડ્યા, 11 પીડિત વ્યક્તિઓને બચાવ્યા અને અતિક્રમણ વિરોધી ઝુંબેશ ચલાવી. વધુમાં, તેઓએ 200 બોટલ કફ સિરપ, 119 બોટલ ગેરકાયદેસર દારૂ, પાંચ ચોરાયેલા મોબાઈલ ફોન અને રેલ્વે ટિકિટ જપ્ત કરી, જેની કુલ વસૂલાત કિંમત આશરે 1.50 લાખ છે.

આ કામગીરી મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરવા, રેલ્વે મિલકતનું રક્ષણ કરવા અને સમયસર સહાય પૂરી પાડવા માટે રેલ્વે સુરક્ષા દળના સમર્પણ, તકેદારી અને વ્યાવસાયિકતા દર્શાવે છે. ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે સલામત અને આરામદાયક મુસાફરી અનુભવ સુનિશ્ચિત કરવા માટે સક્રિય પોલીસિંગ, અસરકારક અમલીકરણ અને પ્રતિભાવશીલ જાહેર સેવા દ્વારા મુસાફરોની સલામતી અને સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.

## પૂરગ્રસ્તોની વ્હારે જિલ્લા પંચાયત પ્રમુખ ડિમ્પલબેન રાજ

મલેક યસદાની,ભરૂચ

ભરૂચ જિલ્લાના વાલીયા તાલુકામાં ભારે વરસાદ અને પૂરથી અસરગ્રસ્ત વિસ્તારોમાં જિલ્લા પંચાયત પ્રમુખ ડિમ્પલબેન રાજે ભાજપના આગેવાનો સાથે મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. અસરગ્રસ્ત પરિવારોને મળી તેમની મુશ્કેલીઓ જાણી તંત્ર દ્વારા ચાલી રહેલી રાહત કામગીરીની સમીક્ષા પણ કરવામાં આવી હતી. આ દરમિયાન જરૂરિયાતમંદ પરિવારોને અનાજ કિટ સહિતની આવશ્યક રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડિમ્પલબેન રાજે અસરગ્રસ્ત લોકોને હિંમત આપતાં જણાવ્યું હતું કે મુશ્કેલીની આ ઘડીમાં જિલ્લા પંચાયત અને સરકાર તેમની સાથે મજબૂતીથી ઉભી છે અને જરૂરી તમામ સહાય સમયસર પહોંચાડવામાં આવશે. મુલાકાત દરમિયાન સ્થાનિક ભાજપના હોદ્દેદારો, કાર્યકરો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌના સહયોગથી રાહત સામગ્રીનું સુવ્યવસ્થિત વિતરણ કરવામાં આવ્યું હતું. પૂરની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને પુનઃસ્થાપનની કામગીરી સતત ચાલુ રાખવામાં આવી રહી છે.



**વાલીયા તાલુકાના અસરગ્રસ્ત ગામોની મુલાકાત લઈ રાહત સામગ્રીનું વિતરણ, ભાજપ આગેવાનો પણ જોડાયા**

## નવસારી, ડાંગ અને વલસાડમાં પુરગ્રસ્તોની વ્હારે વલસાડ -ડાંગ સાંસદ ....

ડાંગ: છેલ્લા સપ્તાહમાં દક્ષિણ ગુજરાતમાં પડેલા અતિભારે વરસાદને કારણે સર્જાયેલી પૂરની સ્થિતિ બાદ સ્થાનિક લોકપ્રતિનિધિઓ અને તંત્ર દ્વારા રાહત-બચાવ અને સમીક્ષા કામગીરી તેજ કરવામાં આવી છે.આ શ્રેણીમાં વલસાડ-ડાંગ લોકસભા મતવિસ્તારના સાંસદ ધવલભાઈ પટેલે પૂરગ્રસ્ત વિસ્તારોની પ્રત્યક્ષ મુલાકાત લઈને સ્થિતિની ગંભીરતાથી સમીક્ષા કરી હતી. તેઓએ દક્ષિણ ગુજરાતના સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓ એવા નવસારી, ડાંગ અને વલસાડમાં પૂરના કારણે થયેલા વ્યાપક નુકસાનનો તાગ મેળવ્યો હતો.પોતાના પ્રવાસ દરમિયાન સાંસદ ધવલ પટેલે સૌથી પહેલાં નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના વિવિધ ગામોની મુલાકાત લીધી હતી. ત્યાં તેમણે અસરગ્રસ્ત ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધીને તેમની સમસ્યાઓ સાંભળી હતી અને જરૂરિયાતમંદ પરિવારોને રાહત કીટોનું વિતરણ કર્યું હતુ.ત્યારબાદ તેઓએ ડાંગ જિલ્લામાં પ્રવાસ કરીને પૂરના કારણે તૂટી ગયેલી પ્રોટેક્શન વોલ, પ્રખ્યાત ગિરા ધોધ/નદી વિસ્તાર, માર્ગો તથા પુલોને થયેલા નુકસાનનું સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતુ.આ ઉપરાંત, વલસાડ જિલ્લાના



કપરાડા, પારડી અને વલસાડ વિધાનસભા ક્ષેત્રોમાં પણ મુલાકાત લઈને નાગરિકો, વેપારીઓ અને ખેડૂતોને સાંત્વના પાઠવી હતી. સાંસદ ધવલ પટેલે મિડિયા સમક્ષ નિવેદન આપતા જણાવ્યું હતું કે, ખેતરો, દુકાનો અને માળખાકીય સુવિધાઓને થયેલા નુકસાન બદલ સુરત મોડેલની જેમ જ આ ત્રણેય જિલ્લાના પ્રભાવિત લોકોને વળતર ચૂકવવા રાજ્ય અને કેન્દ્ર સરકાર સંપૂર્ણ રીતે કટિબદ્ધ છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, તેઓએ તાજેતરમાં જ દેશના ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરીને દક્ષિણ ગુજરાતની પૂર પરિસ્થિતિ અને નુકસાન અંગે વિગતવાર અહેવાલ રજૂ કર્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ પણ ખાતરી આપી છે કે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને જરૂરી તમામ આર્થિક અને તકનીકી સહાય પૂરી પાડવામાં આવશે. સંકટની આ ઘડીમાં સરકાર અસરગ્રસ્તોની સાથે ખભેથી ખભો મિલાવીને ઊભી છે.આ પ્રસંગે ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ,ડાંગ જિલ્લા પંચાયતનાં ઉપપ્રમુખ ઉષાબેન ધર્મેશભાઈ પટેલ,ડાંગ ભાજપા પાર્ટી પ્રમુખ કિશોરભાઈ ગાવીત,આગેવાન ધર્મેશભાઈ પટેલ સહિત સંબંધિત વિભાગનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા..

## ભાવનગર મંડળના સતર્ક લોકો પાયલોટે એશિયાટિક સિંહને ટ્રેનની અડફેટે આવતાં બચાવ્યો

પશ્ચિમ રેલવેનું ભાવનગર મંડળ એશિયાટિક સિંહો તથા અન્ય વન્યજીવોની સુરક્ષા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. મંડળ પ્રશાસન દ્વારા સંવેદનશીલ વન્યજીવ વિસ્તારોમાં લોકો પાયલોટોને નિર્ધારિત ગતિમર્યાદાનું પાલન કરતાં અત્યંત સતર્કતા સાથે ટ્રેનોનું સંચાલન કરવા સૂચનાઓ આપવામાં આવી છે. રેલવે અને વન વિભાગ વચ્ચેના ઉત્તમ સમન્વય તેમજ લોકો પાયલોટોની સજાગતાના પરિણામે અનેક વન્યજીવોને સંભવિત દુર્ઘટનાઓમાંથી સુરક્ષિત બચાવી શકાયા છે.વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન કુલ 159, નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન 129 તથા વર્તમાન નાણાકીય વર્ષ 2026-27માં એપ્રિલ મહિનાથી અત્યાર સુધી કુલ 33 એશિયાટિક સિંહોને સંભવિત રેલ દુર્ઘટનાઓમાંથી સુરક્ષિત બચાવવામાં આવ્યા છે.આ જ ક્રમમાં, તા. 02 ઓગસ્ટ, 2026ના રોજ લોકો પાયલોટ શ્રી મહેન્દ્ર લકુમ (મુખ્યાલય - સુરેન્દ્રનગર ગેટ) તથા વરિષ્ઠ સહાયક લોકો પાયલોટ શ્રી વિકાસ બૈરવા (મુખ્યાલય - સુરેન્દ્રનગર ગેટ) એક માલગાડીનું સંચાલન કરી રહ્યા હતા. દામનગર-લીલિયા મોટા રેલખંડ પર કિલોમીટર નં. 25/6-25/7 નજીક રેલવે ટ્રેક પર એક એશિયાટિક સિંહ ઊભો જોવા મળ્યો. પરિસ્થિતિની ગંભીરતાને સમજી બંને લોકો પાયલોટોએ તાત્કાલિક સૂઝબૂઝ અને સતર્કતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતાં ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને સુરક્ષિત રીતે અટકાવી દીધી, જેના કારણે સિંહ સંભવિત દુર્ઘટનાનો ભોગ બનતા બચી ગયો.ત્યારબાદ લોકો પાયલોટે તરત જ ટ્રેન મેનેજર (ગાર્ડ)ને ઘટનાની જાણ કરી. માહિતી મળતા જ વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા અને સિંહને સુરક્ષિત રીતે રેલવે ટ્રેક પરથી દૂર ખસેડ્યો. પરિસ્થિતિ સામાન્ય બન્યા બાદ ટ્રેનને ફરી પ્રસ્થાન કરવાની મંજૂરી આપવામાં આવી અને માલગાડીને સાવચેતીપૂર્વક તેના ગંતવ્ય તરફ રવાના કરવામાં આવી.

ઘટનાની જાણ થતા મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી ઋત્વિક શર્મા સહિત મંડળના વરિષ્ઠ અધિકારીઓએ લોકો પાયલોટોની સતર્કતા, ત્વરિત નિર્ણય ક્ષમતા, સંવેદનશીલતા તથા કર્તવ્યનિષ્ઠાની પ્રશંસા કરી તેમને અભિનંદન પાઠવ્યા.ભાવનગર મંડળ ભવિષ્યમાં પણ વન્યજીવ સંરક્ષણ પ્રત્યે પોતાની અડગ પ્રતિબદ્ધતા જાળવી રાખીને રેલવે તથા વન વિભાગના સંકલિત પ્રયાસો દ્વારા એશિયાટિક સિંહો તેમજ અન્ય વન્યજીવોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સતત કાર્ય કરતું રહેશે.

## ગાંધીનગર શહેરનો 62મો સ્થાપના દિવસ

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં કોબા તળાવ ખાતે ત્રિવિધ કાર્યક્રમો યોજાયા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર શહેરના સ્થાપના દિવસ નિમિત્તે કોબા તળાવ ખાતે વૃક્ષારોપણ, 'કેચ ધ રેઈન' અંતર્ગત રિચાર્જ વેલની મુલાકાત તથા વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓને લાભ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત 'એક પેડ માં કે નામ', 'કેચ ધ રેઈન' 'જેવા પર્યાવરણપ્રિય અભિયાનો સાકાર કરીને ગાંધીનગર મહાનગરપાલિકાએ સ્ટેટ કેપિટલના સ્થાપના દિવસની વિશેષ ઉજવણી કરી હતી. આ વિશેષ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાના ઉપક્રમે પર્યાવરણ સંરક્ષણ, વરસાદી પાણીનો સંગ્રહ, ભૂગર્ભ જળસ્તરમાં વધારો અને જનકલ્યાણકારી યોજનાઓના લાભો નાગરિકો સુધી પહોંચાડવાના ભાગરૂપે આયોજન થયું હતું.આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કોબા તળાવ પરિસર ખાતે વૃક્ષારોપણ કરી, વરસાદી પાણીના સંગ્રહ માટેના 'કેચ ધ રેઈન' અંતર્ગત તૈયાર કરાયેલા રિચાર્જ વેલની મુલાકાત લીધી હતી તથા વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓને લાભ વિતરણ કરાયા હતા.આ સમારોહમાં શહેરની સ્વચ્છતામાં પ્રશંસનીય કામગીરી કરનાર ૩ સફાઈ કર્મચારીઓને 'શ્રેષ્ઠ સફાઈ કર્મચારી' તરીકે પ્રત્યેકને રૂ.૧૦,૦૦૦ના પુરસ્કાર, એમ કુલ રૂ. ૩૦,૦૦૦ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.આ ઉપરાંત પીએમ સ્વનિધિ યોજના અંતર્ગત નાના વેપારીઓ અને શેરી ફેરિયાઓને આત્મનિર્ભર બનાવવા માટે પ્રતિકાત્મક ૪ લાભાર્થીઓને તેમજ કુલ ૮ લાભાર્થીઓને રૂ. ૨.૫૫ લાખની લોન સહાયનું વિતરણ કરાયું હતું. મુખ્યમંત્રીશ્રીએ ICDS પૂરક પોષણ યોજના અંતર્ગત કિશોરીઓ, બાળકો અને સગર્ભા માતાઓમાં કુપોષણ નાબૂદીના ઉદ્દેશથી ૩ લાભાર્થીઓને પોષણ કિટ અર્પણ કરી હતી. તેમજ શહેરના સ્થાપના દિવસે સમગ્ર શહેરમાં ૧૫૦૦ માતાઓને પોષણ કિટ આપવાનું આયોજન કરાયું છે. કેશલેસ આરોગ્ય સારવાર ઉપલબ્ધ કરાવવાના ભાગરૂપે ૨ લાભાર્થીઓને આયુષ્માન ભારત કાર્ડ પણ અર્પણ કરાયા હતા.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પૂર પ્રભાવિત રાજ્યો માટે રૂ. ૨,૧૧૭.૮૫ કરોડનું એડવાન્સ ભંડોળ કર્યું મંજૂર

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ચાલુ દક્ષિણ-પશ્ચિમ મનસૂન 2026 દરમિયાન પૂરથી પ્રભાવિત રાજ્યોને સહાય પૂરી પાડવા માટે રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળ (SDRF) ના કેન્દ્રીય હિસ્સામાંથી રૂ. 2,117.85 કરોડના અગાઉથી મંજૂર (એડવાન્સ) ભંડોળને મંજૂરી આપી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, સરકાર અસરકારક રાહત, બચાવ અને પુનર્વસન પગલાં માટે રાજ્યોને તમામ જરૂરી સહાય પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે અને પરિસ્થિતિ પર સતત બારીકાઈથી નજર રાખશે.ચોમાસાની શરૂઆતથી જ ભારત સરકાર રાજ્ય સરકારો સાથે યોગ્ય સંકલન કરીને પૂરની સ્થિતિ પર સતત નજર રાખી રહી છે. કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ બળ (NDRF) ની ટીમોનું અગાઉથી તૈનાતી અને સંરક્ષણ મંત્રાલય તરફથી લોજિસ્ટિકલ સહાય સહિત જ્યાં પણ જરૂર હોય ત્યાં તમામ સંભવિત સહાય પૂરી પાડી છે. નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે આંતર-મંત્રાલય કેન્દ્રીય ટીમો (IMCTs) ને અરુણાચલ પ્રદેશ અને આસામ ખાતે પહેલેથી જ મોકલવામાં આવી છે. પૂરની સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આસામમાં IMCT ની બે મુલાકાતો લેવામાં આવી છે. નાગાલેન્ડ સરકારની વિનંતી પર, રાજ્ય માટે પણ એક IMCT ની રચના કરવામાં આવી રહી છે. સાત પ્રભાવિત રાજ્યોમાંથી, હિમાચલ પ્રદેશ, ઓડિશા અને નાગાલેન્ડને નાણાકીય વર્ષ 2026-27 માટે SDRF નો પ્રથમ હપ્તો પહેલેથી જ મળી ચૂક્યો છે. રાહત કામગીરી માટે સમયસર ભંડોળની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે, કેન્દ્રીય ગૃહ મંત્રીએ હિમાચલ પ્રદેશ અને ઓડિશાને SDRF ના કેન્દ્રીય હિસ્સાના બીજા હપ્તાને એડવાન્સમાં મુક્ત કરવાની મંજૂરી આપી છે. વધુમાં, રાહત પગલાં માટે સંસાધનોની તાકીદની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, લાગુ માર્ગદર્શિકા હેઠળ દસ્તાવેજી જરૂરિયાતોમાં છૂટછાટ આપીને અરુણાચલ પ્રદેશ, આસામ, ગુજરાત અને મહારાષ્ટ્ર માટે SDRF ના કેન્દ્રીય હિસ્સાના પ્રથમ હપ્તાની એડવાન્સ રકમ છોડવાને પણ મંજૂરી આપવામાં આવી છે.પ્રભાવિત રાજ્યો માટે મંજૂર કરવામાં આવેલી સહાયમાં નાણાકીય વર્ષ 2026-27 માટે SDRF ના કેન્દ્રીય હિસ્સાના પ્રથમ હપ્તાની એડવાન્સ રકમ તરીકે અરુણાચલ પ્રદેશને રૂ. 44.55 કરોડનો સમાવેશ થાય છે. આસામને પ્રથમ હપ્તાની એડવાન્સ રકમ તરીકે રૂ. 379.35 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે, જ્યારે ગુજરાતને પ્રથમ હપ્તાની એડવાન્સ રકમ તરીકે રૂ. 500 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. હિમાચલ પ્રદેશ, જેણે 2026-27 માટે SDRFનો પ્રથમ હપ્તો મેળવી લીધો છે, તેને કેન્દ્રીય હિસ્સાના બીજા હપ્તાની એડવાન્સ રકમ તરીકે રૂ. 193.95 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. મહારાષ્ટ્રને પ્રથમ હપ્તાની એડવાન્સ રકમ તરીકે રૂ. 500 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. ઓડિશા, જેને પ્રથમ હપ્તો પહેલેથી જ મળી ચૂક્યો હતો, તેને બીજા હપ્તાની એડવાન્સ રકમ તરીકે રૂ. 500 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આ મંજૂરી સાથે, પૂર પ્રભાવિત રાજ્યોને તેમની ચાલુ રાહત અને પ્રતિભાવ ઉપાયોને મજબૂત કરવા માટે કુલ રૂ. 2,117.85 કરોડ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, સરકાર અસરકારક રાહત, બચાવ અને પુનર્વસન પગલાં માટે રાજ્યોને તમામ જરૂરી સહાય પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે

## વડનગરના શ્રાવણોત્સવને ડિજિટલ માધ્યમથી વૈશ્વિક ઓળખ અપાવવા 'શ્રાવણોત્સવ 2026 રીલ સ્પર્ધા'ની જાહેરાત

ગુજરાત સરકારનાં માહિતી કમિશનરની કચેરી દ્વારા વડનગર ખાતે યોજાનારા શ્રાવણોત્સવ-2026ને વધુ વ્યાપક લોકભાગીદારી અને ડિજિટલ માધ્યમ દ્વારા વૈશ્વિક ઓળખ અપાવવા માટે 'શ્રાવણોત્સવ 2026 રીલ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા ખાસ કરીને યુવાનો સહિત તમામ નાગરિકોને વડનગરના સાંસ્કૃતિક વૈભવ, આધ્યાત્મિક મહત્ત્વ, પ્રવાસન ક્ષમતા, લોકકલાઓ અને શ્રાવણોત્સવની ભવ્ય ઉજવણીને સર્જનાત્મક ટૂંકા વિડિયો (રીલ્સ) દ્વારા રજૂ કરવા પ્રોત્સાહિત કરશે. સ્પર્ધાનું આયોજન 2 ઓગસ્ટથી 5 ઓગસ્ટ, 2026 દરમિયાન MyGov ગુજરાત પોર્ટલ પર કરવામાં આવશે. સ્પર્ધકોને 'અનંત, અનાદિ વડનગર' વિષય પર 1થી 3 મિનિટની મૌલિક (Original) રીલ તૈયાર કરીને ઓનલાઈન સબમિટ કરવાની રહેશે. રીલ MP4, AVI અથવા MOV ફોર્મેટમાં અને ઓછામાં ઓછા 720p રિઝોલ્યુશનમાં હોવી જરૂરી રહેશે. સ્પર્ધામાં ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં એન્ટ્રી મોકલી શકાશે. જો વિડિયોમાં અન્ય કોઈ પ્રાદેશિક ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તો સબટાઇટલ્સ ફરજિયાત રહેશે. સ્પર્ધકો દ્વારા રજૂ કરવામાં આવતી રીલ સંપૂર્ણપણે સ્વયં શૂટ કરેલી અને ઓરિજિનલ હોવી જરૂરી છે. સ્ટોક ફૂટેજ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) દ્વારા તૈયાર કરાયેલી સામગ્રી અથવા કૉપિરાઇટ ધરાવતી સામગ્રી સ્વીકારવામાં આવશે નહીં.સ્પર્ધામાં ભાગ લેવા માટે માત્ર MyGov ગુજરાત પોર્ટલ મારફતે નોંધણી અને એન્ટ્રી સબમિટ કરી શકાશે. દરેક સ્પર્ધક માત્ર એક જ એન્ટ્રી મોકલી શકશે. અંતિમ તારીખ બાદ પ્રાપ્ત થયેલી એન્ટ્રી સ્વીકારવામાં આવશે નહીં. મૂલ્યાંકન માટે નિયુક્ત સમિતિનો નિર્ણય અંતિમ અને તમામ સ્પર્ધકો માટે બંધનકારક રહેશે. સ્પર્ધાના વિજેતાઓને આકર્ષક રોકડ ઈનામો આપવામાં આવશે. પ્રથમ વિજેતાને રૂ. 31,000, દ્વિતીય વિજેતાને રૂ. 21,000 અને તૃતીય વિજેતાને રૂ. 11,000નું ઈનામ એનાયત કરવામાં આવશે. ગુજરાત સરકારનો ઉદ્દેશ સર્જનાત્મક ડિજિટલ વાર્તાકથન દ્વારા નાગરિકોને ગુજરાતની સમૃદ્ધ સાંસ્કૃતિક ધરોહર સાથે જોડવાનો તેમજ શ્રાવણોત્સવ 2026 પ્રત્યે જનભાગીદારી વધારવાનો છે. સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મના માધ્યમથી યુવાનોને સાંસ્કૃતિક વારસાના સંવર્ધનમાં સહભાગી બનાવી શ્રાવણોત્સવને ડિજિટલ યુગના લોકોત્સવ તરીકે સ્થાપિત કરવાનો પ્રયાસ આ સ્પર્ધા દ્વારા કરવામાં આવ્યો છે.

## તંત્રીની કલમે...

# બાવાના બેઉ બગડયા

નવીદિલ્હી : શુક્રવારે મધરાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રીલ બનાવીને કહ્યું હતું કે, એમને અને એમની માતાને ગંદી ગાળો આપનારને તેઓ માફ કરે છે. આ અપશબ્દો કહેનાર પણ આપણા જ બાળકો છે અને દેશનું ભવિષ્ય છે. જેવી વાતો એમણે કરી હતી. એમના આ વીડિયોને જોઈને ભાજપના કેટલાક કટ્ટર જમણેરીઓ નારાજ થઈ ગયા હતા. એમણે એવી ટીકા કરી હતી કે, પોતાની માતાને કોઈ ગાળ આપે તો સામાન્ય વ્યક્તિ પણ એ ચલાવી લે નહીં જ્યારે મોદી વડાપ્રધાન હોવા છતા તેઓ માતા પ્રત્યે સંવેદનશીલ દેખાતા નથી. બીજી તરફ મોદીના ટીકાકારોએ પણ આ વીડિયોની ટીકા કરી હતી. એમનું કહેવું હતું કે, મોદીએ ખરેખર તો વિદ્યાર્થીઓની માફી માગવી જોઇએ એને બદલે તેઓ વિદ્યાર્થીઓને માફ કરવાની વાત કરી રહ્યા છે. કોંગ્રેસના સિનિયર નેતા પી. ચીદમ્બરે પણ કહ્યું હતું કે, શું મોદી સોશ્યલ મીડિયા પર અભદ્ર ભાષાનો ઉપયોગ કરનાર ભાજપ આઈટી સેલના સભ્યોને પણ માફ કરશે? પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીના ૨૦ સાંસદો પક્ષ છોડીને નવા પક્ષ સીટીઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા (એનસીપીઆઇ) સાથે જોડાઈ ગયા હતા. છેલ્લા કેટલાક સમયથી એવી વાત ચાલી રહી છે કે, આ બધા સાંસદો વચ્ચે મનમેળ નથી અને ફરીથી ભાંગફોડ થઈ શકે છે. જોકે એનસીપીઆઇ સાથે જોડાયેલા સાંસદોએ આ વાતનો રદીયો આપ્યો છે. એનસીપીઆઈએ એક નિવેદન આપીને જાહેર કર્યું છે કે એમની અંદર મતભેદ હોવાના અહેવાલ ગેરમાર્ગે દોરનારા છે. અમારા પક્ષના તમામ સાંસદો એક સાથે છે. અમે બંગાળના વિકાસ અને રાષ્ટ્રીય હીત માટે કામ કરવા પ્રતિબદ્ધ છીએ. એનસીપીઆઇ સાથે જોડાયેલા સાંસદો હવે એનડીએને ટેકો આપતા હોવાથી એનડીએ માટે ખૂબ અગત્યના છે. તામિલનાડુ વિધાનસભાની ચૂંટણી પછી ડીએમકે અને કોંગ્રેસ વચ્ચેના સંબંધો બગડી ગયા છે. ડીએમકે કોંગ્રેસથી એટલું નારાજ છે કે હવે એ ઈન્ડિયા ગઠબંધનનો હિસ્સો બનવા માંગતુ નથી. તામિલનાડુમાં કોંગ્રેસે ડીએમકેનો સાથ છોડીને વિજયના પક્ષને ટેકો આપ્યો છે. ડીએમકેના નેતાઓએ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગેની ઓફિસમાં થતી દરરોજની મીટીંગમાં ભાગ લેવાનું બંધ કરી દીધું છે. ડીએમકેના સિનિયર નેતા દયાનિધિ મારનએ કહ્યું હતું કે, 'અમે વિરોધપક્ષોની સાથે છીએ. જોકે અમે કોંગ્રેસની સાથે પણ નથી અને ઈન્ડિયા ગઠબંધનનો હિસ્સો પણ નથી, કારણ કે કોંગ્રેસે અમને દગો આપ્યો છે. આમ છતાં અમે કેટલાક મુદ્દે સરકારનો વિરોધ કરતા રહીએ છીએ. અમે હંમેશા નીટનો વિરોધ કર્યો છે અને એને ખતમ કરવા માંગીએ છીએ. અમારો ઉદ્દેશ ફક્ત તામિલનાડુનું હીત જોવાનો છે.' જંતર મંતર ખાતે કોકરોચ જનતા પાર્ટીએ આંદોલન શરૂ કર્યું ત્યારે સોનમ વાંગચૂક એના ટેકામાં આમરણાંત ભૂખ હડતાળ પર ઉતર્યા હતા. સરકારે જ્યારે એમને ઉપાડીને હોસ્પિટલમાં દાખલ કર્યા પછી ધીમે ધીમે તેઓ આંદોલનથી વિમુખ થઈ ગયા હતા. સરકારી મંત્રીઓના હાથે પારણા કર્યા પછી એમનો સુર બદલાઈ ગયો હતો. એમની હાલત લગભગ અન્ના હજારે જેવી જ થઈ છે. એમણે પારણા કર્યા પછી સીજેપીના કોઈ નેતા એમને મળવા ગયા નહોતા. હવે સોનમ વાંગચૂક લદ્દાખના પોતાના ગામ પહોંચી ગયા છે. તેઓ સુખી જણાય છે. એમણે પોતાના ગામથી એક વીડિયો સોશ્યલ મીડિયા એક્સ પર મૂક્યો છે. આ વીડિયોમાં જોકે એમણે સરકારને આપેલા વચનની યાદ અપાવી છે અને કહ્યું છે કે દેખાવમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ પર કોઈ કાર્યવાહી થવી જોઈએ નહીં. જોકે બહુ ઓછા માને છે કે સોનમ વાંગચૂક ફરીથી સીજેપીને ટેકો આપવા દિલ્હી આવશે.નીટ પેપર લીક માટે જંતર મંતર પર થયેલું કોકરોચ જનતા પાર્ટીનું આંદોલન તો હવે સમાપ્ત થઈ ગયું છે, પરંતુ ઝારખંડમાં જેપીએસસી પેપર લીક વિરુદ્ધ શરૂ થયેલું આંદોલન ધીમે ધીમે જોર પકડી રહ્યું છે. રાંચીના જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમની બહાર પ્રદર્શનકારીઓની ભીડ વધતી જાય છે. વિદ્યાર્થીઓનું આ પ્રદર્શન સરકાર વિરુદ્ધ છે. ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશન (જેપીએસસી) ની પરીક્ષામાં ગોટાળા થયાનો આક્ષેપ કરીને વિદ્યાર્થીઓ આંદોલન કરી રહ્યા છે. જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમની બહાર રાજ્યભરના વિદ્યાર્થીઓ આવી રહ્યા છે અને આ સંખ્યા લગભગ ૫ હજારથી વધુ પહોંચી ગઈ છે. આંદોલન માટે ફંડ ઉઘરાવવામાં આવી રહ્યું છે. આંદોલન સ્થળે ભેગા થયેલા વિદ્યાર્થીઓ કહી રહ્યા છે કે, 'જ્યારે ૫૬ ઈંચવાળા ઝુકી ગયા છે ત્યારે ૫૬ બેઠક વાળાએ પણ ઝુકવું પડશે.'

## છોટાઉદેપુરના સંખેડામાં ઓરસંગ નદી કિનારે મળી આવ્યો અદભુત પથ્થર, જે પાણીમાં ડૂબવાને બદલે તરે છે



રિપોર્ટર | કમલેશ પટેલ. સંખેડા

છોટાઉદેપુર જિલ્લાના સંખેડામાં ઓરસંગ નદીના કિનારે એક પથ્થર મળી આવ્યો છે જે પાણીમાં ડૂબવાને બદલે તરે છે. આ ઘટનાથી સ્થાનિક લોકોમાં કુતૂહલ સર્જાયું છે.ગઈકાલે એક યુવકને નદી કિનારે ફરતી વખતે આ પથ્થર મળ્યો હતો. યુવકે તેને પાણીમાં મૂકતા જ તે તરવા લાગ્યો હતો, જે સામાન્ય પથ્થરોથી વિપરીત છે.હાલમાં આ તરતો પથ્થર સંખેડાના બઝાર રોડ પર આવેલી ગુજરાત હોટલ ખાતે રાખવામાં આવ્યો છે. આ સમાચાર ફેલાતા જ પથ્થરને જોવા માટે લોકોની ભીડ ઉમટી રહી છે.આ પથ્થરને લઈને સ્થાનિક લોકોમાં વિવિધ ચર્ચાઓ ચાલી રહી છે, જેમાં કેટલાક તેને શુભ સંકેત માની રહ્યા છે.

## શબરી માતાની સનાતન ભૂમિ ડાંગમાં પંચ-દિવસીય કુમારીકાઓ માટેનો વ્રત ઉત્સવ સફળતાપૂર્વક સંપન્ન..



ડાંગ | આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત ડાંગની 'શિવાશ્રય તેજસ્વીની કન્યા છાત્રાલય, વાસુર્ણા' ખાતે વૈદિક પરંપરા અને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે અલુણા વ્રત તથા જયાપાર્વતી વ્રતની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.શબરી માતાની પવિત્ર અને સનાતન ભૂમિ પર આયોજિત આ વ્રત ઉત્સવમાં છાત્રાલયની કન્યાઓએ સતત પાંચ દિવસ સુધી સંયમ અને નિષ્ઠાપૂર્વક ઉપવાસ-વ્રત કર્યા હતા. આ વ્રતનો મુખ્ય હેતુ દીકરીઓમાં બુદ્ધિ, જ્ઞાન, પ્રેમ, તેજસ્વીતા અને શક્તિ જેવા સદ્‌ગુણોનું સિંચન કરવાનો તથા ભારતીય સંસ્કૃતિના મૂલ્યોનું જતન કરવાનો હતો.વ્રતના અંતિમ દિવસે રાત્રિ દરમિયાન જાગરણ ઉત્સવનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બ્રહ્મવાદીની પૂજ્ય હેતલ દીદી તથા ધનસુખભાઈ (જયાલક્ષ્મી તેજસ્વીની સંસ્કૃતિ પરિવાર)ના ગરિમામય સાનિધ્યમાં ભજન, કીર્તન અને સત્સંગનો ત્રિવેણી સંગમ રચાયો હતો.

ભક્તિમય વાતાવરણમાં દીકરીઓ અને ગ્રામજનો ભાવવિભોર બન્યા હતા. વહેલી સવારે શાસ્ત્રીય પરંપરા મુજબ પુરોહિત મુલજીભાઈ દ્વારા જ્વારા પૂજન તેમજ પંચાયતન પૂજા વિધિવત રીતે સંપન્ન કરાવવામાં આવી હતી. ત્યારબાદ તમામ દીકરીઓ ભાવપૂર્વક ગામના નદી કિનારે પહોંચી હતી, જ્યાં જ્વારાનું વિસર્જન કરી શાસ્ત્રોક્ત રીતે પારણાં કરીને વ્રતની પૂર્ણાહુતિ કરી હતી.આ સમગ્ર આયોજનથી કન્યાઓમાં ભારતીય વૈદિક સંસ્કૃતિ, ધાર્મિક નિષ્ઠા અને સંસ્કારોનું પ્રબળ સિંચન થયું હતુ..

# NFR ની RPF એ સતર્કતા અભિયાન ચાલુ રાખ્યું: બચાવ અને પુનઃપ્રાપ્તિ સહિત 15 સફળ કામગીરી હાથ ધરી

માલીગાંવ : નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વેના રેલ્વે પ્રોટેક્શન ફોર્સ (RPF) એ 28 અને 29 જુલાઈ, 2026 ના રોજ તેના અધિકારક્ષેત્રમાં 15 મહત્વપૂર્ણ કામગીરી સફળતાપૂર્વક હાથ ધરીને મુસાફરોની સલામતી, ગુના નિવારણ અને માનવતાવાદી સેવા પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને જાળવી રાખી. આ કામગીરી - મુસાફરોની સહાય અને ગુના શોધથી લઈને એન્ટી-ટાઉટ ડ્રાઈવ, ગેરકાયદેસર અને ચોરાયેલી મિલકતની રિકવરી, સંવેદનશીલ વ્યક્તિઓને બચાવવા અને રેલ્વે સંપત્તિનું રક્ષણ - એ RPF કર્મચારીઓની અતૂટ સતર્કતા અને સમર્પણનું પ્રદર્શન કર્યું.

ઉદાહરણીય તત્પરતા દર્શાવતા, RPF કર્મચારીઓએ પૂર્ણિયા રેલ્વે સ્ટેશન પર ટ્રેન નંબર 15701 પર મુસાફરી કરી રહેલી એક વૃદ્ધ મહિલા મુસાફરને સમયસર હોસ્પિટલ પહોંચાડીને તેનો જીવ બચાવ્યો. અન્ય એક ઘટનામાં, તેઓએ ટ્રેન નંબર 15743 પર મુસાફરી કરી રહેલી એક બીમાર મુસાફરને તાત્કાલિક તબીબી સહાય સુનિશ્ચિત કરવા માટે ગંગારામપુર રેલ્વે સ્ટેશનની નજીકની હોસ્પિટલમાં દાખલ કરી.

ગેરકાયદેસર દારૂના પરિવહન સામેની તેમની ચાલી રહેલી ઝુંબેશને ચાલુ રાખીને, RPF એ રંગિયા રેલ્વે સ્ટેશન પર એક બિનદાવા કરાયેલા કન્સાઈન્મેન્ટમાંથી 'એસ્કુફ' કફ સિરપની 200 બોટલ જપ્ત કરી, જેની કિંમત આશરે 44,000 છે. બારસોઈ, ન્યુ જલપાઈગુડી અને કિશનગંજ રેલ્વે સ્ટેશન પર હાથ ધરવામાં આવેલી ત્રણ અલગ અલગ કામગીરીમાં, RPF એ આશરે 28,000 ની કિંમતની 119 બોટલ ગેરકાયદેસર દારૂ પણ જપ્ત કર્યો. જપ્ત કરાયેલી વસ્તુઓ વધુ કાનૂની કાર્યવાહી માટે સંબંધિત એક્સાઈઝ અને પોલીસ અધિકારીઓને સોંપવામાં આવી હતી.

રેલ્વે સંબંધિત ગુનાઓ સામેના તેમના સતત પ્રયાસોના ભાગ











રૂપે, RPF કર્મચારીઓએ ચોરી સંબંધિત ગુનાઓમાં સંડોવાયેલા પાંચ વ્યક્તિઓ અને એક રેલ્વે ટિકિટ દલાલ સહિત છ ગુનેગારોની ધરપકડ કરી. આ કામગીરી દરમિયાન, આશરે 72,000 ની કિંમતના પાંચ ચોરાયેલા મોબાઈલ ફોન, એક 'તત્કાલ' ટિકિટ અને ભૂતકાળની મુસાફરીમાંથી બે ટિકિટ (જેની કિંમત આશરે 5,000 છે) જપ્ત કરવામાં આવી હતી. આરોપી વ્યક્તિઓ અને જપ્ત કરાયેલી મિલકત વધુ કાનૂની કાર્યવાહી માટે સંબંધિત કાયદા અમલીકરણ એજન્સીઓને સોંપવામાં આવી હતી.

માનવતાવાદી સેવા અને બાળ સુરક્ષા પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતા દર્શાવતા, RPF જવાનોએ ટાંગલા, બારપેટા રોડ, ગુવાહાટી, કિશનગંજ અને ન્યુ જલપાઈગુડી રેલ્વે સ્ટેશનો પરથી 11 મુશ્કેલીગ્રસ્ત વ્યક્તિઓને સુરક્ષિત રીતે બચાવી લીધા - જેમાં 10 સગીરો (07 છોકરાઓ અને 03 છોકરીઓ) અને એક સંવેદનશીલ પુખ્ત મહિલાનો સમાવેશ થાય છે. બચાવેલા સગીરોને સંભાળ અને રક્ષણ માટે તેમના માતાપિતા અથવા સંબંધિત બાળ કલ્યાણ સમિતિઓ અને બાળ સંભાળ સંસ્થાઓને સુરક્ષિત રીતે સોંપવામાં આવ્યા હતા. ન્યુ જલપાઈગુડી રેલ્વે સ્ટેશન પર બચાવેલી પુખ્ત મહિલાને તેના મોટા ભાઈ સાથે સફળતાપૂર્વક ફરીથી ભેળવી દેવામાં આવી હતી.

એક સંકલિત પ્રયાસમાં, કટિહાર (પશ્ચિમ) ના RPF કર્મચારીઓએ, એન્જિનિયરિંગ વિભાગના સહયોગથી, કટિહાર રેલ્વે સ્ટેશન પર અતિક્રમણ વિરોધી ઝુંબેશ હાથ ધરી. તેમણે 109 એકર કોસી ગ્રીન ગોલ્ફ ક્લબની સીમા દિવાલને અડીને રેલ્વે જમીન પર બનેલા અનધિકૃત બાંધકામોને દૂર કર્યા, જેનાથી રેલ્વે મિલકતની સુરક્ષા સુનિશ્ચિત થઈ.

આ બે દિવસના સમયગાળામાં, RPF ના જવાનોએ 15 કામગીરી સફળતાપૂર્વક હાથ ધરી: એક મુસાફરનો જીવ બચાવ્યો, બીજાને તબીબી સહાય પૂરી પાડી, છ ગુનેગારોને પકડ્યા, 11 પીડિત વ્યક્તિઓને બચાવ્યા અને અતિક્રમણ વિરોધી ઝુંબેશ ચલાવી. વધુમાં, તેઓએ 200 બોટલ કફ સિરપ, 119 બોટલ ગેરકાયદેસર દારૂ, પાંચ ચોરાયેલા મોબાઈલ ફોન અને રેલ્વે ટિકિટ જપ્ત કરી, જેની કુલ વસૂલાત કિંમત આશરે 1.50 લાખ છે.

આ કામગીરી મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરવા, રેલ્વે મિલકતનું રક્ષણ કરવા અને સમયસર સહાય પૂરી પાડવા માટે રેલ્વે સુરક્ષા દળના સમર્પણ, તકેદારી અને વ્યાવસાયિકતા દર્શાવે છે. ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે સલામત અને આરામદાયક મુસાફરી અનુભવ સુનિશ્ચિત કરવા માટે સક્રિય પોલીસિંગ, અસરકારક અમલીકરણ અને પ્રતિભાવશીલ જાહેર સેવા દ્વારા મુસાફરોની સલામતી અને સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.

# પૂરગ્રસ્તોની વ્હારે જિલ્લા પંચાયત પ્રમુખ ડિમ્પલબેન રાજ

મલેક યસદાની,ભરૂચ

ભરૂચ જિલ્લાના વાલીયા તાલુકામાં ભારે વરસાદ અને પૂરથી અસરગ્રસ્ત વિસ્તારોમાં જિલ્લા પંચાયત પ્રમુખ ડિમ્પલબેન રાજે ભાજપના આગેવાનો સાથે મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. અસરગ્રસ્ત પરિવારોને મળી તેમની મુશ્કેલીઓ જાણી તંત્ર દ્વારા ચાલી રહેલી રાહત કામગીરીની સમીક્ષા પણ કરવામાં આવી હતી. આ દરમિયાન જરૂરિયાતમંદ પરિવારોને અનાજ કિટ સહિતની આવશ્યક રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડિમ્પલબેન રાજે અસરગ્રસ્ત



**વાલીયા તાલુકાના અસરગ્રસ્ત ગામોની મુલાકાત લઈ રાહત સામગ્રીનું વિતરણ, ભાજપ આગેવાનો પણ જોડાયા**

લોકોને હિંમત આપતાં જણાવ્યું હતું કે મુશ્કેલીની આ ઘડીમાં જિલ્લા પંચાયત અને સરકાર તેમની સાથે મજબૂતીથી ઉભી છે અને જરૂરી તમામ સહાય સમયસર પહોંચાડવામાં આવશે. મુલાકાત દરમિયાન સ્થાનિક ભાજપના હોદ્દેદારો, કાર્યકરો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌના સહયોગથી રાહત સામગ્રીનું સુવ્યવસ્થિત વિતરણ કરવામાં આવ્યું હતું. પૂરની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને પુનઃસ્થાપનની કામગીરી સતત ચાલુ રાખવામાં આવી રહી છે.

# નવસારી, ડાંગ અને વલસાડમાં પુરગ્રસ્તોની વ્હારે વલસાડ -ડાંગ સાંસદ ....

ડાંગ: છેલ્લા સપ્તાહમાં દક્ષિણ ગુજરાતમાં પડેલા અતિભારે વરસાદને કારણે સર્જાયેલી પૂરની સ્થિતિ બાદ સ્થાનિક લોકપ્રતિનિધિઓ અને તંત્ર દ્વારા રાહત-બચાવ અને સમીક્ષા કામગીરી તેજ કરવામાં આવી છે.આ શ્રેણીમાં વલસાડ-ડાંગ લોકસભા મતવિસ્તારના સાંસદ ધવલભાઈ પટેલે પૂરગ્રસ્ત વિસ્તારોની પ્રત્યક્ષ મુલાકાત લઈને સ્થિતિની ગંભીરતાથી સમીક્ષા કરી હતી. તેઓએ દક્ષિણ ગુજરાતના સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓ એવા નવસારી, ડાંગ અને વલસાડમાં પૂરના કારણે થયેલા વ્યાપક નુકસાનનો તાગ મેળવ્યો હતો.પોતાના પ્રવાસ દરમિયાન સાંસદ ધવલ પટેલે સૌથી પહેલાં નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના વિવિધ ગામોની મુલાકાત લીધી હતી. ત્યાં તેમણે અસરગ્રસ્ત ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધીને તેમની સમસ્યાઓ સાંભળી હતી અને જરૂરિયાતમંદ પરિવારોને રાહત કીટોનું વિતરણ કર્યું હતુ.ત્યારબાદ તેઓએ ડાંગ જિલ્લામાં પ્રવાસ કરીને પૂરના કારણે તૂટી ગયેલી પ્રોટેક્શન વોલ, પ્રખ્યાત ગિરા ધોધ/નદી વિસ્તાર, માર્ગો તથા પુલોને થયેલા નુકસાનનું સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતુ.આ ઉપરાંત, વલસાડ જિલ્લાના



કપરાડા, પારડી અને વલસાડ વિધાનસભા ક્ષેત્રોમાં પણ મુલાકાત લઈને નાગરિકો, વેપારીઓ અને ખેડૂતોને સાંત્વના પાઠવી હતી. સાંસદ ધવલ પટેલે મિડિયા સમક્ષ નિવેદન આપતા જણાવ્યું હતું કે, ખેતરો, દુકાનો અને માળખાકીય સુવિધાઓને થયેલા નુકસાન બદલ સુરત મૉડેલની જેમ જ આ ત્રણેય જિલ્લાના પ્રભાવિત લોકોને વળતર ચૂકવવા રાજ્ય અને કેન્દ્ર સરકાર સંપૂર્ણ રીતે કટિબદ્ધ છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, તેઓએ તાજેતરમાં જ દેશના ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરીને દક્ષિણ ગુજરાતની પૂર પરિસ્થિતિ અને નુકસાન અંગે વિગતવાર અહેવાલ રજૂ કર્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ પણ ખાતરી આપી છે કે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને જરૂરી તમામ આર્થિક અને તકનીકી સહાય પૂરી પાડવામાં આવશે. સંકટની આ ઘડીમાં સરકાર અસરગ્રસ્તોની સાથે ખભેથી ખભો મિલાવીને ઊભી છે.આ પ્રસંગે ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ,ડાંગ જિલ્લા પંચાયતનાં ઉપપ્રમુખ ઉષાબેન ધર્મેશભાઈ પટેલ,ડાંગ ભાજપા પાર્ટી પ્રમુખ કિશોરભાઈ ગાવીત,આગેવાન ધર્મેશભાઈ પટેલ સહિત સંબંધિત વિભાગનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા..

# ભાવનગર મંડળના સતર્ક લોકો પાયલોટે એશિયાટિક સિંહને ટ્રેનની અડફેટે આવતાં બચાવ્યો

પશ્ચિમ રેલવેનું ભાવનગર મંડળ એશિયાટિક સિંહો તથા અન્ય વન્યજીવોની સુરક્ષા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. મંડળ પ્રશાસન દ્વારા સંવેદનશીલ વન્યજીવ વિસ્તારોમાં લોકો પાયલોટોને નિર્ધારિત ગતિમર્યાદાનું પાલન કરતાં અત્યંત સતર્કતા સાથે ટ્રેનોનું સંચાલન કરવા સૂચનાઓ આપવામાં આવી છે. રેલવે અને વન વિભાગ વચ્ચેના ઉત્તમ સમન્વય તેમજ લોકો પાયલોટોની સજાગતાના પરિણામે અનેક વન્યજીવોને સંભવિત દુર્ઘટનાઓમાંથી સુરક્ષિત બચાવી શકાયા છે.વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન કુલ 159, નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન 129 તથા વર્તમાન નાણાકીય વર્ષ 2026-27માં એપ્રિલ મહિનાથી અત્યાર સુધી કુલ 33 એશિયાટિક સિંહોને સંભવિત રેલ દુર્ઘટનાઓમાંથી સુરક્ષિત બચાવવામાં આવ્યા છે.આ જ ક્રમમાં, તા. 02 ઓગસ્ટ, 2026ના રોજ લોકો પાયલોટ શ્રી મહેન્દ્ર લકુમ (મુખ્યાલય - સુરેન્દ્રનગર ગેટ) તથા વરિષ્ઠ સહાયક લોકો પાયલોટ શ્રી વિકાસ બૈરવા (મુખ્યાલય - સુરેન્દ્રનગર ગેટ) એક માલગાડીનું સંચાલન કરી રહ્યા હતા. દામનગર-લીલિયા મોટા રેલખંડ પર કિલોમીટર નં. 25/6-25/7 નજીક રેલવે ટ્રેક પર એક એશિયાટિક સિંહ ઊભો જોવા મળ્યો. પરિસ્થિતિની ગંભીરતાને સમજી બંને લોકો પાયલોટોએ તાત્કાલિક સૂઝબૂઝ અને સતર્કતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતાં ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને સુરક્ષિત રીતે અટકાવી દીધી, જેના કારણે સિંહ સંભવિત દુર્ઘટનાનો ભોગ બનતા બચી ગયો.ત્યારબાદ લોકો પાયલોટે તરત જ ટ્રેન મેનેજર (ગાર્ડ)ને ઘટનાની જાણ કરી. માહિતી મળતા જ વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા અને સિંહને સુરક્ષિત રીતે રેલવે ટ્રેક પરથી દૂર ખસેડ્યો. પરિસ્થિતિ સામાન્ય બન્યા બાદ ટ્રેનને ફરી પ્રસ્થાન કરવાની મંજૂરી આપવામાં આવી અને માલગાડીને સાવચેતીપૂર્વક તેના ગંતવ્ય તરફ રવાના કરવામાં આવી.

ઘટનાની જાણ થતા મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી ઋત્વિક શર્મા સહિત મંડળના વરિષ્ઠ અધિકારીઓએ લોકો પાયલોટોની સતર્કતા, ત્વરિત નિર્ણય ક્ષમતા, સંવેદનશીલતા તથા કર્તવ્યનિષ્ઠાની પ્રશંસા કરી તેમને અભિનંદન પાઠવ્યા.ભાવનગર મંડળ ભવિષ્યમાં પણ વન્યજીવ સંરક્ષણ પ્રત્યે પોતાની અડગ પ્રતિબદ્ધતા જાળવી રાખીને રેલવે તથા વન વિભાગના સંકલિત પ્રયાસો દ્વારા એશિયાટિક સિંહો તેમજ અન્ય વન્યજીવોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સતત કાર્ય કરતું રહેશે.


## ગાંધીનગર શહેરનો 62મો સ્થાપના દિવસ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં કોબા તળાવ ખાતે ત્રિવિધ કાર્યક્રમો યોજાયા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર શહેરના સ્થાપના દિવસ નિમિત્તે કોબા તળાવ ખાતે વૃક્ષારોપણ, 'કેચ ધ રેઈન' અંતર્ગત રિચાર્જ વેલની મુલાકાત તથા વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓને લાભ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત 'એક પેડ માં કે નામ', 'કેચ ધ રેઈન' 'જેવા પર્યાવરણપ્રિય અભિયાનો સાકાર કરીને ગાંધીનગર મહાનગરપાલિકાએ સ્ટેટ કેપિટલના સ્થાપના દિવસની વિશેષ ઉજવણી કરી હતી. આ વિશેષ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાના ઉપક્રમે પર્યાવરણ સંરક્ષણ, વરસાદી પાણીનો સંગ્રહ, ભૂગર્ભ જળસ્તરમાં વધારો અને જનકલ્યાણકારી યોજનાઓના લાભો નાગરિકો સુધી પહોંચાડવાના ભાગરૂપે આયોજન થયું હતું.આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કોબા તળાવ પરિસર ખાતે વૃક્ષારોપણ કરી, વરસાદી પાણીના સંગ્રહ માટેના 'કેચ ધ રેઈન' અંતર્ગત તૈયાર કરાયેલા રિચાર્જ વેલની મુલાકાત લીધી હતી તથા વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓને લાભ વિતરણ કરાયા હતા.આ સમારોહમાં શહેરની સ્વચ્છતામાં પ્રશંસનીય કામગીરી કરનાર ૩ સફાઈ કર્મચારીઓને 'શ્રેષ્ઠ સફાઈ કર્મચારી' તરીકે પ્રત્યેકને રૂ.૧૦,૦૦૦ના પુરસ્કાર, એમ કુલ રૂ. ૩૦,૦૦૦ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.આ ઉપરાંત પીએમ સ્વનિધિ યોજના અંતર્ગત નાના વેપારીઓ અને શેરી ફેરિયાઓને આત્મનિર્ભર બનાવવા માટે પ્રતિકાત્મક ૪ લાભાર્થીઓને તેમજ કુલ ૮ લાભાર્થીઓને રૂ. ૨.૫૫ લાખની લોન સહાયનું વિતરણ કરાયું હતું.મુખ્યમંત્રીશ્રીએ ICDS પૂરક પોષણ યોજના અંતર્ગત કિશોરીઓ, બાળકો અને સગર્ભા માતાઓમાં કુપોષણ નાબૂદીના ઉદ્દેશથી ૩ લાભાર્થીઓને પોષણ કિટ અર્પણ કરી હતી. તેમજ શહેરના સ્થાપના દિવસે સમગ્ર શહેરમાં ૧૫૦૦ માતાઓને પોષણ કિટ આપવાનું આયોજન કરાયું છે. કેશલેસ આરોગ્ય સારવાર ઉપલબ્ધ કરાવવાના ભાગરૂપે ૨ લાભાર્થીઓને આયુષ્માન ભારત કાર્ડ પણ અર્પણ કરાયા હતા.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પૂર પ્રભાવિત રાજ્યો માટે રૂ. ૨,૧૧૭.૮૫ કરોડનું એડવાન્સ ભંડોળ કર્યું મંજૂર

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ચાલુ દક્ષિણ-પશ્ચિમ મનસૂન 2026 દરમિયાન પૂરથી પ્રભાવિત રાજ્યોને સહાય પૂરી પાડવા માટે રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળ (SDRF) ના કેન્દ્રીય હિસ્સામાંથી રૂ. 2,117.85 કરોડના અગાઉથી મંજૂર (એડવાન્સ) ભંડોળને મંજૂરી આપી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, સરકાર અસરકારક રાહત, બચાવ અને પુનર્વસન પગલાં માટે રાજ્યોને તમામ જરૂરી સહાય પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે અને પરિસ્થિતિ પર સતત બારીકાઈથી નજર રાખશે.ચોમાસાની શરૂઆતથી જ ભારત સરકાર રાજ્ય સરકારો સાથે યોગ્ય સંકલન કરીને પૂરની સ્થિતિ પર સતત નજર રાખી રહી છે. કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ બળ (NDRF) ની ટીમોનું અગાઉથી તૈનાતી અને સંરક્ષણ મંત્રાલય તરફથી લોજિસ્ટિકલ સહાય સહિત જ્યાં પણ જરૂર હોય ત્યાં તમામ સંભવિત સહાય પૂરી પાડી છે. નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે આંતર-મંત્રાલય કેન્દ્રીય ટીમો (IMCTs) ને અરુણાચલ પ્રદેશ અને આસામ ખાતે પહેલેથી જ મોકલવામાં આવી છે. પૂરની સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આસામમાં IMCT ની બે મુલાકાતો લેવામાં આવી છે. નાગાલેન્ડ સરકારની વિનંતી પર,



**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, સરકાર અસરકારક રાહત, બચાવ અને પુનર્વસન પગલાં માટે રાજ્યોને તમામ જરૂરી સહાય પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે**

રાજ્ય માટે પણ એક IMCT ની રચના કરવામાં આવી રહી છે. સાત પ્રભાવિત રાજ્યોમાંથી, હિમાચલ પ્રદેશ, ઓડિશા અને નાગાલેન્ડને નાણાકીય વર્ષ 2026-27 માટે SDRF નો પ્રથમ હપ્તો પહેલેથી જ મળી ચૂક્યો છે. રાહત કામગીરી માટે સમયસર ભંડોળની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે, કેન્દ્રીય ગૃહ મંત્રીએ હિમાચલ પ્રદેશ અને ઓડિશાને SDRF ના કેન્દ્રીય હિસ્સાના બીજા હપ્તાને એડવાન્સમાં મુક્ત કરવાની મંજૂરી આપી છે. વધુમાં, રાહત પગલાં માટે સંસાધનોની તાકીદની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, લાગુ માર્ગદર્શિકા હેઠળ દસ્તાવેજી જરૂરિયાતોમાં છૂટછાટ આપીને અરુણાચલ પ્રદેશ, આસામ, ગુજરાત અને મહારાષ્ટ્ર માટે SDRF ના કેન્દ્રીય હિસ્સાના પ્રથમ હપ્તાની એડવાન્સ રકમ છોડવાને પણ મંજૂરી આપવામાં આવી છે.પ્રભાવિત રાજ્યો માટે મંજૂર કરવામાં આવેલી સહાયમાં નાણાકીય વર્ષ 2026-27 માટે SDRF ના કેન્દ્રીય હિસ્સાના પ્રથમ હપ્તાની એડવાન્સ રકમ તરીકે અરુણાચલ પ્રદેશને રૂ. 44.55 કરોડનો સમાવેશ થાય છે. આસામને પ્રથમ હપ્તાની એડવાન્સ રકમ તરીકે રૂ. 379.35 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે, જ્યારે ગુજરાતને પ્રથમ હપ્તાની એડવાન્સ રકમ તરીકે રૂ. 500 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. હિમાચલ પ્રદેશ, જેણે 2026-27 માટે SDRFનો પ્રથમ હપ્તો મેળવી લીધો છે, તેને કેન્દ્રીય હિસ્સાના બીજા હપ્તાની એડવાન્સ રકમ તરીકે રૂ. 193.95 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. મહારાષ્ટ્રને પ્રથમ હપ્તાની એડવાન્સ રકમ તરીકે રૂ. 500 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. ઓડિશા, જેને પ્રથમ હપ્તો પહેલેથી જ મળી ચૂક્યો હતો, તેને બીજા હપ્તાની એડવાન્સ રકમ તરીકે રૂ. 500 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આ મંજૂરી સાથે, પૂર પ્રભાવિત રાજ્યોને તેમની ચાલુ રાહત અને પ્રતિભાવ ઉપાયોને મજબૂત કરવા માટે કુલ રૂ. 2,117.85 કરોડ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

# વડનગરના શ્રાવણોત્સવને ડિજિટલ માધ્યમથી વૈશ્વિક ઓળખ અપાવવા 'શ્રાવણોત્સવ 2026 રીલ સ્પર્ધા'ની જાહેરાત

ગુજરાત સરકારનાં માહિતી કમિશનરની કચેરી દ્વારા વડનગર ખાતે યોજાનારા શ્રાવણોત્સવ-2026ને વધુ વ્યાપક લોકભાગીદારી અને ડિજિટલ માધ્યમ દ્વારા વૈશ્વિક ઓળખ અપાવવા માટે 'શ્રાવણોત્સવ 2026 રીલ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા ખાસ કરીને યુવાનો સહિત તમામ નાગરિકોને વડનગરના સાંસ્કૃતિક વૈભવ, આધ્યાત્મિક મહત્ત્વ, પ્રવાસન ક્ષમતા, લોકકલાઓ અને શ્રાવણોત્સવની ભવ્ય ઉજવણીને સર્જનાત્મક ટૂંકા વિડિયો (રીલ્સ) દ્વારા રજૂ કરવા પ્રોત્સાહિત કરશે. સ્પર્ધાનું આયોજન 2 ઓગસ્ટથી 5 ઓગસ્ટ, 2026 દરમિયાન MyGov ગુજરાત પોર્ટલ પર કરવામાં આવશે. સ્પર્ધકોને 'અનંત, અનાદિ વડનગર' વિષય પર 1થી 3 મિનિટની મૌલિક (Original) રીલ તૈયાર કરીને ઓનલાઈન સબમિટ કરવાની રહેશે. રીલ MP4, AVI અથવા MOV ફોર્મેટમાં અને ઓછામાં ઓછા 720p રિઝોલ્યુશનમાં હોવી જરૂરી રહેશે. સ્પર્ધામાં ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં એન્ટ્રી મોકલી શકાશે. જો વિડિયોમાં અન્ય કોઈ પ્રાદેશિક ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તો સબટાઈટલ્સ ફરજિયાત રહેશે. સ્પર્ધકો દ્વારા રજૂ કરવામાં આવતી રીલ સંપૂર્ણપણે સ્વયં શૂટ કરેલી અને ઓરિજિનલ હોવી જરૂરી છે. સ્ટોક ફૂટેજ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) દ્વારા તૈયાર કરાયેલી સામગ્રી અથવા કૉપિરાઈટ ધરાવતી સામગ્રી સ્વીકારવામાં આવશે નહીં.સ્પર્ધામાં ભાગ લેવા માટે માત્ર MyGov ગુજરાત પોર્ટલ મારફતે નોંધણી અને એન્ટ્રી સબમિટ કરી શકાશે. દરેક સ્પર્ધક માત્ર એક જ એન્ટ્રી મોકલી શકશે. અંતિમ તારીખ બાદ પ્રાપ્ત થયેલી એન્ટ્રી સ્વીકારવામાં આવશે નહીં. મૂલ્યાંકન માટે નિયુક્ત સમિતિનો નિર્ણય અંતિમ અને તમામ સ્પર્ધકો માટે બંધનકારક રહેશે. સ્પર્ધાના વિજેતાઓને આકર્ષક રોકડ ઈનામો આપવામાં આવશે. પ્રથમ વિજેતાને રૂ. 31,000, દ્વિતીય વિજેતાને રૂ. 21,000 અને તૃતીય વિજેતાને રૂ. 11,000નું ઈનામ એનાયત કરવામાં આવશે. ગુજરાત સરકારનો ઉદ્દેશ સર્જનાત્મક ડિજિટલ વાર્તાકથન દ્વારા નાગરિકોને ગુજરાતની સમૃદ્ધ સાંસ્કૃતિક ધરોહર સાથે જોડવાનો તેમજ શ્રાવણોત્સવ 2026 પ્રત્યે જનભાગીદારી વધારવાનો છે. સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મના માધ્યમથી યુવાનોને સાંસ્કૃતિક વારસાના સંવર્ધનમાં સહભાગી બનાવી શ્રાવણોત્સવને ડિજિટલ યુગના લોકોત્સવ તરીકે સ્થાપિત કરવાનો પ્રયાસ આ સ્પર્ધા દ્વારા કરવામાં આવ્યો છે.



# હૃતિક રોશન પર ભડકી કંગના રનૌત

## કહ્યું- 'આગમાં ઘી હોમવાનું કામ બંધ કરો, સબા આઝાદ સાથે તમારી જોડી સારી લાગે છે'...

(એજન્સી) મુંબઈ | તા.02

કંગના રનૌતે હૃતિક રોશનને તેમના નામનો ઉપયોગ કરીને તેમને ટ્રોલ કરનારાઓની ટીકા કરવા અપીલ કરી અને કહ્યું કે આગમાં ઘી નાખવાનું ટાળવું જોઈએ.

તાજેતરમાં સોશિયલ મીડિયા પર 'ધ વર્લ્ડ ઓઝ એન અપૉલોજી ટુ હૃતિક રોશન (દુનિયાએ હૃતિક રોશનની માફી માંગવી જોઈએ.)' ટ્રેન્ડ સામે આવ્યો.

આ ટ્રેન્ડ તે નિવેદન પછી ચર્ચામાં આવ્યો, જેમાં કોકરોચ જનતા પાર્ટી (CJP) ના પ્રવક્તા સૌરભ દાસે બરખા દત્ત સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, 'મારા મિત્રો પણ મને મેસેજ કરી રહ્યા હતા કે હવે તે તારી પાછળ કેમ પડી છે? તેમાંથી એકે કહ્યું કે હું થોડો-ઘણો યંગ હૃતિક રોશન જેવો દેખાઉં છું.' સંપૂર્ણ સમાચાર અહીં વાંચો

આ ટ્રેન્ડ વચ્ચે ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે કંગના રનૌતને ટ્રોલ કરી. એક પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા હૃતિક રોશને કહ્યું હતું, મારા મિત્ર, માત્ર એટલા માટે કોઈ 'A' નો પક્ષ લેવો કારણ કે હવે તમે 'B' ને પસંદ નથી કરતા, તે આપણા સમાજને નુકસાન પહોંચાડતી એક મોટી પ્રણાલીગત સમસ્યાનો એક નાનો ભાગ છે. હું ત્યાં સુધી રાહ જોઈશ, જ્યાં સુધી તેની પાછળનો સંદર્ભ સાચો ન હોય અને તે તથ્યોથી પ્રેરિત ન હોય. તે સાચું હશે, પરંતુ ફરીથી, હવે કોને પરવા છે, ખરું ને?

કંગના રનૌતે હૃતિક રોશન પર નિશાન સાધ્યુંહૃતિકના આ રિએક્શન બાદ કંગના રનૌતે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું, 'પ્રિય હૃતિક, મને ખુશી છે કે તમને તમારો પરફેક્ટ પાર્ટનર મળી ગયો છે. સબા આઝાદ સાથે તમારી જોડી ખૂબ સારી લાગે છે અને તમે બંને એક સિરિયસ રિલેશનશિપમાં છો.'કંગનાએ

આગળ કહ્યું કે આવા સમયે કોઈ મહિલાને આ રીતે ચીડવવી કે તેની મજાક ઉડાવવી તમને શોભતું નથી. તેના બદલે, તમારે તે લોકોની નિંદા કરવી જોઈએ, જે તમારા નામનો ઉપયોગ કરીને મને પરેશાન કરી રહ્યા છે અને બુલી કરી રહ્યા છે.

પોતાની પોસ્ટના અંતમાં કંગનાએ લખ્યું, 'કૃપા કરીને આગમાં ઘી હોમવા જેવું વર્તન બંધ કરો અને તમારા પાર્ટનરને પણ આ રીતે શરમાવો નહીં. આશા છે કે તમે સમજદારીથી કામ લેશો અને આવી અયોગ્ય ટિપ્પણીઓ કરવાનું બંધ કરશો.'નોંધનીય છે કે કંગના અને હૃતિક વચ્ચેનો વિવાદ ઘણા વર્ષોથી ચર્ચામાં રહ્યો છે. કંગનાએ હૃતિકને પિંકવિલાને આપેલા ઈન્ટરવ્યુમાં પોતાનો સિલી એક્સ કહ્યો હતો. જ્યારે, હૃતિકે જાહેરમાં કોઈપણ સંબંધનો ઈનકાર કર્યો હતો અને એક્ટ્રેસને કાનૂની નોટિસ મોકલી હતી.

એક્ટરનો દાવો હતો કે તેમના નામથી એક નકલી ઈમેલ આઈડી બનાવીને કંગના સાથે વાતચીત કરવામાં આવી હતી, જ્યારે કંગનાનું કહેવું હતું કે તે ઈમેલ આઈડી પોતે હૃતિકે તેમને ઉપલબ્ધ કરાવી હતી.

# 'ધ એલાયન્સ'માં સલમાન ખાનની એન્ટ્રી : સોહેલ ખાન ભાવુક થયો

(એજન્સી) મુંબઈ | તા.02



પ્રાઈમ વીડિયોના શો 'ધ અલાયન્સ'ના આગામી એપિસોડના નવા પ્રોમોમાં સલમાન ખાનની ઘરમાં એન્ટ્રી બતાવવામાં આવી. આ દરમિયાન તેમણે ડેનિમ શર્ટ, ચારકોલ ટ્રાઉઝર અને કાઉબોય હેટ પહેરી હતી. સલમાનના આવતા જ સ્પર્ધકો ખુશી અને આશ્ચર્યથી ભરાઈ ગયા.

સોહેલ ખાન પોતાના ભાઈ સલમાન ખાનને જોઈને સૌથી વધુ આશ્ચર્યચકિત દેખાયા. તેમના ચહેરાના હાવભાવ આશ્ચર્યમાંથી ખુશીમાં બદલાઈ ગયા અને તેઓ સલમાનને ગળે લગાવવા આગળ વધ્યા. સલમાને તેને ગળે લગાવતા સ્મિત કરીને પૂછ્યું, 'શું ભાઈ?'

સલમાન ખાનની એન્ટ્રી પર બધા સ્પર્ધકો આશ્ચર્યચકિત થઈ ગયા.

પ્રોમો અનુસાર, સલમાનની એન્ટ્રી તે સમયે થઈ, જ્યારે સોહેલ ખાન પૂર્વ પત્ની સીમા સચદેવના શોમાંથી બહાર થવા અને ગ્રોઈનમાં ઈજા થવાને કારણે 'એલાયન્સ' હાઉસમાં ઉદાસ અનુભવી રહ્યા હતા.

તાજેતરના એપિસોડમાં સોહેલ ખાને પોતાને એલિમિનેશન માટે નોમિનેટ કર્યા હતા. તેમણે કહ્યું કે ઈજાના કારણે તેઓ ટાસ્કમાં યોગદાન આપી શક્યા ન હતા, જ્યારે અન્ય સ્પર્ધકો ઈજાગ્રસ્ત હોવા છતાં સ્પર્ધા કરી રહ્યા હતા. તેમને લાગ્યું કે તેઓ અપેક્ષાઓ પર ખરા ઉતરી શક્યા નથી. સલમાન ખાનની 'એલાયન્સ' હાઉસમાં એન્ટ્રીવાળો એપિસોડ આજે એટલે કે રવિવારે પ્રીમિયર થવાની અપેક્ષા છે.

રિયાલિટી ગેમ શો 'એલાયન્સ'ને કુણાલ ખેમુ હોસ્ટ કરી રહ્યા છે. શોમાં સંબંધો અને મિત્રતાના સમીકરણો દરરોજ બદલાતા રહે છે. આ શો પ્રાઈમ વીડિયો પર સ્ટ્રીમ થઈ રહ્યો છે, જેમાં ફિલ્મ અને ટીવી કલાકારોની સાથે ઘણા ઈન્ફ્લુએન્સર્સ પણ ભાગ લઈ રહ્યા છે. તેમાં સોહેલ ખાન, મિની માથુર, કુશાલ ટંડન અને નીતિ ટેલરનો સમાવેશ થાય છે.

શોમાં સીમા સચદેવની વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી થઈ હતી. જ્યારે શોમાં સીમાની એન્ટ્રી થઈ, ત્યારે સોહેલે તેમના વખાણ કર્યા હતા. તે દરમિયાન હોસ્ટ કુણાલે સોહેલને સીમા વિશે સવાલ કર્યો હતો, જેના પર તેમણે પોતાના લગ્ન અને સંબંધો વિશે ખુલીને વાત કરી હતી.

કુણાલ ખેમુએ પૂછ્યું હતું કે સીમાને શોમાં જોઈને તેમને કેવું લાગી રહ્યું છે. આના પર સોહેલ ખાને કહ્યું હતું કે તેમણે સીમા સાથે પોતાની જિંદગીના 25 વર્ષ વિતાવ્યા છે. તેમણે સીમાને એક સુંદર અને સારા દિલવાળી મહિલા ગણાવી. સોહેલે એ પણ કહ્યું હતું કે જો તેમના સંબંધમાં ક્યારેય કોઈ ભૂલ થઈ હશે, તો તે તેમની તરફથી થઈ હશે.

# નીટની પરીક્ષા ફરી આપવા મેં ગમતી બધી ચીજોનું બલિદાન આપેલું: માનુષી

**મુંબઈમાં, NEET પેપરલીક વિવાદ વચ્ચે 2017ની મિસ વર્લ્ડ માનુષી છિલ્લરે સોહા અલી ખાનના પોડકાસ્ટમાં પોતાના NEET પરીક્ષાના અનુભવો શેર કર્યા. માનુષીએ જણાવ્યું કે, 2015માં NEETની તૈયારી કરવી તેમના જીવનનો સૌથી મુશ્કેલ તબક્કો હતો. તેમને કુચીપુડી અને પેઈન્ટિંગ જેવા શોખ છોડવા પડ્યા હતા, છતાં પરિવારના સહકારથી તે આ પડકારનો સામનો કરી શક્યા.**

મુંબઈ : નીટ પરીક્ષાના પેપરલીકના મામલે શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપી દીધાં બાદ ૨૦૧૭ની મિસ વર્લ્ડ માનુષી છિલ્લરે પોતાના નીટ પરીક્ષાના અનુભવો સોહા અલી ખાન સમક્ષ તેના પોડકાસ્ટ દરમ્યાન વ્યક્ત કર્યા હતા.

માનુષીએ જણાવ્યું હતું કે સૌન્દર્ય સ્પર્ધામાં પ્રવેશી તે અગાઉ હું મેડિકલ ક્ષેત્રમાં અભ્યાસ કરવા માંગતી હતી. મને જ્યારે આ પરીક્ષા ફરી આપવા જણાવવામાં આવ્યું ત્યારે તેના બે પાસાં હતા. એક મારો અંગત અનુભવ અને બીજું પાસું એ સમજવું કે દેશમાં મોટાભાગના સ્ટુડન્ટ્સની વાસ્તવિકતા સમજવી. મારા માતાપિતા વર્ષો અગાઉ આ જ અવસ્થામાંથી પસાર થઇ ચૂક્યા હોઇ હું આ પ્રક્રિયા માટે માનસિક રીતે તૈયાર હતી. પણ તેને માટે મારે મને ગમતી તમામ ચીજોનું બલિદાન આપવું પડયુ હોઇ તે મારે માટે ખૂબ મુશ્કેલ બની રહી હતી. મારે આ પરીક્ષા ખાતર મારા કુચીપુડી ડાન્સ અને પેઈન્ટિંગના શોખને એક વર્ષ માટે બાજુ પર મુકી દેવા પડયા હતા.

માનુષીએ જણાવ્યું હતું કે જ્યારે તમે મહિનાઓ સુધી તૈયારીઓ કર્યા બાદ પરીક્ષા આપો અને એ પછી તમને કહેવામાં આવે કે બીજા ૪૫ દિવસ તમારે હજી તૈયારી કરવાની છે ત્યારે તમને નવાઈ લાગે કે હજી મારે કેટલો ભોગ આપવાનો છે. પણ મારા પરિવારનો મને જબરજસ્ત ટેકો હતો અને મારા માતાપિતાએ એક કલાક કસરત કરવાની ટેવ પાડેલી હતી એટલે હું પરીક્ષાની બહાર પણ લોકો સાથે સંકળાયેલી રહી શકી હતી. મારા બીજા ઘણાં સાથીઓ પાસે આ લક્ઝરી નહોતી. હરિયાણામાં જન્મેલી માનુષીએ ૨૦૨૨મા સમ્રાટ પૃથ્વીરાજ ફિલ્મમાં સંયોગિતાની ભૂમિકા ભજવી હિન્દી ફિલ્મ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો.

# રશ્મિકાને ઈજા થતાં ડોક્ટર્સની છ અઠવાડિયા આરામ કરવા સલાહ

મુંબઈ : રશ્મિકા મંદાના તેની આગામી ફિલ્મના સેટ પર ડાન્સ સિકવન્સ કરતાં ઈજા પામી હોવાથી તેને ડોકટર્સે છ અઠવાડિયા આરામ કરવાની સલાહ આપી હતી. જોકે, પોતાની આ ઈજા બાબતે રશ્મિકાએ પોતે કોઇ ફોડ પાડયો નથી. સૂત્રોનાજણાવ્યા અનુસાર ડોક્ટર્સે આરામ કરવાની સલાહ આપી હોઇ તેની આગામી ચાર ફિલ્મોના શેડયુઅલ ખોરવાઇ જવાની શક્યતાઓ છે. રશ્મિકા હાલ રણબલિ અને મ્યાસા નામની ફિલ્મોમાં કામ કરી રહી છે. રશ્મિકાને તેની આગામી ફિલ્મના સેટ પર ડાન્સ સિકવન્સ દરમ્યાન તેનો સ્નાયુ ખેંચાઇ જવાને કારણે તેને ડોક્ટર પાસે લઇ જવામાં આવી હતી. ડોક્ટર્સના મતે તેની આ ઈજા એથ્લીટને થતી ઈજા સમાન હોઇ તેને છ અઠવાડિયા આરામ કરવો પડશે એ પછી તેને રિહેબમાં રાખવી પડશે.

રશ્મિકાનેઅચાનક આરામ કરવાની નોબત આવતાં તેના લગભગ ૩૦ બ્રાન્ડ્સના કામકાજ પર પણ તેની અસર પડશે. તેની આગામી ફિલ્મોને પણ રીશેડયુઅલ કરવી પડશે. હાલ તો રશ્મિકા સાજા થવા પર જ તેનું ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

# ટોમ હોલાન્ડની સ્પાઇડર મેનની બીજા દિવસે રૂ.2600 કરોડની કમાણી



મુંબઈ : ટોમ હોલાન્ડની સ્પાઈડર મેન: બ્રાન્ડ ન્યુ ડે ભારતમાં ગુરૂવારે રજૂ થયા બાદ માત્ર બે દિવસમાં જ ૧૩૧.૪૬ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી હતી જ્યારે દુનિયાભરમાં તેને બીજા દિવસે કુલ ૨૬૦૦ કરોડ રૂપિયાની કમાણી થઈ હતી. ભારતમાં ફિલ્મને અંગ્રેજી, હિન્દી, તમિલ, તેલુગુ અને મલયાલમમાં ડબ કરીને પણ થ્રી ડી ફોર્મેટમાં પણ રજૂ કરવામાં આવી છે. ભારતમાંથી ફિલ્મને ૧૩૧.૬૪ કરોડ રૂપિયા અને ઓવરસીઝ માર્કેટમાંથી ૧૯૨૫ કરોડ રૂપિયાની કમાણી થઇ હતી. ગુરૂવારે રજૂ થયેલી સ્પાઇડર મેન: બ્રાન્ડ ન્યુ ડે એ પ્રથમ દિવસે સૌથી વધુ ૫૪ કરોડ રૂપિયાની કમાણી કરવાનો એવેન્જર્સ : એન્ડગેમનો રેકોર્ડ તોડી ૬૫ કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

વર્તમાન ટ્રેન્ડ અનુસાર વીકએન્ડના ચાર દિવસમાં ફિલ્મને કુલ ૩૦૦ કરોડની કમાણી થવાનો અંદાજ મુકાઇ રહ્યો છે.

ભારતમાં બે દિવસમાં ફિલ્મના કુલ ૩૪,૧૫૨ શો યોજાયા હતા જેમાંથી ચોખ્ખી ૧૦૯.૯૫ કરોડ રૂપિયાની કમાણી થઇ હતી. પ્રથમ દિવસે અંગ્રેજી વર્ઝને ૩૨.૨૫ કરોડ રૂપિયા અને હિન્દી વર્ઝને ૨૨ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. બીજા દિવસે શુક્રવારે અંગ્રેજી વર્ઝનના ૭૫૭૪ શો યોજાયા હતા અને તેમાંથી સૌથી વધુ ૨૮ કરોડ રૂપિયાની કમાણી થઇ હતી.

# સાઉથ ફિલ્મમેકર્સ સાથે કામ કરવા સલમાને ₹50 કરોડ ફી ઘટાડી...!

## મિત્રતા ખાતર 'SVC63' ફિલ્મ માટે માત્ર 60% જ ફી લેવા તૈયાર થયો

(એજન્સી) મુંબઈ | તા.02

બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાને સાઉથ ડિરેક્ટર વામશી પેડિપલ્લીના ડિરેક્શનમાં બની રહેલી ફિલ્મ 'SVC63' માટે કથિત રીતે 70 કરોડની ફી નક્કી કરી છે.

'ફ્રી પ્રેસ જર્નલ' અનુસાર, સલમાન ખાન સામાન્ય રીતે એક ફિલ્મ માટે 120 કરોડ કે તેથી વધુ ફી લે છે. આવા કિસ્સામાં, આ રકમ તેની સામાન્ય ફીના લગભગ 60% હોવાનું કહેવાય છે.

રિપોર્ટમાં એક સૂત્રને ટાંકીને જણાવાયું છે કે, સલમાનના જૂના મિત્ર રફી કાઝી આ પ્રોજેક્ટમાં મધ્યસ્થી તરીકે કામ કરી રહ્યા છે. તેનું નામ ફિલ્મના પ્રોડ્યુસર્સમાં પણ સામેલ રહેશે. આ મિત્રતાને કારણે સલમાન પોતાની અપફ્રન્ટ ફી ઘટાડવા તૈયાર થયો છે.

જોકે, સૂત્રએ સ્પષ્ટ કર્યું નથી કે, શું આ કરારમાં સલમાન ખાનને ફિલ્મના નફામાં પણ હિસ્સો મળશે. છેલ્લા ઘણા વર્ષોથી તેની ફિલ્મોમાં આવી વ્યવસ્થા હોવાની વાત સામે આવતી રહી છે.

નોંધનીય છે કે, સલમાન આ દિવસોમાં ફિલ્મ 'SVC63'નું શૂટિંગ કરી રહ્યો છે. વામશી પેડિપલ્લીના ડિરેક્શનમાં બની રહેલી આ એક્શન ફિલ્મને દિલ રાજુની શ્રી વેંકટેશ્વર ક્રિએશન્સ પ્રોડ્યુસ કરી રહી છે. ફિલ્મમાં સાઉથ સ્ટાર નયનતારા પહેલીવાર સલમાન સાથે સ્ક્રીન શેર કરશે. ફિલ્મ ઈદ 2027 પર રિલીઝ થશે.

રિપોર્ટ અનુસાર, 'દબંગ' (2010) પછી સલમાન ખાને મોટાભાગની ફિલ્મોમાં પોતાની ભાગીદારી રાખી છે. 'દબંગ'નું નિર્માણ તેમના ભાઈ અરબાઝ ખાને કર્યું હતું, જ્યારે 'બોડીગાર્ડ' (2011) તેની બહેન અલવીરા ખાન અગ્નિહોત્રીએ બનાવી હતી.

પછીની ઘણી ફિલ્મોમાં તેના હોમ બેનર SKFની હાજરી રહી. તે જ સમયે, બાહ્ય નિર્માતાઓ સાથે કામ કરતી વખતે પણ, તેણે ઘણી વખત ફિલ્મના IPR અથવા OTT અને સેટેલાઈટ અધિકારોમાં હિસ્સો રાખ્યો. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, 2010થી તેની ફિલ્મોના OTT અને સેટેલાઈટ અધિકારોનું મૂલ્ય લગભગ 120 કરોડથી 140 કરોડ સુધી રહ્યું છે.

રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, YRF એ સલમાન ખાનને 'એક થા ટાઈગર' (2012), 'ટાઈગર ઝિંદા હૈ' (2017) અને 'ટાઈગર 3' (2023) જેવી ફિલ્મોમાં અન્ય કલાકારોની સરખામણીમાં વધુ સારા નિયમો ઓફર કર્યા હતા, જેમાં શાહરૂખ ખાનને પણ અપવાદ તરીકે દર્શાવવામાં આવ્યો હતો.

રિપોર્ટ અનુસાર, સલમાન ખાને અનેક પ્રસંગોએ પોતાના મિત્રો માટે કેમિયો અને સ્પેશિયલ રોલ કોઈ ફી લીધા વિના કર્યા છે. આમાં અજય દેવગણ અને રિતેશ દેશમુખની ફિલ્મ 'રાજા શિવાજી' પણ સામેલ છે.

અજય દેવગણે અગાઉ જણાવ્યું હતું કે, 'સન ઓફ સરદાર' (2012) ના 'પો પો' ગીતમાં પોતાની હાજરી માટે તેણે સલમાનને ચેક આપ્યો હતો, પરંતુ સલમાને એમ કહીને ચેક પાછો આપી દીધો, 'તું મિત્ર છે.



# ફિલ્મ 'સાહિયા'ની સેન્સર પ્રક્રિયા પર વિવાદ : પ્રોડ્યુસરે CBFC પર વિલંબનો આરોપ લગાવ્યો; બોર્ડે કહ્યું- પ્રાયોરિટી સ્કીમ સમાપ્ત થઈ ગઈ છે

(એજન્સી) મુંબઈ | તા.02

ફિલ્મ 'સાહિયા'ની સેન્સર પ્રક્રિયામાં કથિત વિલંબને લઈને તેના પ્રોડ્યુસર અને ડિરેક્ટર સંજય શર્માએ કેન્દ્રીય ફિલ્મ પ્રમાણન બોર્ડ (CBFC)ની કાર્યપ્રણાલી પર સવાલો ઉઠાવ્યા છે. તેમનું કહેવું છે કે ફિલ્મને પ્રાયોરિટી કેટેગરીમાં સબમિટ કરવામાં આવી હતી, પરંતુ નિર્ધારિત સમયમર્યાદામાં પ્રક્રિયા પૂર્ણ થઈ નથી. આનાથી ફિલ્મના રિલીઝ પ્લાન પર અસર પડી રહી છે અને પ્રોડ્યુસર્સને આર્થિક નુકસાન થઈ રહ્યું છે.

ફિલ્મ 'સાહિયા'નું શૂટિંગ ઝારખંડના નેતરહાટ વિસ્તારમાં કરવામાં આવ્યું છે. ફિલ્મમાં નીરજ કાબી, શાંતનુ માહેશ્વરી અને રિંકુ રાજગુરુ મુખ્ય ભૂમિકાઓમાં છે. જ્યારે, સંગીતમાં સોના મોહપાત્રા, જાવેદ અલી, રિચા શર્મા, કૃષ્ણા બેઉરા અને સ્વનાંદ કિરકિરેએ પોતાનો અવાજ આપ્યો છે. ફિલ્મના ગીતો સમીર અંજન અને સ્વનાંદ કિરકિરેએ લખ્યા છે.

સંજય શર્માએ કહ્યું કે નિયમો અનુસાર તાત્કાલિક શ્રેણીમાં અરજી કરવા પર થોડા જ દિવસોમાં ફિલ્મનું સ્ક્રીનિંગ થઈ જવું જોઈતું હતું, પરંતુ તેમની ફિલ્મનું સ્ક્રીનિંગ લગભગ દોઢ મહિના પછી કરવામાં આવ્યું.

તેણે કહ્યું કે સ્ક્રીનિંગ દરમિયાન એવું જણાવવામાં આવ્યું કે ફિલ્મમાં નક્સલવાદની પૃષ્ઠભૂમિ હોવાને કારણે તેને રિવ્યુ કમિટી પાસે મોકલવામાં આવશે. જ્યારે, સંજય શર્માનું કહેવું છે કે 'સાહિયા' નક્સલવાદ પર આધારિત ફિલ્મ નથી, પરંતુ જંગલની પૃષ્ઠભૂમિમાં વણાયેલી એક પારિવારિક અને માનવીય પ્રેમ કહાણી છે. ફિલ્મમાં કોઈપણ પ્રકારની હિંસક વિચારધારા કે નક્સલવાદનું સમર્થન અથવા પ્રચાર કરવામાં આવ્યો નથી.

તેમણે એવો પણ દાવો કર્યો કે સ્ક્રીનિંગ પછી 10 દિવસથી વધુ સમય વીતી જવા છતાં તેમને હજુ સુધી એ જાણકારી આપવામાં આવી નથી કે ફિલ્મને ઔપચારિક રીતે રિવ્યુ કમિટીને મોકલવામાં આવી છે કે નહીં. આ સાથે, ફિલ્મના પ્રમાણપત્રને લઈને પણ કોઈ અંતિમ નિર્ણય મળ્યો નથી.

સંજય શર્માએ કહ્યું કે જો બોર્ડને કોઈ ફિલ્મ પર કોઈ વાંધો હોય, તો નિયમો મુજબ તેની સખત તપાસ થવી જોઈએ. જોકે, આ પ્રક્રિયા પણ સમયસર થવી જોઈએ, જેથી પ્રોડ્યુસર અને ડિરેક્ટરને બિનજરૂરી વિલંબનો સામનો ન કરવો પડે. તેમણે કહ્યું કે આવા વિલંબથી માત્ર




નાણાકીય નુકસાન જ નથી થતું, પરંતુ ફિલ્મની રિલીઝ સ્ટ્રેટેજી અને પ્રમોશનલ કેમ્પેન પર પણ અસર પડે છે.

સંજય શર્માએ કહ્યું કે તેમણે પૂરી મહેનત અને સમર્પણ સાથે આ ફિલ્મ બનાવી છે. આ પહેલા તેઓ બે શોર્ટ ફિલ્મો બનાવી ચૂક્યા છે, પરંતુ 'સાહિયા' તેમની પહેલી મોટી ફીચર ફિલ્મ છે. તેમણે કહ્યું કે જ્યારે કોઈ નવો પ્રોડ્યુસર-ડિરેક્ટર પોતાનું સર્વસ્વ લગાવીને ફિલ્મ બનાવે છે અને પછી સર્ટિફિકેશન પ્રોસેસમાં મહિનાઓનો વિલંબ થાય છે, ત્યારે તે ખૂબ જ નિરાશાજનક હોય છે. સંજય શર્માએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે ફિલ્મને જલ્દી પ્રમાણપત્ર મળશે અને દર્શકો તેને જોઈ શકશે. તેમણે દાવો કર્યો કે 'સાહિયા' આ વર્ષની સૌથી સુંદર પ્રેમ કહાણીઓમાંથી એક સાબિત થઈ શકે છે, કારણ કે તેની વાર્તા જંગલો, નદીઓ અને પ્રકૃતિ વચ્ચેના માનવીય સંબંધોને ખૂબ જ સંવેદનશીલ રીતે રજૂ કરે છે.

આ જ સમયે, આ મામલે CBFC નો પક્ષ જાણવા માટે દિવ્ય ભાસ્કરે સંબંધિત અધિકારીનો સંપર્ક કર્યો. તેમની તરફથી મેલ આવ્યો, કૃપા કરીને નોંધ લો કે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) એક અર્ધ-ન્યાયિક સંસ્થા છે. તેથી બોર્ડ કોઈપણ એક કેસ પર ટિપ્પણી કરતું નથી, ખાસ કરીને એવા કિસ્સાઓમાં જ્યાં પ્રક્રિયાગત ઔપચારિકતાઓ હજુ પણ ચાલી રહી છે અને CBFC દ્વારા અરજી પર અંતિમ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી નથી.તમે એ પણ નોંધ લો કે તમામ અરજીઓ સંબંધિત અધિનિયમ અને નિયમો હેઠળ નિર્ધારિત સમય-મર્યાદા અનુસાર જ પ્રક્રિયા કરવામાં આવે છે. પ્રાયોરિટી સ્કીમ હવે લાગુ નથી, કારણ કે સૂચના અને પ્રસારણ મંત્રાલયે તેને ઘણા અઠવાડિયા પહેલા જ સમાપ્ત કરી દીધી છે. અરજદારો ફિલ્મ સર્ટિફિકેશન માટે નિર્ધારિત ઓનલાઈન પોર્ટલ પર ફિલ્મ સર્ટિફિકેશન માટે કોઈપણ અરજીની સ્થિતિ શરૂઆતથી અંત સુધી ટ્રેક કરી શકે છે.

પ્રોસેસ અને તેના અલગ-અલગ સ્ટેજ વિશે વધુ માહિતી માટે, CBFC વેબસાઈટ પર ફિલ્મ સર્ટિફિકેશનના ઑનલાઈન પોર્ટલના FAQs (વારંવાર પૂછાતા પ્રશ્નો) અને યુઝર ગાઈડ જોઈ શકાય છે. ફિલ્મ સર્ટિફિકેશન માટે કરવામાં આવેલી કોઈપણ અરજીની સ્થિતિ અરજદાર ફિલ્મ પ્રમાણન માટે નિર્ધારિત ઑનલાઈન પોર્ટલ પર શરૂઆતથી અંત સુધી ટ્રેક કરી શકે છે. પ્રોસેસ અને તેના વિવિધ તબક્કાઓની વધુ માહિતી માટે CBFCની વેબસાઈટ પર ઉપલબ્ધ FAQ (વારંવાર પૂછાતા પ્રશ્નો) તથા ફિલ્મ સર્ટિફિકેશનના ઑનલાઈન પોર્ટલની યુઝર ગાઈડ જોઈ શકાય છે.સાભાર,અધ્યક્ષ કાર્યાલયકેન્દ્રીય ફિલ્મ પ્રમાણન બોર્ડ (CBFC)

તે જ સમયે, ફિલ્મને લઈને વધુ એક વિવાદ સામે આવ્યો. ફિલ્મમેકર અવિનાશ દાસે સોશિયલ મીડિયા પર ફિલ્મના પોસ્ટર સામે વાંધો ઉઠાવ્યો. તેમનો દાવો હતો કે આ પોસ્ટર ખોટું, પરવાનગી વિના જારી કરાયેલું અને વિવાદાસ્પદ છે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## ટેબલ ટેનિસમાં ભારતનો પોડિયમ ક્લીન સ્વીપ અને શાનદાર વિજય

● પોડિયમ ક્લીન સ્વીપ , ભારતનો દબદબો વધ્યો



(એજન્સી) લંડન । તા. 02

થ્યાગરાજ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે રમાઈ રહેલી ૨૨મી કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં ભારતીય ખેલાડીઓએ અભૂતપૂર્વ પ્રદર્શન કરીને ઈતિહાસ રચ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, ભારતે સિંગલ્સ વર્ગમાં પોડિયમ પર સંપૂર્ણ ક્લીન સ્વીપ હાંસલ કરી લીધી છે. સિન્ડ્રેલા દાસ, સુતીર્થા મુખર્જી અને અંકુર ભટ્ટાચારજી જેવા ખેલાડીઓએ શનિવારે ક્વાર્ટર ફાઈનલ મુકાબલાઓમાં ઊંચા ક્રમાંક ધરાવતા ઓસ્ટ્રેલિયન હરીવોને હરાવીને મોટો ઉલટફેર કર્યો હતો અને પુરુષ તથા મહિલા સિંગલ્સની તમામ આઠેય સેમિફાઈનલ બેઠકો પર ભારતનું વર્ચસ્વ સુનિશ્ચિત કર્યું હતું.

આ શાનદાર પ્રદર્શનથી યજમાન દેશ ભારત તમામ ટાઈટલ જીતવાની રેસમાં સૌથી આગળ નીકળી ગયું છે અને રમતગમત જગતમાં ઉત્સાહનો માહોલ છવાઈ ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આ ટૂર્નામેન્ટનો સૌથી મોટો ઉલટફેર સોળ વર્ષીય યુવા ખેલાડી સિન્ડ્રેલા દાસ દ્વારા કરવામાં આવ્યો હતો. તેણે ટોપ સીડ અને વિશ્વના એકત્રીસમા ક્રમની ખેલાડી યાંગઝી લિયુને છ ગેમના રોમાંચક મુકાબલામાં હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. તાજેતરમાં જ અલ્ટીમેટ ટેબલ ટેનિસમાં આ ઓસ્ટ્રેલિયન ખેલાડી સામે હાર્યા બાદ, સિન્ડ્રેલાએ શાનદાર વાપસી કરતા પોતાની આક્રમક વિનર્સ અને નિર્ભય રમતથી સૌને આશ્ચર્યચકિત કરી દીધા હતા. ડબલ્સ ઈવેન્ટ્સ પણ હવે નિર્ણાયક તબક્કામાં પહોંચી ચૂકી છે, જેના કારણે ભારત તમામ ટાઈટલ જીતવાના પોતાના લક્ષ્ય તરફ મજબૂત કદમ વધારી રહ્યું છે.

## કોમનવેલ્થ ગેમ્સ 2026માં 37 મેડલ, બોક્સિંગમાં સાક્ષી અને પ્રિયાએ જીત્યો ગોલ્ડ મેડલ

ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં ભારતે બોક્સિંગમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. હરિયાણાની સાક્ષી ચૌધરીએ 51 kg અને પ્રિયા ઘનઘસે 60 kg ભારવર્ગમાં ગોલ્ડ મેડલ જીત્યા. સચિન સિંવાચ અને અંકુશ પંઘાલે પણ પુરુષોના વર્ગમાં ગોલ્ડ મેડલ મેળવી ભારતનું ગૌરવ વધાર્યું છે. ભારતે કુલ 37 મેડલ જીત્યા છે, જેમાં 10 ગોલ્ડનો સમાવેશ થાય છે.







(એજન્સી) ગ્લાસગો । તા. 02

સ્કોટલેન્ડના ગ્લાસગો ખાતે ચાલી રહેલી કૉમનવેલ્થ ગેમ્સ-૨૦૨૬માં ભારતીય ખેલાડીઓએ બોક્સિંગની રમતમા અદ્ભુત અને શાનદાર પ્રદર્શન કરીને દેશનું નામ રોશન કર્યું છે. રવિવારે મળેલી સત્તાવાર માહિતી અનુસાર, હરિયાણાના ભિવાનીની રહેવાસી સાક્ષી ચૌધરીએ મહિલાઓની ૫૧ કિલોગ્રામ ભારવર્ગમાં જ્યારે પ્રિયા ઘનઘસે ૬૦ કિલોગ્રામ ભારવર્ગમાં ગોલ્ડ મેડલ પોતાના નામે કરીને સમગ્ર દેશમાં ખુશીનું મોજુ ફેલાવી દીધું છે. આ શાનદાર જીત સાથે જ ભારતે રમતોમાં પોતાનું પરાક્રમ સાબિત કરી દીધું છે.

### અત્યાર સુધીની બદલાયેલી પરિસ્થિતિ

મળતી માહિતી મુજબ, સાક્ષીએ ફાઈનલ મુકાબલામાં ઈંગ્લેન્ડની રુબી વાઈટને એકતરફી અંદાજમાં ૫-૦ થી હરાવીને ઈતિહાસ રચ્યો હતો. ત્રણેય રાઉન્ડમાં પોતાનો દબદબો જાળવી રાખીને તેણે આ ઉપલબ્ધિ મેળવી છે. ખાસ વાત એ છે કે સાક્ષી અગાઉ ૫૪ કિલોગ્રામ વર્ગમાં રમતી હતી, પરંતુ તે કેટેગરીમાં ભારતનો કોટા અન્ય ખેલાડીએ મેળવી લેવાથી તેણે પોતાનું વજન ૩ કિલો ઘટાડીને આ નવા વર્ગમાં રમવાનો મોટો નિર્ણય લીધો હતો, જેના માટે તેણે એક મહિનાથી વધુ સમય સુધી કડક ડાયટ પણ અપનાવ્યો હતો.

મીડિયા અહેવાલો અને સ્રોતો દ્વારા પ્રાપ્ત થતી વિગતો અનુસાર, પ્રિયા ઘનઘસે પણ કેનેડાની ખેલાડીને હરાવીને ગોલ્ડ મેડલ જીતી લીધો છે. આ ઉપરાંત પુરુષ વર્ગમાં પણ ભારતીય બોક્સરોએ પાછા વળીને જોયું નથી. સચિન સિંવાચે ૬૦ કિલોગ્રામ વર્ગની ફાઈનલમાં નામિબિયાના ખેલાડી સામે અંતિમ ક્ષણોમાં જોરદાર પંચ મારીને અદ્ભુત વિજય મેળવ્યો હતો.

### જાણો સમગ્ર ઘટનાક્રમ અને તેની અસરો

આ સ્પર્ધામાં અંકુશ પંઘાલે પણ ૮૦ કિલોગ્રામ સ્પર્ધામાં શાનદાર રમત દાખવીને દેશ માટે વધુ એક ગોલ્ડ મેડલ જીતી લીધો છે. અંતિમ રાઉન્ડના અત્યંત રોમાંચક મુકાબલામાં અંકુશે પોતાના પ્રતિસ્પર્ધીને પાછળ છોડી દીધો અને વિજયી બન્યો. આ સાથે જ ભારતે બોક્સિંગની આ ચેમ્પિયનશિપમાં કુલ સાત ગોલ્ડ અને બે સિલ્વર મેડલ મેળવીને એક નવો રેકોર્ડ સ્થાપ્યો છે.

ખેલાડીઓની આ અસાધારણ સફળતા પાછળ તેમની વર્ષોની મહેનત અને સમર્પણ રહેલું છે. સાક્ષીએ વર્ષ ૨૦૦૮ના ઓલિમ્પિક વિજેતાથી પ્રેરણા લઈને પોતાની સફર શરૂ કરી હતી અને આજે તે દેશની યુવા પેઢી માટે રોલ મોડેલ બની ગઈ છે. આ શાનદાર દેખાવથી ભારતીય રમતગમત જગતમાં ઉત્સાહનો માહોલ છવાઈ ગયો છે અને સમગ્ર દેશમાંથી વિજેતા ખેલાડીઓ પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

## ધ હન્ડ્રેડમાં જેમિમાહ અને ફાતિમાની મિત્રતા છવાઈ






(એજન્સી) લંડન । તા. 02

ઈંગ્લેન્ડમાં રમાઈ રહેલી અત્યંત રોમાંચક અને પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટ 'ધ હન્ડ્રેડ'માં ખેલદિલીનો એક અદભુત અને ચર્ચાસ્પદ નજારો જોવા મળ્યો છે, જ્યાં સધર્ન બ્રેવ અને બર્મિંગહામ ફોનિક્સ વચ્ચેની મેચ બાદ ભારતની સ્ટાર બેટર જેમિમાહ રોડ્રિગ્સ અને પાકિસ્તાનની ઓલરાઉન્ડર ફાતિમા સના એકબીજાને ગળે મળતી જોવા મળી હતી. શનિવારે મળેલી સત્તાવાર માહિતી અનુસાર, આ ઉષ્માભરી ક્ષણે મેદાન પર વર્ષો જૂની કડવાશને બાજુ પર મૂકીને સાચી રમત ભાવનાનું અદ્ભુત પ્રતીક પૂરું પાડ્યું છે, જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે.

આ મુકાબલામાં સધર્ન બ્રેવ તરફથી રમતી જેમિમાહ રોડ્રિગ્સે અંતિમ ઓવરોમાં અત્યંત આક્રમક બેટિંગનું પ્રદર્શન કર્યું હતું. તેણે માત્ર ૧૮ બોલમાં ૪ ચોગ્ગાની મદદથી ૨૮ રનની અણનમ ઈનિંગ્સ રમીને પોતાની ટીમને એક મજબૂત સ્કોર સુધી પહોંચાડવામાં મોટો ફાળો આપ્યો હતો. સધર્ન બ્રેવ દ્વારા પ્રથમ બેટિંગ કરતા લિઝેલ લીના ૪૩ રન અને માયા બુશિયરના ૪૫ રનની મદદથી ૧૦૦ બોલમાં ૩ વિકેટે ૧૪૦ રનનો પડકારજનક સ્કોર ઊભો કરવામાં આવ્યો હતો.

સ્રોતો દ્વારા પ્રાપ્ત થતી વિગતો અનુસાર, બીજી તરફ બર્મિંગહામ ફોનિક્સ તરફથી બોલિંગ કરી રહેલી ફાતિમા સના માટે આ મેચ નિરાશાજનક રહી હતી અને તેણે પોતાના ૧૫ બોલના સ્પેલમાં ૩૩ રન આપ્યા હતા. જો કે મેચની સમાપ્તિ પછી બંને ફ્રેન્ચાઈઝીના ખેલાડીઓએ પરસ્પર હાથ મિલાવ્યા હતા અને તેની સાથે જ જેમિમાહ અને ફાતિમાએ એકબીજાને ગળે લગાડીને સૌહાર્દપૂર્ણ વાતાવરણ સર્જ્યું હતું. ૧૪૧ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી બર્મિંગહામ ફોનિક્સની ટીમને ટેમી બ્યુમોન્ટ અને ડેવિના પેરિન વચ્ચેની ૭૩ રનની ઓપનિંગ પાર્ટનરશિપે શાનદાર શરૂઆત અપાવી હતી. ડેવિના પેરિને ૪૩ બોલમાં ૫૨ રનની અડધી સદી ફટકારી હતી, પરંતુ આ બંને ઓપનર્સ આઉટ થતાં જ મેચનું પાસો પલટાઈ ગયું હતું. સધર્ન બ્રેવના બોલર્સોએ શાનદાર વાપસી કરતા સેરા ગ્લેન અને સોફી મોલિન્યુક્સે મહત્વપૂર્ણ વિકેટો ઝડપીને વિરોધી ટીમની કમર તોડી નાખી હતી. આ શાનદાર પ્રદર્શનના જોરે બર્મિંગહામ ફોનિક્સની ટીમ ૧૦૦ બોલમાં ૫ વિકેટે માત્ર ૧૧૬ રન જ બનાવી શકી અને સધર્ન બ્રેવએ આ મુકાબલો ૨૪ રનથી જીતી લીધો હતો. આ ભવ્ય જીત સાથે જેમિમાહ રોડ્રિગ્સની ટીમ ટૂર્નામેન્ટમાં અજેય રહીને પોઈન્ટ્સ ટેબલ પર ટોચના સ્થાને વધુ મજબૂત બની ગઈ છે. મેદાન પરની આ રમત ભાવના અને ખેલાડીઓ વચ્ચેનો આ સદ્ભાવનાપૂર્ણ વ્યવહાર સમગ્ર વિશ્વમાં પ્રશંસાનું કેન્દ્ર બન્યો છે.

## મેમ્ફિસ ક્લાસિક ટેનિસ ટુર્નામેન્ટમાં રશિયન ક્રિસ્ટીના લિયુટોવા ફાઈનલમાં




(એજન્સી) વાશિંગ્ટન । તા. 02

મેમ્ફિસ ક્લાસિક ટેનિસ ટુર્નામેન્ટમાં રશિયાની સોળ વર્ષીય યુવા ખેલાડી ક્રિસ્ટીના લિયુટોવાએ અદ્ભુત પ્રદર્શન કરીને ઈતિહાસ રચ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, વિશ્વમાં બસો ઓગણત્રીસમા ક્રમે રહેલી લિયુટોવાએ પોતાની કારકિર્દીની પ્રથમ ડબલ્યુટીએ ટૂર-લેવલ ઈવેન્ટમાં ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. શનિવારે રમાયેલી સેમિફાઈનલ મેચમાં તેણે એલ્વિના કેલિયવાને સાત-પાંચ અને છ-એકથી હરાવીને ટાઈટલ મુકાબલામાં પોતાનું સ્થાન સુનિશ્ચિત કર્યું છે.

આ શાનદાર સફળતા સાથે તે વર્ષ ૨૦૧૯માં કોકો ગૌફ પછી ડબલ્યુટીએ ફાઈનલ રમનારી સૌથી યુવા ખેલાડી બની ગઈ છે તેમજ ૨૦10 પછી જન્મેલી પ્રથમ ખેલાડી છે જેણે આ સિદ્ધિ મેળવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આ સપ્તાહની શરૂઆતથી જ લિયુટોવાનું પ્રદર્શન અત્યંત પ્રભાવશાળી રહ્યું છે. તેણે પોતાની પ્રથમ ડબલ્યુટીએ મેઈન ડ્રો મેચમાં ટોપ-સીડેડ ખેલાડી એકટેરિના અલેક્ઝાન્ડ્રોવા સામે વિજય મેળવ્યો હતો. આ ઉપરાંત ઓસ્ટ્રેલિયાની માયા જોઈન્ટ અને કટી મેકનાલી જેવા દિગ્ગજ ખેલાડીઓને હરાવીને તેણે સેમિફાઈનલ સુધીની સફર ખેડી હતી. પોતાની આ અવિશ્વસનીય સફરને લિયુટોવાએ એક ચમત્કારિક યાત્રા ગણાવી છે.

વિરોધી ખેલાડીઓ સામે આક્રમક રમત દાખવીને તેણે સાબિત કરી દીધું છે કે વય ભલે નાની હોય પરંતુ તેનોત્મવિશ્વાસ ઉચ્ચ કક્ષાનો છે. આ ટુર્નામેન્ટના રોમાંચક પ્રવાસ બાદ હવે રવિવારે રમાનાર ફાઈનલ મુકાબલામાં લિયુટોવાનો સામનો ચેક રિપબ્લિકની એક સો ચૌદમા ક્રમની ખેલાડી ડાર્જા વિડમાનોવા સામે થશે. વિડમાનોવાએ પણ સેમિફાઈનલ મેચમાં મેક્સિકોની રેનાટા ઝારાઝુઆને હરાવીને પ્રથમ વખત ડબલ્યુટીએ ફાઈનલમાં પ્રવેશ કર્યો છે.

## વનડે વર્લ્ડકપ પહેલા ટીમ ઈન્ડિયામાં ભુવનેશ્વર કુમારનું શાનદાર કમબેક



(એજન્સી) નવી દિલ્હી । તા. 02

આગામી વનડે વર્લ્ડ કપ ૨૦૨૭ને ધ્યાનમાં રાખીને ભારતીય ક્રિકેટ ટીમમાં અનુભવી ખેલાડીઓની વાપસી અંગેની ચર્ચાઓએ જોર પકડ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, ભારતના દિગ્ગજ ઓફ-સ્પિનર રવિચંદ્રન અશ્વિને મુખ્ય પસંદગીકાર અજીત અગરકર અને મુખ્ય કોચને એક મહત્વપૂર્ણ સલાહ આપતા ભુવનેશ્વર કુમારને તાત્કાલિક વનડે ટીમમાં સામેલ કરવા માટે વિનંતી કરી છે. અશ્વિનનું સ્પષ્ટપણે માનવું છે કે દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયાની ધરતી પર રમાનાર આ મહાકુંભમાં ભારતને ભુવનેશ્વર જેવા સ્માર્ટ અને અનુભવી બોલરની સખત જરૂર પડશે. આ પ્રસ્તાવ બાદ ભારતીય ક્રિકેટ વર્તુળોમાં ફરી એકવાર સ્વિંગ કિંગ તરીકે જાણીતા ભુવીના પુનરાગમનની સંભાવનાઓ પર ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. વર્ષ ૨૦૨૨થી ટીમ ઈન્ડિયાની બહાર ચાલી રહેલા છત્રીસ વર્ષીય ભુવનેશ્વર કુમારે તાજેતરમાં જ રમાયેલી આઈપીએલ ૨૦૨૬માં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને ટાઈટલ જીતાડવામાં અગ્રણી ભૂમિકા ભજવી છે. તેણે આ સિઝનમાં શાનદાર યોર્કર અને ધારદાર સ્વિંગ બોલિંગના જોરે સોળ મેચોમાં અઠ્ઠાવીસ વિકેટ ઝડપીને પર્પલ કેપની રેસમાં મોખરાનું સ્થાન મેળવ્યું હતું. દક્ષિણ આફ્રિકાની પીચો પર ભુવીનો ટ્રેક રેકોર્ડ હંમેશા ઉત્કૃષ્ટ રહ્યો છે, જ્યાં તેણે અગાઉ પણ પોતાની કુશળતા સાબિત કરી છે. અશ્વિનના મતે પાવરપ્લે અને ડેથ ઓવર્સમાં ભુવીનો આટલો મોટો અનુભવ જસપ્રિત બુમરાહ અને અન્ય પેસ બોલરો સાથે મળીને ભારતીય આક્રમણને વધુ મજબૂત બનાવી શકે છે.

## આર્સેનલ ટીમમાં વધુ નવા ખેલાડીઓ જોડાવવાની મેનેજર આર્ટેટાની જાહેરાત

### નવા ખેલાડીઓ આવશે, આર્ટેટા દ્વારા જાહેરાત

(એજન્સી) લંડન । તા. 02




પ્રીમિયર લીગની ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્સેનલ ક્લબ આગામી સમયમાં ટ્રાન્સફર વિન્ડો બંધ થાય તે પહેલા ટીમમાં વધુ નવા ખેલાડીઓને સામેલ કરવા માટે પૂરી રીતે તૈયાર છે. મીડિયા અહેવાલ મુજબ, અન્ય પ્રતિસ્પર્ધી ક્લબ્સની સરખામણીમાં આર્સેનલ અત્યાર સુધી માર્કેટમાં થોડી શાંત રહી છે, પરંતુ ટીમ મેનેજર મિકેલ આર્ટેટાએ સ્પષ્ટ કર્યું છે કે ક્લબ પોતાના પ્રથમ ઈંગલિશ ટોપ-ફ્લાઈટ ટાઈટલના બચાવ માટે હાથ પર હાથ ધરીને બેસી રહેશે નહીં.

આર્સેનલના આ નિવેદનથી ફૂટબોલ જગતમાં ભારે ઉત્સુકતા જાગી છે કારણ કે ટીમ પોતાના સ્ક્વોડને વધુ મજબૂત બનાવવા માટે સક્રિય બની રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રીસેસન મેચમાં જિરોના સામે ચાર વિ એકથી શાનદાર વિજય મેળવ્યા બાદ આર્ટેટાએ પત્રકારો સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે ક્લબ પોતાની ટીમમાં સુધારો કરવા અને તેને આગળ વધારવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. આર્સેનલે અત્યાર સુધી ગોલકીપર ઈલાન મેસલિયર અને ફોરવર્ડ ક્રિસ્ટોસ ત્ઝોલિસને ટીમમાં સામેલ કર્યા છે, જ્યારે ડિફેન્ડર પિએરો હિન્કાપી અગાઉ લોન પર રહ્યા બાદ હવે કાયમી ધોરણે ટીમ સાથે જોડાઈ ચૂક્યા છે.

હરીફ ક્લબ્સ દ્વારા કરવામાં આવી રહેલા મોટા ખર્ચની સામે આર્સેનલ પણ હવે પોતાની રણનીતિને વેગ આપી રહી છે.

આ સમગ્ર ચર્ચા ત્યારે શરૂ થઈ જ્યારે ટ્રાન્સફર માર્કેટમાં ક્લબની ગતિવિધિઓ અંગે સવાલો પૂછવામાં આવ્યા. આર્ટેટાએ જણાવ્યું હતું કે આગામી થોડા સપ્તાહોમાં ટીમમાં મોટા ફેરફારો અને નવા ખેલાડીઓના આગમનની અપેક્ષા છે. તેમણે ઉમેર્યું કે સ્તરમાં વધારો થઈ રહ્યો છે અને માર્જિન ખૂબ જ નાના છે, તેથી આંતરિક સ્પર્ધા વધારવા માટે ટીમમાં જે ખૂટતી કડીઓ છે તેની ઓળખ કરવી અત્યંત આવશ્યક છે. આર્સેનલ આગામી એકવીસમી ઓગસ્ટે પ્રમોટેડ કોવેન્ટ્રી સિટી સામે પોતાની પ્રીમિયર લીગ ખિતાબ બચાવવાની અભિયાનની શરૂઆત કરશે.

ગેમ્સ // ઐતિહાસિક અવસર પર સાંસ્કૃતિક જુગલબંધી રજુ થશે

## અમદાવાદને આજ રોજ કોમનવેલ્થ બેટન સોંપવામાં આવશે

(એજન્સી) અમદાવાદ । તા. 02

સ્કોટલેન્ડના ગ્લાસગો ખાતે યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ-૨૦૨૬ના ભવ્ય સમાપન સમારોહ દરમિયાન અમદાવાદ શહેર માટે એક અત્યંત ઐતિહાસિક અને ગૌરવવંતી ક્ષણ આવી પહોંચી છે. રવિવારે મળતી સત્તાવાર માહિતી અનુસાર, આ સમારોહમાં વર્ષ ૨૦30માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સનું સત્તાવાર યજમાનપદ અમદાવાદને સોંપવામાં આવશે, જેની સાથે જ શહેરને ગેમ્સની સત્તાવાર બેટન અને ધ્વજ પણ વિધિવત રીતે અર્પણ કરવામાં આવશે. આ ઐતિહાસિક હસ્તાંતરણ સાથે જ અમદાવાદની વર્ષ ૨૦30ની કોમનવેલ્થ ગેમ્સના યજમાનપદની ગૌરવશાળી યાત્રાનો સત્તાવાર પ્રારંભ થઈ જશે. ગ્લાસગોમાં આયોજિત આ વિશેષ હેન્ડઓવર સેરેમની અત્યંત ભવ્ય અને આકર્ષક રહેવાની છે, જેને ત્રણ મુખ્ય ભાગમાં વહેંચવામાં આવી છે. આ સમારોહમાં ભારતની શાન 'વંદે માતરમ્' ની વિશેષ ઉજવણી કરવામાં આવશે અને સાથે જ



ભારતીય તેમજ સ્કોટિશ સાંસ્કૃતિક વારસાની અદભુત જુગલબંધી પણ વિશ્વ સમક્ષ રજૂ કરવામાં આવશે. આ ભવ્ય આયોજન દ્વારા ભારત પોતાની સંસ્કૃતિ અને આગામી વૈશ્વિક રમતગમતના મહાકુંભની ઝાંખી સમગ્ર દુનિયાને કરાવશે.

સ્રોતો દ્વારા પ્રાપ્ત થતી વિગતો અનુસાર, ભારત અને તેમાં પણ ખાસ કરીને ગુજરાત માટે આ આંતરરાષ્ટ્રીય મંચ પર મેળવેલી આ એક મોટી ઉપલબ્ધિ છે. રમતગમતના ક્ષેત્રમાં દેશના વધતા પ્રભાવ અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કારણે જ અમદાવાદને આ વૈશ્વિક જવાબદારી સોંપવામાં આવી છે, જેને લઈને સ્થાનિક સ્તરે અને સમગ્ર દેશમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

આ આગામી યજમાનપદને સફળ બનાવવા માટે રાજ્ય સરકાર અને સ્થાનિક પ્રશાસન દ્વારા તૈયારીઓનું આયોજન અગાઉથી જ શરૂ કરી દેવામાં આવ્યું છે. વર્ષ ૨૦30માં યોજાનારી આ રમતોના માધ્યમથી ગુજરાતમાં રોજગારી, પ્રવાસન અને રમતગમતના આધુનિક માળખાકીય વિકાસને અપ્રતિમ વેગ મળશે તેવું નિષ્ણાતોનું માનવું છે. આજના આ હસ્તાંતરણ સમારોહ બાદ અમદાવાદમાં પણ ઉત્સવ જેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે અને નાગરિકો આ વૈશ્વિક ઈવેન્ટને આવકારવા માટે પૂર્ણપણે સજ્જ થઈ રહ્યા છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની વધતી પ્રતિષ્ઠામાં આ પ્રસંગ એક નવું સીમાચિહ્ન સાબિત થશે, જ્યાં દુનિયાભરના ખેલાડીઓ અને પ્રવાસીઓ અમદાવાદની મહેમાનગતિ અને આધુનિક વિકાસનો અનુભવ કરશે. બેટન અને ધ્વજ સ્વીકારવાની આ ક્ષણ માત્ર એક શહેર માટે જ નહીં પરંતુ સમગ્ર દેશ માટે ગર્વ લેવા જેવી અવિસ્મરણીય પળ બની રહી છે.

જર્સી વિવાદ છોડી દો, મેડલ પર ધ્યાન આપો

## જર્સી વિવાદ ભૂલીને વર્લ્ડકપ મેડલનો સૂકાળ ખતમ કરવા શ્રીજેશની સલાહ

(એજન્સી) નવી દિલ્હી । તા. 02



ભારતીય હૉકી ટીમના દિગ્ગજ ખેલાડી અને ભૂતપૂર્વ કપ્તાન પી. આર. શ્રીજેશ દ્વારા ખેલાડીઓને એક અત્યંત મહત્વપૂર્ણ સલાહ આપવામાં આવી છે. મીડિયા અહેવાલ મુજબ, શ્રીજેશનું માનવું છે કે ભારતીય ટીમે જર્સીને લગતા બિનજરૂરી વિવાદો અને મેદાન બહારના ઘોંઘાટને પાછળ છોડી દેવા જોઈએ અને આગામી મહિને નેધરલેન્ડ્સ તથા બેલ્જિયમમાં યોજાનાર વર્લ્ડકપમાં દેશનો પચાસ વર્ષનો મેડલનો સૂકાળ ખતમ કરવા પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આ નિવેદનથી હૉકી જગતમાં ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે ખેલાડીઓનું મનોબળ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, બે વખત ઓલમ્પિક બ્રોન્ઝ મેડલ જીતનાર શ્રીજેશનું છે કે જર્સીના રંગમાં ફેરફાર કરવા બાબતે કોઈ અસામાન્ય વાત નથી કારણ કે ભારતે અગાઉ ૨૦૧૪ અને ૨૦૧૮ના વર્લ્ડકપમાં પણ અલગ જર્સી પહેરી હતી. જોકે, બ્લુ ટર્ફ પર વાદળી જર્સી દેખાવામાં મુશ્કેલી ઊભી કરે છે તેવા તર્ક અંગે તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું, પરંતુ સાથે જ સ્પષ્ટ કર્યું કે જો ખેલાડીઓએ આ નિર્ણયને મંજૂરી આપી દીધી છે તો પછી આ બાબતે વધુ ચર્ચા કરવાનો કોઈ અર્થ નથી રહેતો. અગાઉની ટૂર્નામેન્ટોમાં પણ કિટના રંગ બદલવાના ઘણા ઉદાહરણો સામે આવ્યા છે, તેમ છતાં આ વખતે આ વિષય પર વધુ પડતી ચર્ચાઓ થઈ રહી છે.

આ સમગ્ર ચર્ચા ત્યારે સામે આવી જ્યારે વર્લ્ડકપ પહેલા નવી જર્સીના રંગને લઈને સવાલો ઉભા થયા. શ્રીજેશના જણાવ્યા અનુસાર, પ્રશ્ન એ છે કે શું આ ચર્ચા માત્ર રંગ બદલવાને કારણે છે કે પછી તેની પાછળ અન્ય કોઈ કારણો છે.

ફ્રાન્સમાં આગ કાબૂમાં આવતા લોકો ઘેર પરત ફર્યા, ગ્રીસમાં આગ ફરી ભડકતા મોટો વિનાશ સર્જાઈ ગયો

# યુરોપમાં તીવ્ર ગરમી અને જંગલની આગનો કેર વરતાયો

(એજન્સી) લ પોર્જ । તા. 02

યુરોપભરમાં ચાલી રહેલી તીવ્ર ગરમી અને વ્યાપક સ્થળાંતર વચ્ચે જંગલની આગ સામે સતત સંઘર્ષ જારી રહ્યો છે, જેમાં દક્ષિણ-પશ્ચિમી ફ્રાન્સમાં અગ્નિશામકોને ભીષણ આગને નિયંત્રિત રાખવામાં મોટી સફળતા મળી છે. રવિવારે મળેલી સત્તાવાર માહિતી અનુસાર, આ સફળતાના કારણે દેશના અત્યાર સુધીના સૌથી મોટા સ્થળાંતર અભિયાન પછી ૧,૯૮,૦૦૦ લોકોને પોતાના ઘરે પાછા ફરવાની રાહત મળી છે, જો કે દક્ષિણ-પૂર્વ ફ્રાન્સ અને ગ્રીસમાં આગની નવી ઘટનાઓએ ચિંતા યથાવત રાખી છે. બોર્ડોની પશ્ચિમે આવેલા ગિરોન્ડે વાઈલ્ડફાયરના કારણે અત્યાર સુધીમાં પેરિસ કરતાં ચાર ગણા આકારના લગભગ ૪૨૦ ચોરસ કિલોમીટર ચીડના જંગલો બળીને ખાક થઈ ચૂક્યા છે. અગ્નિશામક દળોએ આગને ચોક્કસ દાયરામાં ફેલાતી અટકાવી દીધી છે, છતાં અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે આગ હજી સંપૂર્ણપણે કાબૂમાં નથી આવી. જમીનની નીચે છુપાયેલા હોટસ્પોટ અને સક્રિય વિસ્તારો હજી પણ જોખમ હેઠળ છે, જેના કારણે કેપ ફેરેટ પેનિનસ્યુલા સહિતના કેટલાક વિસ્તારોને આગ ફરીથી ભડકવાના જોખમને કારણે હજી સુધી ખાલી જ રાખવામાં આવ્યા છે.

ફ્રાન્સમાં વાર વિસ્તાર સહિતના અન્ય સ્થળોએ લાગેલી જંગલની આગ અચાનક ફરીથી ભડકી ઉઠી હતી અને માત્ર થોડા જ કલાકોમાં ૧,૨૫૦ હેક્ટર વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી. આ આગને બુઝાવવા માટે ૧,૩૦૦થી વધુ અગ્નિશામક કર્મીઓ કામે લાગ્યા હતા, જ્યારે લગભગ ૨,૫૦૦ લોકોને પોતાના ઘર છોડીને અન્ય સુરક્ષિત સ્થળોએ આશ્રય લેવાની ફરજ પડી હતી.




ફ્રાન્સની સાથેસાથે ગ્રીસમાં પણ સ્થિતિ અત્યંત ગંભીર બની રહી છે. ગ્રીસમાં જોરદાર ફૂંકાતા પવનોને કારણે આગ વધુ ભડકી ઊઠી હતી, જેનાથી પોર્ટો જર્મેનોના તટીય રિઝોર્ટને બચાવવા માટે અગ્નિશામક કર્મીઓ, વિમાનો તેમજ હેલિકોપ્ટરોને ભારે સંઘર્ષ કરવો પડ્યો હતો. દરિયા માર્ગેથી લગભગ ૩૦૦ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા, જ્યારે દેશભરમાં અનેક ઘર બરબાદ થઈ ગયા છે અને અનેક સ્થળોએ ભારે નુકસાન થયું છે.

આ સમગ્ર સ્થિતિને લઈને વૈજ્ઞાનિકોએ ગંભીર ચેતવણી આપી છે કે વિશ્વમાં સૌથી ઝડપથી ગરમ થઈ રહેલા મહાદ્વીપ યુરોપે આગામી સમયમાં હજી વધુ જંગલની આગ અને વિનાશકારી મોસમનો સામનો કરવો પડી શકે છે. વધતું તાપમાન, દુષ્કાળ અને જોરદાર ફૂંકાતા પવનો આગને અત્યંત ઝડપથી ફેલાવવા માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડી રહ્યા છે, જેને પહોંચી વળવા માટે સ્થાનિક પ્રશાસન દ્વારા સતર્કતા વધારી દેવામાં આવી છે.

વિશ્વના અજોડ પર્વતારોહક નિમ્સનું અવસાન થયું

# નેપાળના સાહસિક પર્વતારોહક નિર્મલનું દુઃખદ અવસાન





(એજન્સી) નવી દિલ્હી । તા. 02

વિશ્વભરમાં પર્વતારોહણ માટે અત્યંત જાણીતા અને મૂળ નેપાળના મહાન પર્વતારોહક નિર્મલ પુરજાનું પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આવેલા વિશ્વના ૧૨માં સૌથી ઊંચા બ્રોડ પીક પર ચડતી વખતે અચાનક હિમસ્ખલન થવાથી દુઃખદ અવસાન થયું છે, જેના કારણે સમગ્ર ખેલ જગતમાં શોકની લહેર છવાઈ ગઈ છે. રવિવારે મળેલી સત્તાવાર માહિતી અનુસાર, છ વખત માઉન્ટ એવરેસ્ટ સર કરનાર અને 'નિમ્સ' તરીકે ખ્યાતિ પામેલા ૪૩ વર્ષીય નિર્મલ ૮૦૦૦ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા પહાડ પર ચડવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે આ કુદરતી આફતનો ભોગ બન્યા હતા.

મળતી માહિતી મુજબ, નિર્મલ પુરજા અને તેમની ટીમ બ્રોડ પીક પર અભિયાન ચલાવી રહી હતી તે દરમિયાન અચાનક હિમસ્ખલન ફાટી નીકળ્યું હતું. આ ભયાનક દુર્ઘટના બાદ તરત જ તેમની અને તેમની ટીમની શોધખોળ માટે રાહત અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં બાદમાં નિર્મલ પુરજા અને તેમના અન્ય સાથીઓના મૃતદેહ મળી આવ્યા હતા. ૨૦૦૩માં બ્રિટિશ સૈન્યની પ્રખ્યાત ગુરખા રેજિમેન્ટમાં જોડાયા બાદ નિવૃત્ત થયેલા નિર્મલે પોતાના સાહસ અને બહાદુરીના જોરે અનેક અશક્ય જણાતા પર્વતોને સર કરીને વિશ્વભરમાં ભારત અને નેપાળનું નામ રોશન કર્યું હતું.

મીડિયા અહેવાલો અને સ્રોતો દ્વારા પ્રાપ્ત થતી વિગતો અનુસાર, ૨૦૧૯માં તેમણે માત્ર ૧૮૯ દિવસના ટૂંકા ગાળામાં જ વિશ્વના તમામ ૧૪ સૌથી ઊંચા શિખરો સર કરીને એક અદભુત રેકોર્ડ સ્થાપ્યો હતો, જેના પર પાછળથી '૧૪ પીક્સ' નામની લોકપ્રિય ડોક્યુમેન્ટરી પણ બનાવવામાં આવી હતી. માઉન્ટ એવરેસ્ટ, મકાલુ અને લ્હોત્સે જેવા દુર્ગમ પહાડોને માત્ર ૪૮ કલાકમાં પાર કરીને તેમણે ઈતિહાસ રચ્યો હતો.

૧૯૮૩માં નેપાળના દાના ગામમાં જન્મેલા નિર્મલનો પરિવાર અગાઉથી જ સૈન્ય સેવા સાથે જોડાયેલો હતો. તેમણે ૨૦૧૨માં પર્વતારોહણની સફરની શરુઆત કરી હતી અને ટૂંકા સમયમાં જ વૈશ્વિક સ્તરે અદ્વિતીય સફળતા મેળવી હતી. તેમના દ્વારા યુવા પેઢીમાં પર્વતારોહણ પ્રત્યેનો ઉત્સાહ અને લગાવ ભારે માત્રામાં વધ્યો હતો. જો કે, આ દુર્ઘટના બાદ અનેક પ્રકારની ચર્ચાઓ પણ શરૂ થઈ છે, જેમાં ખાસ કરીને એ વાત સામે આવી છે કે થોડા દિવસો અગાઉ એટલે કે ૨૭મી તારીખે તેમણે પોતે જણાવ્યું હતું કે તેઓ બ્રોડ પીક પર ચડાઈ કરવા નથી માગતા, છતાં તેઓ તે દિશામાં કેમ આગળ વધ્યા તે એક રહસ્ય અને દુઃખદ વિષય બન્યો છે.

પર્વતારોહણ ક્ષેત્રના નિષ્ણાતોનું માનવું છે કે નિર્મલનું અચાનક ચાલ્યું જવું એ રમતગમત અને સાહસિક પ્રવૃત્તિઓ માટે ક્યારેય પૂરી ન થઈ શકે તેવી ખોટ સમાન છે. તેમનું જીવન અનેક યુવાનો માટે હંમેશા પ્રેરણારૂપ બની રહેશે, જેમણે ક્યારેય મુશ્કેલીઓથી હાર ન માનતા હંમેશાં નવી ઊંચાઈઓને સર કરવાનો સંકલ્પ કર્યો હતો. સ્થાનિક સ્તરે અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેમના નિધન પર શોક વ્યક્ત કરવામાં આવી રહ્યો છે અને તેમની સ્મૃતિને હંમેશાં યાદ રાખવામાં આવશે.

૨૦૦૩માં બ્રિટિશ સૈન્યમાં ગુરખા રેજિમેન્ટમાં જોડાયા બાદ નિર્વત થનારા નિર્મલ અનેક પહાડોને પાર કરીને રેકોર્ડ સ્થાપી ચુક્યા છે. ૪૩ વર્ષીય નિર્મલ વિશ્વના ૧૪ સૌથી ઉંચા પહાડો ચડી ચુક્યા છે. ૨૦૧૯માં તેમણે માત્ર ૧૮૯ દિવસમાં આ રેકોર્ડ સ્થાપ્યો હતો. જેના પર ૧૪ પીક્સ નામની ડોક્યુમેન્ટરી પણ બની ચુકી છે. ૧૯૮૩માં નેપાળના દાના ગામમાં જન્મેલા નિર્મલનો પરિવાર સૈન્યમાં સેવા આપી ચુક્યો હતો. ૨૦૧૨માં નિર્મલે પર્વતારોહણ શરૃ કર્યું હતું જે બાદ તેમણે છ વખત માઉન્ટ એવરેસ્ટ પહાડ ચડી બતાવ્યો હતો. યુવાનોમાં પર્વતારોહણને લઈને નવો ઉત્સાહ તેમણે જગાવ્યો હતો.

## ન્યૂઝ બ્રીફ

### ઈલોન મસ્કની સંપત્તિમાં ઘટાડો, સ્પેસએક્સ અને ટેસ્લાના શેરમાં નબળાઈ



ન્યૂયોર્ક | વૈશ્વિક સ્તરે ટેકનોલોજી અને વેપાર જગતમાંથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે, જેમાં વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કની નેટવર્થમાં અચાનક જંગી ઘટાડો નોંધાયો છે. બ્લૂમબર્ગ બિલિયોનર ઈન્ડેક્સના તાજેતરના આંકડાઓ મુજબ, તેમની કુલ સંપત્તિમાંથી ૬૦૦ અબજ ડોલર સાફ થઈ ગયા છે અને હવે તેમની નેટવર્થ ઘટીને ૬૮૪ અબજ ડોલર પર પહોંચી ગઈ છે. આટલા મોટા આર્થિક ફટકા છતાં પણ તેઓ વિશ્વના સર્વોચ્ચ ધનિક વ્યક્તિનું સ્થાન જાળવી રાખવામાં સફળ રહ્યા છે. આ અચાનક આવેલા કડાકા પાછળ તેમની પ્રમુખ કંપનીઓ સ્પેસએક્સ અને ટેસ્લાની નબળી બજાર કામગીરી મુખ્ય કારણ તરીકે સામે આવી રહી છે. થોડા સમય પહેલા જ ઈતિહાસના સૌથી મોટા આઈપીઓ દ્વારા મોટી રકમ એકત્રિત કરનાર સ્પેસએક્સનો શેર પોતાની ઉચ્ચ સપાટીથી ૪૬ ટકા જેટલો તૂટી ગયો છે. બજાર વિશ્લેષકોના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં કંપનીના શેરો પર વધુ દબાણ સર્જાઈ શકે છે કારણ કે ટૂંક સમયમાં જ કરોડો શેરોનો લોક-ઈન સમયગાળો પૂરો થવા જઈ રહ્યો છે, જેના કારણે બજારમાં શેરનો પુરવઠો ભારે માત્રામાં વધી જશે.

### અમેરિકાની સૈન્ય ક્ષમતા પર સવાલો ઉઠાવતા યુરોપના કમાન્ડરનો પત્ર



વૉશિંગ્ટન | વૈશ્વિક સ્તરે સૌથી શક્તિશાળી સેના હોવાનો દાવો કરનાર અમેરિકાની સૈન્ય ક્ષમતા અને ઉપલબ્ધ સંસાધનોને લઈને અત્યંત ગંભીર સવાલો ઊભા થયા છો મીડિયા અહેવાલ મુજબ, યુરોપમાં અમેરિકાના ટોચના સેના કમાન્ડર જનરલ એલેક્સસ ગ્રીંકેવિચે પેન્ટાગોનને એક ખાનગી પત્ર લખીને સખત ચેતવણી આપી છે કે હાલના મર્યાદિત સંસાધનો સાથે ઈઝરાયલની લાંબા સમય સુધી રક્ષા કરવી અત્યંત મુશ્કેલ બનતી જઈ રહી છો આ સંવેદનશીલ બાબત સામે આવ્યા બાદ અમેરિકી રક્ષણ વિભાગમાં હલચલ મચી ગઈ છે અને સૈન્ય તૈયારીઓ સામે મોટા પડકારો ઊભા થયા હોવાનું સ્પષ્ટ થઈ રહ્યું છે. જો અમેરિકી સેનાને વધારાની નૌકાદળની મદદ કે ડિસ્ટ્રોયર નહીં મળે, તો ભવિષ્યમાં અમેરિકાએ ઈઝરાયલની રક્ષા અને પોતાની સ્વયંની સુરક્ષા વચ્ચે કોઈ એકને પ્રાથમિકતા આપવી પડશો મિડિલ ઈસ્ટમાં ચાલી રહેલા લાંબા સંઘર્ષ અને ઈરાન સામેના તણાવને કારણે અમેરિકાના રક્ષણાત્મક શસ્ત્રો અને મિસાઈલ ઈન્ટરસેપ્ટર્સનો ભંડાર ઝડપથી ખાલી થઈ રહ્યો છે.

વિમાન ખેતીની જમીન પર ખાબકતા કરૂણ મૃત્યુ થયા

# પેરૂમાં ટૂરિસ્ટ પ્લેન ક્રેશથી તેર મુસાફરોના મોત, નાઝકા લાઈન્સ નિહાળવા જતી વેળાએ દુર્ઘટના ઘટી

(એજન્સી) નાઝકા । તા. 02

દક્ષિણ અમેરિકાના પેરુ દેશના નાઝકા શહેરમાં પ્રવાસીઓને લઈને જઈ રહેલું એક ટૂરિસ્ટ પ્લેન અચાનક રસ્તામાં આવેલી ખેતીની જમીન પર ખાબકીને ક્રેશ થઈ જતાં, તેમાં સવાર તમામ ૧૩ લોકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા છે. રવિવારે મળેલી સત્તાવાર માહિતી અનુસાર, ઈકા શહેર પરથી ઉડાન ભરેલું આ વિમાન વિશ્વપ્રસિદ્ધ 'નાઝકા લાઈન્સ' પ્રવાસીઓને હવાઈ માર્ગે દર્શાવવા માટે જઈ રહ્યું હતું, પરંતુ અચાનક સર્જાયેલી આ ગંભીર હોનારતના કારણે સમગ્ર પ્રવાસન જગતમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

મળતી માહિતી મુજબ, આ વિમાન પેરુની જાણીતી ખાનગી એવિએશન કંપની 'એરોડિયાના' દ્વારા સંચાલિત કરવામાં આવી રહ્યું હતું. આ કંપની છેલ્લા ૧૪ વર્ષથી સેસના ગ્રાન્ડ કારવાં વિમાનોના માધ્યમથી પ્રવાસીઓને નાઝકા લાઈન્સની રોમાંચક સફર કરાવતી હતી. પ્લેન ક્રેશ થવાની આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક નાગરિક ઉડ્ડયન પ્રાધિકરણ અને પ્રશાસન હરકતમાં આવી ગયું હતું. નાઝકા નગરપાલિકા દ્વારા આ દુર્ઘટનાની અધિકૃત પુષ્ટિ કરવામાં આવી છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ આ દુર્ઘટના અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

મીડિયા અહેવાલો અને સ્રોતો દ્વારા પ્રાપ્ત થતી વિગતો અનુસાર, નાઝકા લાઈન્સ એ પેરુના રણ વિસ્તારમાં પ્રાચીન મૂળ નિવાસીઓ દ્વારા બનાવવામાં આવેલી વિશાળકાય અને રહસ્યમય આકૃતિઓ છે, જેને જમીન પરથી સ્પષ્ટ જોઈ શકાતી નથી પરંતુ તેને માત્ર વિમાન કે ઊંચા ટાવર પરથી જ નિહાળી શકાય છે. આ જ હેતુસર પ્રવાસીઓ નિયમિતપણે આ હવાઈ સફરનો આનંદ લેવા માટે આવતા હોય છે.



આ દુર્ઘટના બાદ પેરુની સરકાર દ્વારા આ સમગ્ર મામલાની ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપી દેવામાં આવ્યા છે. પ્લેન કયા ટેકનિકલ કારણોસર અથવા કઈ પ્રતિકૂળ પરિસ્થિતિમાં ક્રેશ થયું તે અંગેની સાચી હકીકતો બહાર લાવવા માટે એક વિશેષ તકનીકી ટીમ તૈનાત કરવામાં આવી છે. હાલમાં સ્થાનિક તંત્ર દ્વારા મૃતકોની ઓળખ સુનિશ્ચિત કરવાની અને તેમના સ્વજનોનો સંપર્ક સાધવાની પ્રક્રિયા યુદ્ધના ધોરણે ચલાવવામાં આવી રહી છે.

આ અકસ્માત બાદ પ્રવાસીઓની સુરક્ષા અને હવાઈ મુસાફરીના ધોરણોને લઈને અનેક ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. નિષ્ણાતોનું માનવું છે કે આવી ઐતિહાસિક અને પ્રવાસન દ્રષ્ટિએ મહત્વપૂર્ણ જગ્યાઓ પર ચાલતી ઉડાનો માટે વધુ કડક સુરક્ષા માર્ગદર્શિકાઓનું પાલન કરવું અનિવાર્ય છે, જેથી ભવિષ્યમાં આ પ્રકારની દુર્ઘટનાઓનું પુનરાવર્તન અટકાવી શકાય અને પ્રવાસીઓની જિંદગી સુરક્ષિત રહી શકે.

### હાઈ લેવલ તપાસના આદેશ

ઘટના બાદ પેરૂના નાગરિક ઉડ્ડયન પ્રાધિકરણ દ્વારા આ અકસ્માત અંગે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપી દેવામાં આવ્યા છે. પ્લેન કયા કારણોસર અને કઈ પરિસ્થિતિમાં ક્રેશ થયું તે શોધવા માટે ખાસ ટીમ તૈનાત કરાઈ છે. હાલમાં સ્થાનિક તંત્ર મૃતકોની ઓળખ કરીને તેમના પરિવારજનોનો સંપર્ક કરવાની કવાયતમાં લાગેલું છે.

# સ્પેનના ઉત્તર આફ્રિકન શહેર સેઉટામાં ગેરકાયદે વસાહતીઓની ઘૂસણખોરી

(એજન્સી) મેડ્રિડ । તા. 02

સ્પેનના ઉત્તર આફ્રિકન શહેર સેઉટામાં અચાનક ઊભા થયેલા ગેરકાયદે વસાહતીઓની ઘૂસણખોરીના ભારે સંકટ પર સ્પેન સરકારે આખરે કાબૂ મેળવી લીધો છે અને શહેર પર ફરીથી પોતાનું નિયંત્રણ સ્થાપિત કરી દીધું છે. મીડિયા અહેવાલ મુજબ, આફ્રિકન દેશ મોરોક્કોની સરહદ પાર કરીને અંદાજે સાઠ હજારથી વધુ લોકોએ સેઉટામાં અચાનક ઘૂસણખોરી કરી હતી, જેના કારણે સમગ્ર શહેરમાં અરાજકતા અને હાહાકાર મચી ગયો હતો. જોકે, સ્થિતિ પર કાબૂ આવ્યા બાદ તેમાંથી અડતાલીસ હજાર જેટલા લોકો મોરોક્કો પાછા ફરી ગયા છે.

આ ગંભીર ઘટનામાં જમીન તેમજ સમુદ્રી માર્ગે ઘૂસણખોરીના પ્રયાસો દરમિયાન થયેલા સંઘર્ષ અને દુર્ઘટનાઓમાં કુલ મૃત્યુઆંક વધીને સિત્તેર પર પહોંચી ગયો છે, જેનાથી સમગ્ર યુરોપમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, માત્ર ચોર્યાસી હજારની કુલ વસ્તી ધરાવતા આ સ્પેનિશ શહેરમાં અચાનક હજારોની સંખ્યામાં ગેરકાયદે વસાહતીઓ ઘૂસી આવતા ભારે અવ્યવસ્થા સર્જાઈ હતી. ઘૂસણખોરોએ ફૂટપાથ, પાર્ક અને ખુલ્લા વિસ્તારોમાં જમાવડો કર્યો હતો તેમજ સ્થાનિક લોકો, પોલીસ અને સૈનિકો સાથે ઘર્ષણ પણ કર્યું હતું. સેંકડો ઘૂસણખોરો દુકાનો અને મોલમાં ઘૂસીને લૂંટફાટ મચાવી હતી અને અનેક વાહનોને આગ ચાંપી દીધી હતી.

સ્પેનના અધિકારીઓ દ્વારા જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો પોતાની મરજીથી પાછા ફર્યા છે, જ્યારે કેટલાક લોકોને પકડીને પરત મોકલાયા છે. તેમ છતાં, હજુ પણ હજારો લોકો ખુલ્લામાં રહેવા મજબૂર છે જેમાં અંદાજે સાત હજાર સગીરો અને બાળકો સામેલ છે.

# અમેરિકાના આઈડાહો રાજ્યમાં આવેલી બર્ગર રેસ્ટોરન્ટ પર અંધાધૂંધ ગોળીબાર, અંધાધૂંધ ગોળીબારમાં ત્રણના મોત

(એજન્સી) ટ્વિન ફોલ્સ । તા. 02

અમેરિકાના આઈડાહો રાજ્યના ટ્વિન ફોલ્સ શહેરમાં શનિવારે બપોરે એક જાણીતી બર્ગર રેસ્ટોરન્ટમાં અચાનક હુમલાખોરે અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દેતા શૂટર સહિત કુલ ત્રણ લોકોના મોત થયા છે અને બે વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થઈ છે. મીડિયા અહેવાલ મુજબ, આ નવું આઉટલેટ માત્ર એક અઠવાડિયા પહેલા જ શરૂ કરવામાં આવ્યું હતું અને સપ્તાહના અંતે ગ્રાહકોની ભારે ભીડ જામી હતી ત્યારે આ લોહિયાળ ઘટના ઘટી હતી.

આ બનાવ બનતાની સાથે જ સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને નાસભાગ મચી ગઈ હતી. જીવ બચાવવા માટે ગ્રાહકો અને કર્મચારીઓ સુરક્ષિત સ્થળો તરફ દોડવા લાગ્યા હતા, જેના કારણે થોડા સમય માટે ભયનું વાતાવરણ સર્જાઈ ગયું હતું.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો



તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો અને સમગ્ર પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, શંકાસ્પદ હુમલાખોર પણ ઘટનાસ્થળ પાસેથી મૃત હાલતમાં મળી આવ્યો છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને પ્રશાસને રેસ્ટોરન્ટની આસપાસનો તમામ વિસ્તાર સંપૂર્ણપણે સીલ કરી દીધો છે તેમજ પેરીન બ્રિજને પણ તકેદારીના ભાગરૂપે બંધ કરી દેવામાં આવ્યો છે.

પ્રાપ્ત આંકડાઓ અને પોલીસ નિવેદન મુજબ, આ હુમલામાં બે ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

આ ઘટના શનિવારે બપોરના સુમારે બની હતી જ્યારે રેસ્ટોરન્ટમાં ગ્રાહકોની ભારે ભીડ હતી. અઠવાડિયા અગાઉ જ ખૂલેલા આ નવા આઉટલેટ પર વીકેન્ડના કારણે લોકો બર્ગર ખાવા માટે એકઠા થયા હતા. તે જ સમયે અચાનક ગોળીઓ છૂટવા લાગી હતી. પોલીસ ચીફ મેથ્યુ હિક્સે મીડિયા અહેવાલને માહિતી આપતા જણાવ્યું છે કે હુમલાખોર માર્યો ગયો છે અને હાલમાં સ્થાનિક નાગરિકો માટે કોઈ ખતરો નથી.

પોલીસ હાલમાં આ ગોળીબાર પાછળના મુખ્ય હેતુ અને હુમલાખોરની ઓળખ સુનિશ્ચિત કરવા માટે ઊંડાણપૂર્વક તપાસ ચલાવી રહી છે. આ ગંભીર ઘટનામાં અન્ય કોઈ વ્યક્તિ કે જૂથ સામેલ હતું કે કેમ, તે દિશામાં પણ ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી છે જેથી સમગ્ર સત્ય બહાર આવી શકે.

**સંશોધન** રશિયન વૈજ્ઞાનિકો દ્વારા સોના કરતાં પણ વધુ કિંમતી ખનીજની શોધ

# સોનાથી મોંઘું ખનીજ મળ્યું, રશિયન વૈજ્ઞાનિકોનો દાવો

(એજન્સી) મોસ્કો । તા. 02

રશિયન વૈજ્ઞાનિકોએ વૈશ્વિક સ્તરે ચોંકાવનારો દાવો કરતા સોના કરતાં પણ અનેક ગણી મોંઘી અને અતિ દુર્લભ ધાતુ શોધી કાઢી હોવાનું જણાવ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, રશિયાના કોલા ટાપુ પર આવેલી ખિબિની મૈસિફની કિરોવ્સ્કી ખાણમાં આ નવા અને રહસ્યમય ખનીજની સત્તાવાર ઓળખ કરવામાં આવી છે. આ નવી શોધથી વૈજ્ઞાનિક જગતમાં ભારે ઉત્સુકતા જાગી છે અને તેની કિંમત જાણીને સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા છે. આ અદ્ભુત શોધે ખનીજ સંશોધનના ક્ષેત્રમાં એક નવો અધ્યાય શરૂ કર્યો છે, કારણ કે અત્યાર સુધી મળેલા તત્વોમાં આ સૌથી વિશિષ્ટ માનવામાં આવી રહ્યું છે.

આ નવા ખનીજનું નામ કોલા એશક્રોફ્ટાઈન રાખવામાં આવ્યું છે. રશિયન સરકારના ઉચ્ચ શિક્ષણ અને વિજ્ઞાન મંત્રાલયના પ્રવક્તાએ મીડિયા અહેવાલને જણાવ્યું હતું કે આ ખડક પર ઉપલબ્ધ નવા ખનીજની માત્ર એક મિલીમીટર પાતળી પરતની કિંમત પણ



સરેરાશ એકસો પિસ્તાલીસ ડોલરથી વધુ છે, જે સોનાની બજાર કિંમત કરતા પણ ઘણી વધારે છે. આ કિંમતી ધાતુ માત્ર સુંદર પથ્થર નથી પરંતુ પૃથ્વીના ઉપલા સ્તરની સપાટીનું એક જીવંત કેમિકલ આર્કાઈવ છે. આંકડાકીય દ્રષ્ટિએ જોઈએ તો, અગાઉ આ પ્રકારના દુર્લભ ખનીજના ભંડાર માત્ર ગ્રીનલેન્ડ, કેનેડા અને ઈટાલી જેવા દેશોમાં જ જોવા મળ્યા હતા, પરંતુ રશિયામાં થયેલી આ તાજેતરની શોધે તેના વ્યાપને વધુ વિસ્તૃત કર્યો છે.

આ સંશોધનની પૃષ્ઠભૂમિ અંગે વાત કરીએ તો, વૈજ્ઞાનિકો લાંબા સમયથી જટિલ ખનીજ સંરચનાઓનો અભ્યાસ કરી રહ્યા હતા. આ નવા ખનીજની ક્રિસ્ટલ સંરચના વિજ્ઞાનની જાણકારીમાં ઉપલબ્ધ સૌથી જટિલ મિનરલ સંરચનાઓમાંની એક ગણવામાં આવે છે. તેના એક જ ક્રિસ્ટલમાં યટ્રિયમ, સિલિકોન, પોટેશિયમ, સોડિયમ અને મેંડલીબ ટેબલના અનેક તત્વો હાજર છે.

નિષ્ણાતોના મતે, આ ખનીજમાં કેલ્સિયમ, મેંગેનીઝ અને ફ્લોરિનનું પ્રમાણ પણ જોવા મળે છે. તેનો સોય જેટલો પાતળો અને રેશમીદાર ગુચ્છા જેવો દેખાવ તેને વધુ આકર્ષક બનાવે છે.

આ દુર્લભ ખનીજના અભ્યાસ માટે વૈજ્ઞાનિકોએ ખાસ અને આગવી પદ્ધતિઓની મદદ લેવી પડી છે કારણ કે તેની ક્રિસ્ટલ ગ્રીડની બનાવટ અત્યંત જટિલ છે. આ શોધથી ભવિષ્યમાં પૃથ્વીના ભૌગોલિક ઈતિહાસ અને ખનીજ સંસાધનો વિશે વધુ ઊંડી માહિતી મળી શકશે તેવી પૂરી આશા વ્યક્ત કરવામાં આવી

# અમેરિકા-ઈઝરાયલ સામે ઈરાનની ઓઈલ ઠેકાણા પર ચેતવણી

(એજન્સી) તેહરાન । તા. 02

મિડિલ ઈસ્ટમાં દિનપ્રતિદિન વધી રહેલા તણાવના માહોલ વચ્ચે હવે પરિસ્થિતિ વધુ ગંભીર બની રહી છે. અમેરિકા દ્વારા ઈરાની એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર નવા હુમલાઓની વિચારણા ચાલી રહી હોવાના અહેવાલો વચ્ચે ઈરાને ખૂબ જ આક્રમક વલણ અપનાવતા ભારે વળતા પ્રહાર કરવાની ખુલ્લી ચેતવણી આપી છે. મીડિયા અહેવાલ મુજબ, જો અમેરિકા કે ઈઝરાયલ દ્વારા ઈરાન પર કોઈ પણ પ્રકારનો સૈન્ય હુમલો કરવામાં આવશે તો ઈરાન મધ્ય પૂર્વના તમામ મુખ્ય ઓઈલ અને ગેસ ક્ષેત્રોને નિશાન બનાવીને સંપૂર્ણપણે તબાહ કરી દેશે.

આ ચેતવણીથી વૈશ્વિક સ્તરે ઊર્જા સુરક્ષા અને બજાર પર ગંભીર અસરો પડવાની શક્યતાઓ સેવાઈ રહી છે, જેના કારણે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં હલચલ મચી ગઈ છે. ઈરાનની સરકારી સમાચાર એજન્સીના રિપોર્ટમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જો અમેરિકા તરફથી કોઈ અવિચારી પગલું ભરવામાં આવશે તો તે માટે એક વ્યાપક અને આક્રમક યોજના તૈયાર કરવામાં આવી છે. ઈરાનના હુમલાના નિશાના પર મધ્ય પૂર્વના ઘણા મહત્વપૂર્ણ દેશો અને તેમના તેલ ક્ષેત્રો સામેલ છે. આ યોજના હેઠળ સાઉદી અરેબિયાના પ્રખ્યાત ઘાવર ઓઈલ ફીલ્ડ તેમજ અબકૈક અને ખુરાઈસ ફેસિલિટીઝને આવરી લેવામાં આવ્યા છે, જે વૈશ્વિક પુરવઠામાં મોટો હિસ્સો ધરાવે છે. આ ઉપરાંત યુએઈનું ઝાકુમ ઓઈલ ફીલ્ડ, કતારનું નોર્થ ફીલ્ડ, કુવૈતનું બુર્ગન ઓઈલ ફીલ્ડ અને ઈઝરાયલના લેવિયાથન તથા તમાર ગેસ ક્ષેત્રો પણ આ જોખમી યાદીમાં સામેલ છે. આ સમગ્ર વિવાદની પૃષ્ઠભૂમિ અંગે વાત કરીએ તો, અમેરિકન પ્રમુખ દ્વારા સંઘર્ષવિરામ વાટાઘાટોમાં તેહરાન પર પોતાની શરતો માનવા માટે દબાણ સતત વધારવામાં આવી રહ્યું છે.

# ભારતમાં ડ્રગ્સ સપ્લાય આતંકવાદી ષડયંત્રનો ભાગ

## PMએ કહ્યું- દુશ્મન દેશ યુવાનોને નશામાં ધકેલવા માગે છે; આપણે તેમનો પ્લાન નિષ્ફળ બનાવવો પડશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 02

પીએમ મોદીએ રવિવારે 'નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન' લોન્ચ કર્યું. તેમણે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પોતાના સંબોધનમાં કહ્યું કે ભારતમાં ડ્રગ્સનો સપ્લાય દુશ્મન દેશોના આતંકવાદી ષડયંત્રનો એક ભાગ છે.

પીએમએ કહ્યું- દુશ્મન દેશો ભારતીય યુવાનોને નશાના જાળમાં ધકેલવા માંગે છે. તેથી આ ષડયંત્રને મળીને નિષ્ફળ બનાવવું પડશે. વિકસિત ભારતનું લક્ષ્ય ત્યારે જ પૂરું થશે, જ્યારે દેશના યુવાનો શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ હોવા ઉપરાંત નશાથી પણ દૂર રહેશે.

તેમણે જણાવ્યું કે આગામી 100 અઠવાડિયા સુધી દર રવિવારે કલા, સંસ્કૃતિ, રમતગમત અને અન્ય પ્રવૃત્તિઓ દ્વારા નશા મુક્તિનો સંદેશ દેશભરમાં પહોંચાડવામાં આવશે. પીએમએ યુવાનોને આ અભિયાનનું નેતૃત્વ કરવા અને 2047 સુધીમાં વિકસિત ભારત બનાવવામાં પોતાની ભૂમિકા ભજવવા આહ્વાન કર્યું.

વડાપ્રધાન મોદીએ કહ્યું- વિકસિત ભારતનું લક્ષ્ય ત્યારે જ પૂર્ણ થશે જ્યારે દેશના યુવાનો શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ હોવા ઉપરાંત નશાથી પણ દૂર રહેશે. તેમણે કહ્યું કે ડ્રગ્સ થોડા સમય માટે હાઈ આપે છે, પરંતુ કારકિર્દી અને પારિવારિક જીવનને લો કરી દે છે. નશાની લત યુવાનોનું ધ્યાન ભટકાવે છે અને તેમને ધીમે ધીમે તેમના સપનાથી દૂર લઈ જાય છે.

મોદીએ કહ્યું કે કાશીથી પાયલોટ પ્રોજેક્ટ તરીકે શરૂ થયેલું આ અભિયાન હવે રાષ્ટ્રીય જનઆંદોલન બની ગયું છે. તેમાં 125 થી વધુ આધ્યાત્મિક સંગઠનો, સામાજિક સંસ્થાઓ અને એનજીઓ જોડાયા છે.

**આ કાર્યક્રમનો હેતુ યુવાનોને નશાથી દૂર રહેવા પ્રેરિત કરવાનો અને તેમને પોતાના સમાજમાં પરિવર્તન લાવવા માટે આગળ વધારવાનો છે. આ અભિયાન આગામી 100 અઠવાડિયા સુધી ચાલશે. આ અંતર્ગત દર રવિવારે દેશભરમાં અલગ-અલગ કાર્યક્રમો યોજાશે, જેના દ્વારા લોકોને નશાના નુકસાન જણાવવામાં આવશે અને નશામુક્ત ભારતનો સંદેશ આપવામાં આવશે.**



**પીએમ નરેન્દ્ર મોદીનું 'નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન' સવારે 11 વાગ્યાથી શરૂ થયું. આ કાર્યક્રમ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા દેશભરના 28 હજારથી વધુ સ્થળોએ એકસાથે આયોજિત કરવામાં આવ્યો છે. આ અભિયાન 125 થી વધુ આધ્યાત્મિક સંગઠનોના સહયોગથી આયોજિત કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત શાળા, કોલેજ, યુનિવર્સિટી, સામાજિક સંસ્થાઓ અને ઉદ્યોગ સંગઠનો પણ આ અભિયાન સાથે જોડાયેલા છે. સરકાર ઈચ્છે છે કે આ અભિયાનમાં શાળા, કોલેજ, યુવા સંગઠનો, સામાજિક સંસ્થાઓ, ઉદ્યોગ સંગઠનો અને આધ્યાત્મિક સંસ્થાઓ મળીને કામ કરે. ઉદ્દેશ્ય છે કે વધુને વધુ લોકો આ ઝુંબેશ સાથે જોડાય અને નશા વિરુદ્ધ તેને જન આંદોલન બનાવવામાં આવે.**

### PMના ભાષણની 5 મોટી વાતો...

**1. નશો સપના અને પરિવાર બંનેને તોડી નાખે છે :** PM મોદીએ કહ્યું કે નશો યુવાનોનું ધ્યાન ભટકાવીને તેમને ધીમે ધીમે તેમના સપનાથી દૂર લઈ જાય છે. આજે ભારતના યુવાનો સ્ટાર્ટઅપ, AI અને સ્પેસ જેવા ક્ષેત્રોમાં દુનિયાનું નેતૃત્વ કરી રહ્યા છે, પરંતુ જો કોઈ યુવાન ડ્રગ્સની પકડમાં આવી જાય તો માત્ર તેનું સપનું જ નહીં, આખો પરિવાર હારી જાય છે. નશો એક પિતાના સપના અને બહેનની આશાઓને પણ તોડી નાખે છે.

**2. દુશ્મન દેશ ડ્રગ્સ દ્વારા યુવાનોને નિશાન બનાવી રહ્યા છે :** વડાપ્રધાને કહ્યું કે નશો માત્ર વ્યક્તિને જ નહીં, પરંતુ રાષ્ટ્રની તાકાતને પણ નબળો પાડે છે. દુશ્મન દેશો ભારતીય યુવાનોને ડ્રગ્સના જાળમાં ફસાવવાનું ષડયંત્ર રચે છે. સરકાર નશાના વેપારીઓ અને તસ્કરો સામે સતત કડક કાર્યવાહી કરી રહી છે.

**3. ડ્રગ્સ થોડા સમયનો હાઈ, પરંતુ આજીવન નુકસાન :** PM મોદીએ કહ્યું કે ડ્રગ્સ થોડા સમય માટે હાઈ આપે છે, પરંતુ કારકિર્દી અને પારિવારિક જીવનને બરબાદ કરી દે છે. તેમણે કહ્યું કે આપણા સંતો અને ગુરુઓએ પણ નશાથી દૂર રહેવાની શીખ આપી છે. શ્રી ગુરુ ગ્રંથ સાહિબનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે જે નશો માણસની બુદ્ધિ અને વિવેક છીનવી લે, તે તેને પતન તરફ લઈ જાય છે.

**4. નશામાંથી બહાર આવેલા યુવાનોને બીજી તક મળવી જોઈએ :** વડાપ્રધાને કહ્યું કે જે યુવાનો નશાની લત સામે લડીને બહાર આવે છે, તેઓ નબળા નહીં પણ સાચા યોદ્ધા છે. સમાજે તેમનું સન્માન કરવું જોઈએ, તેમને અપનાવવા જોઈએ અને બીજી તક આપવી જોઈએ. કોઈ વ્યક્તિનો ભૂતકાળ તેની ઓળખ નથી હોતો, પરંતુ મુશ્કેલીઓમાંથી બહાર આવવાની તેની હિંમત તેની સાચી ઓળખ હોય છે.

**5. ડ્રગ્સ માફિયા પર કાર્યવાહી અનેક ગણી વધી :** પીએમ મોદીએ કહ્યું કે દેશમાં નશાના કારોબારીઓ અને તસ્કરો વિરુદ્ધ સતત કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. મોટા પ્રમાણમાં ડ્રગ્સ જપ્ત કરવામાં આવી રહી છે અને કાર્યવાહી પહેલા કરતા અનેક ગણી વધી છે. તેમણે કહ્યું કે આ સરકારની નશા વિરુદ્ધ ઝીરો ટોલરન્સ નીતિનો પુરાવો છે.

# જંતર-મંતર પર CJPના પ્રદર્શનમાં જૈશ-એ-મોહમ્મદના કાવતરાનો પર્દાફાશ

## આતંકી પોલીસની વર્દી પહેરીને ઘૂસવાનો હતો, STFએ તેની ગર્લફ્રેન્ડની પણ ધરપકડ કરી

(એજન્સી) પશ્ચિમ બંગાળ । તા. 02

પશ્ચિમ બંગાળ STF એ દાવો કર્યો છે કે બર્ધમાન જિલ્લામાંથી ધરપકડ કરાયેલા શંકાસ્પદ જૈશ-એ-મોહમ્મદ ઓપરેટિવ હમીમ મંડળે દિલ્હીના જંતર-મંતર વિરોધ પ્રદર્શનમાં તોડફોડ કરવાનું કાવતરું ઘડ્યું હતું. STF અનુસાર, પાકિસ્તાનમાં બેઠેલા હેન્ડલર્સે હમીમને CJP ના વિદ્યાર્થી પ્રદર્શનમાં પોલીસની વર્દી પહેરીને ઘૂસવા અને ત્યાં અશાંતિ ફેલાવવાનો નિર્દેશ આપ્યો હતો.

STF ના IG ગૌરવ શર્મા અનુસાર, હમીમને બંગાળના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીની ગતિવિધિઓ પર નજર રાખવા અને તેમની સુરક્ષા સંબંધિત માહિતી એકત્રિત કરવાનું કામ પણ સોંપવામાં આવ્યું હતું. હમીમની બે દિવસ પહેલાં પૂર્વ બર્ધમાનથી ધરપકડ કરવામાં આવી હતી.

અદાલતે તેને 14 દિવસની STF કસ્ટડીમાં મોકલી આપ્યો છે. STF એ હમીમની ગર્લફ્રેન્ડ અર્પિતા સરકારની પણ ઝારખંડથી ધરપકડ કરી છે. એજન્સીનો દાવો છે કે બંને પાકિસ્તાન સાથે સંકળાયેલા શાહજાદ ભટ્ટી ગેંગના ઈશારે કામ કરી રહ્યા હતા.



### બંગાળના CMની ગતિવિધિઓ પર નજર રાખી રહ્યો હતો

**STF મુજબ, 23 વર્ષનો હમીમ હાવડામાં કામ કરતો હતો. બંગાળ વિધાનસભા ચૂંટણી પહેલા તે બર્ધમાન ગયો હતો, જ્યાં તેણે એપાર્ટમેન્ટ ભાડે લીધું હતું. તપાસ એજન્સીઓની નજરથી બચવા માટે તે છેલ્લા બે-ત્રણ મહિનાથી છુપાયેલો હતો. હમીમ એક વર્ષ પહેલા સોશિયલ મીડિયા દ્વારા આતંકવાદી સંગઠનના તે મોડ્યુલ સાથે જોડાયો હતો, જેને ગેંગસ્ટર શહેઝાદ ભટ્ટી અને તેના સહયોગી અજમલ ગુજ્જર ચલાવતા હતા. હમીમને પાકિસ્તાની હેન્ડલર્સ દ્વારા CMની ગતિવિધિઓ પર નજર રાખવાનું કામ સોંપવામાં આવ્યું હતું. તેને એવી જગ્યાઓ વિશે માહિતી એકઠી કરવા માટે કહેવામાં આવ્યું હતું જ્યાં મુખ્યમંત્રી સુરક્ષા વિના રહી શકે છે.**

### રાજ્ય મંત્રીના પુત્રને હની ટ્રેપમાં ફસાવી રહી હતી અર્પિતા

**હમીમ અને તેની ગર્લફ્રેન્ડ પર બંગાળના રાજ્ય મંત્રી ઉમેશ રાયના પુત્રને હનીટ્રેપ કરીને અપહરણ કરવા અને પરિવાર પાસેથી ખંડણી વસૂલવાની ષડયંત્ર રચવાનો પણ આરોપ છે. STF મુજબ, અર્પિતા ઘણા નેતાઓ અને અન્ય જાણીતા લોકો પાસેથી હનીટ્રેપ દ્વારા માહિતી એકઠી કરીને હમીમ સુધી પહોંચાડતી હતી. તેના વોટ્સએપ ચેટમાંથી પાકિસ્તાન સાથે જોડાયેલા સંપર્કોના સંકેત મળ્યા છે. STFના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે તપાસમાં જાણવા મળ્યું છે કે આ ષડયંત્ર પાકિસ્તાનના હેન્ડલર્સ દ્વારા રચવામાં આવ્યું હતું. દરેક આરોપીની ભૂમિકા, તેમાં કેટલા અન્ય લોકો સામેલ હતા, તેની તપાસ કરવામાં આવી રહી છે.**

# પ્રયાગરાજની NEETની વિદ્યાર્થિની પર ઈન્દોરમાં રેપ

## કોચિંગ જતી વખતે લઈ ગયો, 4 દિવસ સાથે રાખી; ઈન્સ્ટાગ્રામથી દોસ્તી થઈ હતી

(એજન્સી) પ્રયાગરાજ । તા. 02

17 વર્ષની વિદ્યાર્થિની સિવિલ લાઈન્સની એક કોચિંગમાં NEETની તૈયારી કરી રહી છે. દરરોજ ઈ-રિક્ષાથી કોચિંગ આવતી-જતી હતી. 16 જુલાઈએ પણ તે ઘરેથી કોચિંગ જવા નીકળી, પરંતુ સાંજ સુધી ઘરે પહોંચી નહીં. ઘરના સભ્યોએ છોકરીની શોધ કરી, પરંતુ તેની કોઈ જાણકારી મળી નહીં. 18 જુલાઈએ સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનમાં રિપોર્ટ નોંધાવવામાં આવ્યો. પોલીસે તપાસ શરૂ કરી. વિદ્યાર્થિનીના મોબાઈલની કોલ ડિટેલ કાઢવામાં આવી. તેનાથી જાણવા મળ્યું કે તે એક મોબાઈલ નંબર પર સતત વાત કરી રહી હતી. પોલીસે તે નંબરની ડિટેલ કાઢી. આ નંબર ઈન્દોરમાં એક ગેસ એજન્સી પર કામ કરતા શૈલ્વિન ફ્રાન્સિસનો નીકળ્યો. જાણવા મળ્યું કે શૈલ્વિન મૂળ રૂપે જબલપુરનો રહેવાસી છે. હાલ ઈન્દોરમાં રહે છે. પોલીસે ફોન પર શૈલ્વિન ફ્રાન્સિસનો સંપર્ક કર્યો. શરૂઆતમાં તેણે વિદ્યાર્થિની વિશે કોઈ પણ પ્રકારની જાણકારી હોવાનો ઈનકાર કર્યો. પરંતુ જ્યારે પોલીસે સતત તેની લોકેશન ટ્રેસ કરતી રહી અને દબાણ વધ્યું, ત્યારે



તે ગભરાઈ ગયો. ત્યારબાદ 20 જુલાઈએ તે વિદ્યાર્થિનીને પ્રયાગરાજ લાવીને છોડી ગયો. ત્યારબાદ વિદ્યાર્થિની ઘરે પહોંચી. ઘરવાળાઓ તેને પોલીસ સ્ટેશન લઈ ગયા. ત્યારબાદ 22 જુલાઈએ કોર્ટે છોકરીનું નિવેદન નોંધ્યું. ત્યારબાદ વિદ્યાર્થિની ઘરે પહોંચી. પરિવારજનો તેને લઈને પોલીસ સ્ટેશન પહોંચ્યા, જ્યાં પોલીસે તેની પૂછપરછ કરી. 22 જુલાઈએ વિદ્યાર્થિનીનું મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદન નોંધવામાં આવ્યું. વિદ્યાર્થિનીએ જણાવ્યું કે લગભગ 4 મહિના પહેલા તેની શૈલ્વિન ફ્રાન્સિસ સાથે ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા થઈ હતી. શૈલ્વિને પોતાને કોલ સેન્ટરમાં કામ કરનાર જણાવ્યું હતું, જ્યારે તે ખરેખરમાં એક ગેસ એજન્સીમાં નોકરી કરતો હતો. મિત્રતા દરમિયાન તે ઘણી વાર પ્રયાગરાજ આવીને તેને મળ્યો.

# તમિલનાડુના એક્ટર ધનુષના રાજકારણમાં પ્રવેશની અટકળો તેજ

## CM વિજયના જ્યોતિષીએ કહ્યું- 2031માં વિજય અને ધનુષ વચ્ચે મુકાબલો થશે

(એજન્સી) તમિલનાડુ । તા. 02

તમિલનાડુના રાજકારણમાં અભિનેતા ધનુષની એન્ટ્રીની અટકળો તેજ બની રહી છે. સીએમ વિજયના જ્યોતિષી રિકી રાધન પંડિત વેત્રિવેલનો દાવો છે કે 2031ની ચૂંટણીમાં વિજય અને ધનુષ વચ્ચે સીધી ટક્કર શક્ય છે. ધનુષે હજુ સુધી રાજકારણ પર કંઈ કહ્યું નથી. પરંતુ, તાજેતરમાં એક ફિલ્મી કાર્યક્રમમાં તેણે હજારો ચાહકોને કહ્યું કે - આ એકતા માત્ર ફિલ્મી કાર્યક્રમો પૂરતી ન રહે. પોતાના વિસ્તારોમાં જનસેવા કરો. ધનુષે પોતાના 43મા જન્મદિવસ પર ગરીબોને મફત ઓટો રિક્ષા આપ્યા. લગભગ 30 લોકોને રોજગાર માટે આર્થિક મદદ કરી. ધનુષના નજીકના સૂત્રો જણાવે છે કે તે રાજ્યના પ્રવાસની યોજના બનાવી રહ્યા છે. ત્યાં ચાહકોને મળશે. જનકલ્યાણના કાર્યો દ્વારા લોકો સાથે જોડાશે.

### MGRએ કલાકારોને રાજકારણમાં આવવા માટે પ્રેરણા આપી

**વિશ્લેષક આર. રંગરાજ કહે છે કે એક સમયે MGR એ ફિલ્મ સ્ટાર્સની આખી પેઢીને રાજકારણમાં આવવા માટે પ્રેરણા આપી હતી. હવે વિજયે પોતાની લોકપ્રિયતાને રાજકીય તાકતમાં બદલી છે. આવી સ્થિતિમાં, આશ્ચર્ય નહીં થાય જો ભવિષ્યમાં ધનુષ, સૂર્યા અને વિશાલ જેવા અભિનેતાઓ પણ સીએમ પદની રેસમાં દેખાય. આનાથી DMK-ADMK હાંસિયામાં ધકેલાઈ શકે છે.**

**ધનુષના ફેન ક્લબે એક ધ્વજ બહાર પાડ્યો છે. તેમાં સફેદ અને લાલ સ્ટાર અને વચ્ચે ધનુષની તસવીર છે. જોકે, ફેન્સ ક્લબના અધ્યક્ષ સુબ્રમણ્યમ શિવા કહે છે કે તેઓ 15 વર્ષથી આ ધ્વજનો ઉપયોગ કરી રહ્યા છે. પરંતુ, નિષ્ણાતો માને છે કે વિજયની જેમ જ સંગઠિત ફેન ક્લબ અને સામાજિક કલ્યાણના કાર્યો રણનીતિનો જ એક ભાગ છે.**



# PAK આતંકવાદીઓની હિટ લિસ્ટમાં બંગાળ CM સુવેન્દુ અધિકારી

પશ્ચિમ બંગાળ : પશ્ચિમ બંગાળની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) એ એક મોટા આતંકી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. પોલીસે બે શંકાસ્પદોની અટકાયત કરી છે. STFનો દાવો છે કે, આ ગેંગના તાર સીધા પાકિસ્તાનમાં બેઠેલા આતંકવાદીઓ સાથે જોડાયેલા હતા. આ મામલે સૌથી ચોંકાવનારો ખુલાસો એ થયો છે કે, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી પણ આ આતંકવાદીઓના નિશાના પર હતા. પશ્ચિમ બંગાળ STFના IG ગૌરવ શર્માએ પત્રકાર પરિષદમાં માહિતી આપતાં જણાવ્યું કે, આ મામલે હમીમ મંડલ (રહેવાસી બર્ધમાન) અને અર્પિતા સરકાર (રહેવાસી સાહેબગંજ, ઝારખંડ)ની અટકાયત કરવામાં આવી છે.મામલાની શરૂઆત હાવડાના એક વરિષ્ઠ મંત્રીને મળેલી ખંડણીની ધમકી અને તેમના પુત્રના અપહરણના કાવતરાથી થઈ હતી. શંકાસ્પદ સોશિયલ મીડિયા હેન્ડલની તપાસ કરતાં હમીમ મંડલનું નામ સામે આવ્યું હતું. તેના ડિજિટલ ફૂટપ્રિન્ટ્સ અને વૉટ્સએપ-ટેલિગ્રામ ચેટ્સ તપાસતા માલૂમ પડ્યું કે, તે પાકિસ્તાનથી સંચાલિત થતા શંકાસ્પદ હેન્ડલ્સ જેવાં કે 'રાણા', 'આબિદ જટ્ટી', 'ઉઝૈર' અને 'હાદી' સાથે સતત સંપર્કમાં હતો.

STF પ્રમુખના જણાવ્યા મુજબ, પાકિસ્તાનમાં બેઠેલા હેન્ડલર્સ હમીમ મંડલને મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીના આવવા-જવાના રસ્તાઓ, તેમના કાફલા અને સુરક્ષાની સમીક્ષા પર નજર રાખવા માટે સૂચના આપી રહ્યા હતા. આ ઉપરાંત, નવી દિલ્હીના જંતર-મંતર પર ચાલી રહેલા વિદ્યાર્થીઓના પ્રદર્શન દરમિયાન ગડબડ ફેલાવવાની જવાબદારી પણ, આ શંકાસ્પદોને આપવામાં આવી હતી.

# હિમાચલના મંડીમાં ભૂકંપના આંચકા

## રિક્ટર સ્કેલ પર 3.1 તીવ્રતા; લોકો ગભરાઈને ઘરોમાંથી બહાર નીકળી ગયા

(એજન્સી) હિમાચલ । તા. 02

હિમાચલના મંડીમાં રવિવારે સવારે ભૂકંપના હળવા આંચકા અનુભવાયા. સવારે 9:13 વાગ્યે આવેલા આ આંચકાઓની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 3.1 નોંધાઈ. જોકે, આ ઘટનામાં જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી. ભૂકંપનું કેન્દ્ર મંડીમાં ધરતીથી લગભગ 8 કિલોમીટરની ઊંડાઈએ આવેલું હતું. આંચકા અનુભવાતા જ લોકો સાવચેતીના ભાગરૂપે પોતાના ઘરો અને ઈમારતોમાંથી બહાર નીકળીને ખુલ્લી જગ્યાઓ પર આવી ગયા. રવિવારનો દિવસ હોવાને કારણે ઘણા લોકો ઘરોમાં આરામ કરી રહ્યા હતા, જેઓ કંપન અનુભવાતા જ તરત બહાર નીકળી આવ્યા. થોડીવાર સુરક્ષિત સ્થળોએ રોકાયા પછી પરિસ્થિતિ સામાન્ય થતાં લોકો પાછા પોતાના ઘરે પરત ફર્યા. નોંધનીય છે કે હિમાચલ પ્રદેશ ભૂકંપની દ્રષ્ટિએ દેશના સૌથી



સંવેદનશીલ રાજ્યોમાંનો એક છે. દેશને ભૂકંપના જોખમના આધારે પાંચ ઝોનમાં વહેંચવામાં આવ્યો છે. ઝોન-5 સૌથી વધુ સંવેદનશીલ છે, જેમાં ચંબા, કાંગડા, કિન્નૌર, લાહૌલ-સ્પીતિ અને સિમલાના કેટલાક ભાગોનો સમાવેશ થાય છે. મંડી, કુલ્લુ, બિલાસપુર, હમીરપુર, સોલન અને ઉના જેવા જિલ્લાઓ ઝોન-4 માં આવે છે, જ્યાં ભૂકંપનું જોખમ રહે છે. નિષ્ણાતોના મતે, રિક્ટર સ્કેલ પર 5.0 થી ઓછી તીવ્રતાવાળા ભૂકંપ સામાન્ય રીતે મોટા નુકસાનનું કારણ બનતા નથી. જોકે, 5.0 કે તેથી વધુ તીવ્રતાવાળા ભૂકંપમાં જાનમાલના નુકસાનની આશંકા વધી જાય છે. રિક્ટર સ્કેલનું દરેક આગલું સ્તર પાછલા સ્તરની સરખામણીમાં લગભગ 10 ગણું વધુ શક્તિશાળી હોય છે.

# ભારત દ્વારા શ્રીલંકાને અપાતી સહાય 7.5 મિલિયન ડોલર વટાવી ગઈ

કોલંબો : શ્રીલંકાના વિકાસ કાર્યો માટે ભારત તરફથી અપાતી સહાય ૭.૫ બિલિયન ડોલર વટાવી ગઇ છે. શ્રીલંકાના તમામ પચ્ચીશે પચ્ચીશ પ્રાંતોમાં આ સહાય પહોંચશે. ભારતના શ્રીલંકા સ્થિત હાઈ કમિશનર સંતોષ ઝાએ શ્રીલંકાના મઝદૂર અને વિદેશ રોજગારી વિભાગના મંત્રી, અનિલ જયન્થા ફર્નાન્ડોની ઉપસ્થિતિમાં (શનિવારે) પત્રકાર પરિષદમાં આજે આ માહિતી આપી હતી. તેઓએ આગળ કહ્યું હતું કે આ પૈકી ૮૫૦ મિલિયન ડૉલરની સહાય તો ગ્રાન્ટ તરીકે આપવામાં આવશે. જે શ્રીલંકાના ૨૫ પ્રાંતોમાં ભારતે હાથ ધરેલી વિવિધ પરિયોજનાઓ જેવી કે રેલવે, હાઉસિંગ, શિક્ષણ, આરોગ્ય, ઊર્જા ક્ષેત્ર અને જીવન ધોરણ ઉન્નતિ માટે અપાશે.

સંતોષ ઝાએ આ વિગતો તેઓના ૮ પ્લેટફોર્મ ઉપર પણ મૂકી હતી. આ પૂર્વે જુલાઈ ૨૧ના દિવસે સંતોષ જાએ કોલંબો પ્લાનનાં નવ નિયુક્ત સેક્રેટરી જનરલ ચૂલામણી ચર્ન સુવાન સાથે પણ મંત્રણા કરી હતી, અને તે પ્રાદેશિક જૂથને ભારતના પૂરેપૂરા ટેકાની ખાતરી આપી હતી.

આ કોલંબો પ્લાનની ૭૫મી જયંતિ નિમિત્તે સંતોષ ઝાએ ભારત તરફથી આ વચન આપ્યું હતું. આ કોલંબો પ્લાનમાં ૨૬ દેશો સભ્ય પદ છે. તેમાં સાઉથ સાઉથ કોઓપરેશન માનવ સંસાધન વિકાસ પારસ્પરિક સહકારના મુદ્દાઓ આવરી લેવાયા છે. આ એક ઈન્ટર ગવર્નમેન્ટલ બોડી છે. જેમાં સરકારો વચ્ચે સમજૂતીઓ સાધવામાં આવે છે. આ ઉપરાંત સંતોષ ઝા અને શ્રીલંકાના આરોગ્ય મંત્રી અનિલ જવસિંઘે વચ્ચે પણ થયેલા એમ.ઓ.યુ. પ્રમાણે શ્રીલંકાનાં દેનીયાયામાં એક વિશાળ હોસ્પિટલ બાંધવા અંગે પણ કરારો થયા હતા.

# કેરળમાં ભારે વરસાદથી ભૂસ્ખલન

નવી દિલ્હી : દક્ષિણ ભારતમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ સિસ્ટમની સક્રિયતાથી કેરળમાં ભારે વરસાદનો દોર ચાલુ છે. કેરળમાં શનિવારે વરસાદ અને ભૂ-સ્ખલન સંબંધિત વિવિધ દુર્ઘટનામાં કુલ છ લોકોનાં મોત નીપજ્યાં હતા. બીજીબાજુ જમ્મુ-કાશ્મીરના ચત્રૂમાં ફ્લેશ ફ્લડથી રહેણાંક ઈમારતો અને અનેક દુકાનોને ભારે નુકસાન થયું હતું. કેરળના કેટલાક ભાગમાં ભારે વરસાદના કારણે શનિવારે ભૂસ્ખલન થયા હતા, નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જેથી ઓથોરિટીએ તાત્કાલિક અસરગ્રસ્ત વિસ્તારોમાં વ્યાપક સ્તરે બચાવ અને લોકોને સલામત સ્થળે ખસેડવા અભિયાન શરૂ કર્યું હતું. મુખ્યમંત્રીની ઓફિસે જણાવ્યું કે, ઈડુક્કી અને કોટ્ટાયમ જિલ્લામાં ભૂસ્ખલનની અલગ અલગ દુર્ઘટનામાં ચાર લોકોનાં મોત નીપજ્યાં હતા જ્યારે અન્ય કેટલાકને બચાવી લેવાયા હતા.

# લોકોનો અવાજ દબાવવા તમામ કાયદાનો ઉપયોગ થઇ રહ્યો છે : જસ્ટિસ એપી શાહ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ઉજ્જલ ભુયાને જજોની પસંદગી, ટ્રાન્સફર વગેરે નિર્ણયો લેતી કોલેજિયમની કામગીરી પર સવાલો ઉઠાવ્યા હતા. જ્યારે દિલ્હી હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ એપી શાહે દેશની વર્તમાન સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે એક્ટિવિસ્ટ અને અસહમત લોકોનો અવાજ દબાવવા માટે તમામ પ્રકારના કાયદાઓનો ઉપયોગ થઈ રહ્યો છે. જો દેશના યુવાનો કોઈ રાજનેતાનું રાજીનામુ માગે તો તેને લાકડીઓ ખાવી પડી રહી છે એટલુ જ નહીં તેની સાથે કેસ પણ કરી દેવાય છે. ગોવા હાઈકોર્ટ બાર એસોસિએશનની એક લેક્ચર સીરીઝમાં દિલ્હી હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ એપી શાહે આ ટિપ્પણી કરી હતી, તેમણે કહ્યું હતું કે બોલવાની સ્વતંત્રતા લોકશાહીના પાયા સાથે જોડાયેલી છે.

રાજકીય ચર્ચાથી લોકોને જાણકારી મળે છે, ટિકાઓનો સામનો કરવાનો સૌથી મોટો ઉપાય લોકો સાથે વાતચીત કરવાનો છે. લોકોના સવાલોનો જવાબ આપવાનો છે. પરંતુ લાગી રહ્યું છે કે આપણા દેશના સત્તાધીશો આ વાત ભુલી ગયા છે. દુ:ખદ બાબત છે કે આજે એક્ટિવિસ્ટ, અસહમતિ રાખનારા તેમજ રાજકીય કાર્ટૂનિસ્ટોને ચુપ કરાવવા કે પરેશાન કરવા અનેક પ્રકારના કાયદાઓનો ઉપયોગ કરાઈ રહ્યો છે. યુવાનો કોઈ નેતાનું રાજીનામુ માગે તો તેને લાઠીઓ પડી રહી છે. કેસો કરી દેવાય છે.

# 'નશા મુક્ત 'યુવા' ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન' હેઠળ NFSU, ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાયો







(એજન્સી) ગાંધીનગર । તા. 02

નશામુક્ત ભારતનાં સંકલ્પ સાથે રવિવારે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ સમગ્ર દેશમાં 'નશામુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન'નો શુભારંભ કરાવ્યો હતો. જેના ભાગરૂપે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી -NFSU, ગાંધીનગર ખાતે 'Gen-Z Against Addiction - નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન'ના રાજ્યકક્ષાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈને ગુજરાત સહિત સમગ્ર દેશના યુવાઓને નશા મુક્ત ભારત બનાવવા માટે પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું. રાજ્યમાં ગાંધીનગર ખાતે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે દેશને નશામુક્ત બનાવવાનાં સંકલ્પ માટે યુવાનો સાથે મનનીય સંવાદ કર્યો હતો અને યુવા પેઢીને વિકસિત ભારતનાં સંકલ્પ માટે નશામુક્ત ભારતનાં નિર્માણનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત યુવાનોએ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત સાથે પ્રાસંગિક પ્રશ્નો પુછી તેમનું માર્ગદર્શન મેળવ્યું હતું. સંવાદ દરમિયાન એક યુવાને સવાલ કરતા પુછ્યું કે, તમે રાષ્ટ્ર માટે જીવન સમર્પિત કર્યુ છે તો, યુવાનો માટે શું સંદેશ છે? આ પ્રશ્નનો રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે ખૂબ વિસ્તારથી અને ઉદાહરણ સાથે જવાબ આપતા જણાવ્યું હતું કે, 'ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 'નશા મુક્ત વિકસિત ભારત'નો સંકલ્પ કર્યો છે અને આ સંકલ્પને સાકાર કરવા માટે સતત કાર્યરત છે. આપણો દેશ વિકસિત બને સાથે-સાથે નશામુક્ત પણ હોવો જોઈએ. રાષ્ટ્રની સૌથી મોટી સંપતિ તેની યુવા પેઢી છે. આ યુવા પેઢી સંસ્કારી અને નશામુક્ત રહે તે માટે વડાપ્રધાનશ્રીએ જનઆંદોલન છેડ્યું છે. આપણને પણ એક નશો હોવો જોઈએ પણ એ નશો અલગ હોય. આપણને જળસંચય કરવાનો, પર્યાવરણ બચાવવાનો, વડીલોનો સત્કાર કરવાનો નશો હોવો જોઈએ. જે વ્યસને મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ, ભગતસિંહને અમર કર્યા તે પ્રકારનું રાષ્ટ્રહિત માટેનું વ્યસન આપણે કરવાનું છે.' અન્ય એક યુવાને રાજ્યપાલશ્રીને પ્રાકૃતિક ખેતીનાં તેમના અભિયાન વિશે સવાલ કરીને તેમાં યુવાનો જોડાવવા માટે તેમનું માર્ગદર્શન માંગ્યુ હતું. રાજ્યપાલશ્રીએ યુવાનનાં પ્રશ્નનાં જવાબમાં કહ્યું કે, હું દરેક જિલ્લાના અંતરિયાળ ગામોમાં ખેડૂતો વચ્ચે જઈને રાત્રિ રોકાણ કરું છું. દરેક ગામમાં પંચાયતની એક એકર પડતર જમીનમાં વડાપ્રધાનશ્રીના ' એક પેડ માં કે નામ' અભિયાન હેઠળ વૃક્ષારોપણ થાય તે માટે કાર્ય કરું છું. સ્થાનિક લોકો તે વૃક્ષો ઉછેરે તે માટે દરેક વૃક્ષને પરિવાર સાથે જોડું છું, એટલુ જ નહીં પણ આ વાવેલા વૃક્ષોની સંભાળ લેવાય છે કે નહીં તે જાણવા માટે દર મહિને તેના વીડિયો-ફોટો પણ મંગાવું છું. હું અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ પરિવારોનાં ઘરે ભોજન લઈને રાત્રે ગ્રામજનો સાથે સંવાદ કરું છું. આ સંવાદમાં શિક્ષણ, વ્યસનમુક્તિ, પ્રાકૃતિક ખેતીની વાત કરીને રાસાયણિક ખાતરથી ધરતી માતા,પર્યાવરણ અને આપણા સ્વાસ્થ્યને કેટલું નુકસાન થાય છે તે અંગે સંવાદ કરું છું. જેના પરિણામે ગુજરાતમાં અંદાજે ૮.૫ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે.' કાર્યક્રમમાં ઉપસ્થિત 'માય ભારત'ની સ્વયંસેવિકાએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલને સવાલ કર્યો હતો કે, રાજ્યનાં યુવાનોને નશા મુક્ત અભિયાનમાં જોડવા માટે આપના નેતૃત્વમાં કોઈ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે?મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે તેમના વિચારને આવકારતા કહ્યું કે, 'તમારો વિચાર સારો છે.યુવાધન નશામુક્ત બને અને વિકસિત ભારતનાં નિર્માણ માટે યુવા નશામુક્ત રહે તે માટેનું જનઆંદોલન કરવા માટે આપણે સૌ સંકલ્પબદ્ધ છીએ, પણ આ વિચારનાં કેન્દ્રમાં 'માય ભારત' એટલે પોતાનો વિચાર નહી પરંતુ પોતાના દેશનો વિચાર હોવો જોઈએ. મારું ભારત કેવું હોવું જોઈએ તે વિસ્તારપૂર્વક રાજ્યપાલશ્રીએ આપણને ઉદાહરણ સાથે સમજાવ્યું છે. આથી, માય ભારત માટે આપણે જે કરવું પડે તે બધા સાથે મળીને કરીશું. દેશવ્યાપી આ અભિયાનમાં ગુજરાત સહિત ૨૬ રાજ્યોના રાજ્યપાલશ્રી તેમજ ૧૧ રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ સહભાગી થયા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ યુવાનોને 'નશા મુક્ત યુવા - વિકસિત ભારત સંકલ્પ'ની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. આ ઉપરાંત 'નશા મુક્ત યુવા' વિષય પર આધારિત એક વિશેષ વીડિયો દર્શાવવામાં આવ્યો હતો અને યુવાનોમાં જાગૃતિ લાવવા માટે એક રસપ્રદ નુક્કડ નાટક રજૂ કરવામાં આવ્યું હતું. માય ભારતના સ્ટેટ ડાયરેક્ટર શ્રી સચીન શર્માએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત યુવા, વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા માટે ' My Bharat 'આજે દેશના અંદાજે ૨.૫ કરોડથી વધુ અને ગુજરાતના ૦૯ લાખથી વધુ યુવાનોને જોડીને આ દિશામાં કાર્ય કરી રહ્યું છે. 'નશા મુક્ત યુવા - વિકસિત ભારત સંકલ્પ અભિયાન'નો હેતુ યુવાનોમાં સકારાત્મક વિચારધારા, જવાબદારી અને રાષ્ટ્રસેવાની ભાવનાને વધુ વિકસાવવાનો છે, જેથી ૨૦૪૭ના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા સશક્ત યુવાનો તૈયાર થઈ શકે. આજે દેશભરમાં હજારો સ્થળોએ લાખો યુવાનો આ અભિયાન સાથે જોડાઈ રહ્યા છે. આ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રી મીરાબેન પટેલ, ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, ભાજપ શહેર પ્રમુખ શ્રી આશિષ દવે, NFSUના ચાન્સેલર ડૉ. જે.એમ.વ્યાસ, જિલ્લા કલેકટર શ્રી રવિન્દ્ર ખેતાલે, NFSUના કેમ્પસ ડાયરેક્ટર ડો. એસ.ઓ જૂનારે સહિત બહોળી સંખ્યામાં Gen-Z યુવાનો, શાળાઓ-કોલેજોના વિદ્યાર્થીઓ-યુવાઓ પ્રત્યક્ષ અને ઓનલાઈનના માધ્યમથી ઉત્સાહભર સહભાગી થયા હતા.

## અમદાવાદ મંડળે સામાખ્યાલી જંક્શન ખાતે 46 કલાકનું નોન-ઈન્ટરલોકિંગ (NI) કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું

પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે રેલવે અવસંરચના વિકાસની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરતાં સામાખ્યાલી જંક્શન ખાતે 46 કલાકનું નોન-ઈન્ટરલોકિંગ (NI) કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે.મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશે જણાવ્યું કે આ નોન-ઈન્ટરલોકિંગ કાર્ય સામાખ્યાલી-વોંધ-ભચાઉ સ્ટેશનો વચ્ચેના બે બ્લોક સેક્શનમાં ચૌહરીકરણ (Quadrupling) અને ઓટોમેટિક સિગ્નલિંગ પ્રોજેક્ટના કમિશનિંગ માટે કરવામાં આવ્યું છે. આ પડકારજનક અને અત્યંત મહત્વપૂર્ણ કાર્ય અમદાવાદ મંડળ તથા ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (DFC)ની ટીમો દ્વારા ઉત્તમ સંકલન, સચોટ આયોજન અને અથાગ પ્રયાસોથી નિર્ધારિત સમયમર્યાદામાં સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું. અવરોધ છતાં માલગાડીઓનું સરળ અને રેકોર્ડ સંચાલન, નોન-ઈન્ટરલોકિંગ બ્લોકની અસરને ન્યૂનતમ કરવા અને નેટવર્કની ગતિશીલતા જાળવી રાખવા માટે વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી હતી:અવરોધ દરમિયાન સંચાલન: 46 કલાકના NI કાર્ય દરમિયાન અવિરત માલવહન સુનિશ્ચિત કરતાં કુલ 162 ટ્રેનોનું સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યું.રેકોર્ડ લોંગ-હોલ ટ્રેન સંચાલન: NI કાર્ય શરૂ થવાના તુરંત પહેલાંના 04 દિવસમાં અમદાવાદ મંડળ દ્વારા કુલ 103 લોંગ-હોલ ટ્રેનો દોડાવવામાં આવી, જેમાં એક જ દિવસમાં 30 લોંગ-હોલ ટ્રેનોના સંચાલનનો નવો રેકોર્ડ પણ સામેલ છે.

## ભારતીય રેલવેએ ફરી નિભાવી જીવનરક્ષકની ભૂમિકા: વંદે ભારત એક્સપ્રેસ દ્વારા અંકલેશ્વરથી અમદાવાદ પહોંચાડવામાં આવ્યું જીવંત હૃદય

અમદાવાદ: ભારતીય રેલવેએ ફરી એકવાર માનવતાની સેવા અને જીવન બચાવવાની પોતાની પ્રતિબદ્ધતાને સાકાર કરતાં વંદે ભારત એક્સપ્રેસ દ્વારા જીવંત હૃદયના ઝડપી પરિવહનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આજે, 02 ઓગસ્ટ 2026ના રોજ ટ્રેન નંબર 20901 મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ દ્વારા અંકલેશ્વરથી અમદાવાદ સુધી જીવંત હૃદયનું સફળતાપૂર્વક પરિવહન કરવામાં આવ્યું.આ અવસરે પ્રથમ વખત અંકલેશ્વર રેલવે સ્ટેશન પર મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસને વિશેષ સ્ટોપેજ આપવામાં આવ્યું, જેના કારણે જીવંત હૃદયને સમયસર કોચ નંબર E-01માં સુરક્ષિત રીતે ચઢાવવામાં આવ્યું. આ જીવંત હૃદય અંકલેશ્વર સ્થિત શ્રીમતી જયાબેન મોદી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાંથી અમદાવાદ લાવવામાં આવ્યું.અમદાવાદ સ્ટેશનના પ્લેટફોર્મ નં. 1 પરથી રેલવેના વાણિજ્ય વિભાગના કર્મચારીઓ તેમજ આરપીએફ અને રાજ્ય પોલીસના સહયોગથી ગ્રીન કોરિડોર બનાવીને જીવંત હૃદયને અત્યંત ઓછા સમયમાં યુ.એન. મહેતા હોસ્પિટલ સુધી પહોંચાડવામાં આવ્યું.


## જન્મથી અન્નનળી ન હોવા છતાં બાળક હવે મોઢેથી ખોરાક લઈ શકશે: અમદાવાદ સિવિલમાં જટિલ ઓપરેશન સફળ

અમદાવાદ | અમદાવાદ સિવિલ હોસ્પિટલના બાળ સર્જરી વિભાગે તબીબી ક્ષેત્રે વધુ એક નોંધપાત્ર સિદ્ધિ હાસલ કરી છે. જ્યાં જન્મજાત અન્નનળી ન હોવાની - પ્યોર ઈસોફેજિયલ એટ્રેસિયા જેવી અત્યંત જટિલ ખામી ધરાવતા અઢી વર્ષના માસુમ બાળક પર અત્યાધુનિક 'ગેસ્ટ્રિક પુલ-અપ સર્જરી' સફળતાપૂર્વક પાર પાડી તેને નવું અને રોગમુક્ત જીવન આપ્યું છે. અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં રહેતા અને એગ્રો કંપનીમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા શૈલેષભાઈ પટેલના પુત્ર મંતવ્યનો જન્મ ૭ નવેમ્બર, ૨૦૨૩ના રોજ થયો હતો. મંતવ્ય 'પ્યોર ઈસોફેજિયલ એટ્રેસિયા' નામની ગંભીર જન્મજાત ખોડખાંપણ સાથે જન્મ્યો હતો. આ દુર્લભ સ્થિતિમાં બાળકની અન્નનળીના બંને છેડા એકબીજાથી અત્યંત દૂર હોવાથી તે પૂર્ણપણે વિકસિત થઈ શકતી નથી. પરિણામે, બાળક મોઢેથી ખોરાક કે દૂધ ગળવામાં અસમર્થ હતું. બાળકના જન્મના બીજા જ દિવસે તેનું જીવન બચાવવા માટે ઈસોફેગોસ્ટોમી (ગળાના ભાગેથી રસ્તો બનાવવો) અને ગેસ્ટ્રોસ્ટોમી (પેટ/હોજરીમાં ટ્યુબ મૂકવી) જેવી પ્રાથમિક સર્જરીઓ કરવામાં આવી હતી, જેના દ્વારા બાળકને નળી વડે પ્રવાહી આહાર આપવામાં આવતો હતો. ત્યારબાદ નિયમિત ફોલો-અપ અને યોગ્ય પોષણથી બાળકના વજન તેમજ શારીરિક વિકાસમાં સંતોષકારક સુધારો થતાં, ગત ૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ અન્નનળીના Esophageal Reconstruction માટેની અત્યંત જટિલ સર્જરીનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ભારે વરસાદના પગલે મોડી રાત્રે રેસ્ક્યુ ઓપરેશન









મોરબી જિલ્લાના હળવદ તાલુકાના જુના માલણીયાદ અને સુખપર ગામે ખેતરમાં ફસાયેલ 55 જેટલા બાળકો- ભાઈઓ -બહેનોનું મોડી રાત્રે NDRF, SDRF અને ગુજરાત પોલીસના જવાનો દ્વારા સફળતા પૂર્વક રેસ્ક્યુ કરીને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

## ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ ખાતે વૈશ્વિક મંચ પર ભારતનો દબદબો

### બોક્સિંગ સ્પર્ધામાં વિજેતા ભારતીય ખેલાડીઓને મેડલ અર્પણ કરતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી



(એજન્સી) ગાંધીનગર । તા. 02

સ્કોટલેન્ડના ગ્લાસગો ખાતે યોજાઈ રહેલી કોમનવેલ્થ ગેમ્સમાં ભારત અને ખાસ કરીને ગુજરાત માટે એક અત્યંત ગૌરવપૂર્ણ અને ઐતિહાસિક ક્ષણ સર્જાઈ છે. વૈશ્વિક કક્ષાની આ રમતગમત સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓએ બોક્સિંગમાં અદભુત દેખાવ કરીને અનેક મેડલો જીતી દેશનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું છે. આ ગૌરવશાળી અવસરે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ વૈશ્વિક મંચ પર ઉપસ્થિત રહી વિજેતા ભારતીય રમતવીરોને મેડલ પ્રદાન કરી સન્માનિત કર્યા હતા.ગ્લાસગો ખાતે યોજાયેલ મેડલ સેરેમનીમાં ભારતીય બોક્સરોને મેડલ એનાયત કરતી વખતે સમગ્ર સ્ટેડિયમમાં ભારત માતા કી જયના નારા ગુંજી ઉઠ્યા હતા. બોક્સિંગ ક્ષેત્રે ભારતીય ખેલાડીઓના આ શાનદાર પ્રદર્શન અને ઐતિહાસિક સિદ્ધિએ રમતગમત પ્રેમીઓમાં ભારે ઉત્સાહનો સંચાર કર્યો છે. ગઈકાલનો દિવસ ભારતીય સ્પોર્ટ્સના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થઈ ગયો છે.આ ગૌરવપૂર્ણ પ્રસંગે વાતચીત કરતા નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, 'આપણા ખેલાડીઓની આ સિદ્ધિ માત્ર મેડલ પૂરતી મર્યાદિત નથી, પરંતુ આપણા દેશના યુવાનોની મહેનત, સમર્પણ અને જુસ્સાનું પ્રતીક છે. આંતરરાષ્ટ્રીય મંચ પર આપણા ખેલાડીઓને મેડલ પહેરાવવાની અને રાષ્ટ્રધ્વજને ઉંચો લહેરાતો જોવાની ક્ષણ અત્યંત ગૌરવપૂર્ણ અને રોમાંચક છે.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...